વર્ષ : ૪૭ ❖ અંક : ૦૩
માર્ચ-૨૦૨૩

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

Retail Price Rs. 5/- Each



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
મો.નં. ૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય / એકાઉન્ટ્સ), ૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન / આવાસ)
Mail : mail@shrimadkoba.org, Web : www.shrimadkoba.org

# સંસ્થામાં યોજાયેલ 'સમકિત પર્વ શિબિર' વેળાની તસવીરો


પૂજ્ય બહેનશ્રી


ડૉ. વીરસાગર જૈન


બા.બ્ર. સુરેશજી


'રાજપદ્યામૃત' નું વિમોચન



શ્રી ધનરાજ ગઢવી - ભક્તિ સંગીત વેળાએ



સંસ્થામાં યોજાયેલ 'શ્રી કુંદકુંદાચાર્ય વિધાન-પૂજા' વેળાએ


આચાર્ય પદારોહણ વેળાએ (શ્રી ધર્મતીર્થ, ઔરંગાબાદ)


ચીતરી (રાજસ્થાન) માં પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ

-: પ્રેરક :-

શ્રદ્ધેયશ્રી આત્માનંદજી

-: તંત્રી - સંપાદક :-

શ્રી મિતેશ એ. શાહ

(મો) ૯૪૨૭૦૬૪૪૭૯

-: સ્વત્વાધિકારી :-

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન:૯૪૨૮૬૬૨૩૮૬

(કાર્યાલય/એકાઉન્ટ્સ)

૯૪૨૮૬૬૨૩૭૬

(રિસેપ્શન/આવાસ)

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220


# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્ગુરુપ્રસાદ............... શ્રીમદ્ રાજચંદ્રજી ...... ૫

(૨) પ્રકીર્ણ બોધ ............... પૂજ્યશ્રી આત્માનંદજી..... ૬

(૩) મેરી ભાવના-એક અનુચિંતન ........ પૂજ્ય બહેનશ્રી.....૮

(૪) સમ્યક્ તપ .............. બા.બ્ર. સુરેશજી ............ ૯

(૫) નિર્વિકાર સ્થિતિનું પ્રભાત! . પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ .. ૧૧

(૬) શ્રી પૂજ્યપાદ આચાર્ય ..... પ્રા. ચંદાબહેન પંચાલી ..... ૧૪

(૭) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર... ..શ્રી મહેન્દ્રભાઈ ખંધાર ... ૧૭

(૮) પરિણામનું અવલોકન ...... શ્રી રમેશભાઈ ખંધાર ..... ૨૨

(૯) જિનાગમ : આત્મસુધારણાનો ... શ્રી પારુલબેન ગાંધી ... ૨૭

(૧૦) બાળવિભાગ ........ શ્રી મિતેશભાઈ શાહ .......... ૩૨

(૧૧) ગુરુકુળ પ્રવેશ અંગેની જાહેરાત ....................... ૩૩

(૧૨) સમાજ-સંસ્થા દર્શન .............................. ૩૪



**વર્ષ : ૪૭ માર્ચ-૨૦૨૩ અંક-૦૩**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

**કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)**

**ફોન: ૯૪૨૮૬૬૨૩૮૬ (કાર્યાલય/એકાઉન્ટસ)**

**૯૪૨૮૬૬૨૩૭૬ (રિસેપ્શન/આવાસ)**

mail@shrimadkoba.org, www.shrimadkoba.org


**બેંકમાં સીધું દાન ભરવા માટેની વિગત**

**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

**BANK DETAILS FOR FOREIGN DONORS**

**IN FAVOUR OF :** SHREE SATSHRUT SEVA SADHANA KENDRA

**NAME of BANK :** STATE BANK OF INDIA

**BRANCH :** NEW DELHI, MAIN BRANCH 11, PARLIAMENT STREET-110001

**A/C NO. :** 40102524216 **IFSC CODE :** SBIN0000691

**SWIFT CODE :** SBININBB104

**INCOME TAX EXEMPTION UNDER SECTION (80G) 5 OF THE INCOME TAX ACT, 1961. VIDE NO. CIT / GNR / 80G / GNR89 / 2008-2009**

**INCOME TAX REGISTRATION U/S. 12AA. 041910192**

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ‘દિવ્યધ્વનિ’ દર મહિને પ્રગટ થાય છે.
- કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **‘શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા’**ના નામનો મોકલવો.
- સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**ગ્રાહકોને નમ્ર વિનંતી**

આપના હાલના મોબાઇલ નંબર તેમજ E-mail એડ્રેસ સંસ્થાને આપના ગ્રાહક નંબર સાથે રેકર્ડ અપડેશન માટે તુરત જ મોકલી આપવા વિનંતી.
**મો.નં.** ૯૪૨૮૬૬૨૩૭૬,
**વોટ્સએપ નં.** ૯૩૨૭૦૯૦૩૯૩

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

શાસનનાયક શ્રી મહાવીરપ્રભુએ ઉત્તરાધ્યયન સૂત્રમાં માનવભવને દસ દૃષ્ટાંતે દુર્લભ કહ્યો છે. આપ પ્રભુએ પણ મનુષ્યભવની એક એક ક્ષણને ચક્રવર્તીની સમસ્ત સંપત્તિ કરતાં પણ વધુ અમૂલ્ય ગણાવી છે. કાળચક્રમાં ભાગ્યે જ આવતો આ હુંડાવસર્પિણી કાળ-એમાં જન્મેલા અમે આપના સંતાનો ચોથા આરામાં પણ દુર્લભ એવા હે પરમપિતા ! આપનું શરણ પામ્યા છીએ, એ અમારું પરમ પરમ સદ્ભાગ્ય છે. આપે કહ્યું છે કે, “આત્મહિત અતિ દુર્લભ છે.” તેથી જીવનમાં અમારે અપ્રમત્તપણે હવે તેની ઉપાસના કરી લેવી જોઈએ એમ મનમાં નિશ્ચય કર્યો છે.

અનંતકાળ અંધકારમાં વિતાવ્યા પછી આપના જ્ઞાનકિરણોએ અમારા જીવનમાં પ્રકાશ ફેલાવવા માંડ્યો છે. તેથી હવે “જાગ્યા ત્યાંથી સવાર” એમ માની ત્વરાથી મનુષ્યજન્મને સફળ કરી લેવો જોઈએ એમ અમને લાગે છે. આપે કહ્યું છે કે, “ઓ દુષમકાળના દુર્ભાગી જીવો! ભૂતકાળની ભ્રમણાને છોડીને વર્તમાને વિદ્યમાન એવા મહાવીરને શરણે આવો એટલે તમારું શ્રેય જ છે.” હે પ્રભુ ! અમે તો આપના શરણે આવી જ ગયા છીએ અને ભવપર્યંત આપના શરણમાં જ રહેવાના છીએ.

હવે પછીથી આપને જે પ્રિય છે તે જ અમારે કરવું છે, આપની આજ્ઞાને અનુસરવું છે, સર્વ પ્રકારના ભયને ત્યજીને નિર્ભય બનવું છે. જગતની જંજાળ ત્યજીને અમારે શાંતિ અને સમાધિ પામવી છે. અમારા દિલમાં ઉભરાતા આપના પ્રત્યેના અહોભાવને વ્યક્ત કરવો છે. આપની ભક્તિના ઝરણાંથી અમારે કર્મમળ ધોવો છે. હે પ્રભુ ! વધુ શું કહીએ ?

“ઘણું કરવું છે, ઘણું કરવું છે,
કરવાનો કોઈ પાર નથી,
કૃપાળુ તમારી કૃપા વિના,
બીજો કોઇ આધાર નથી.”


ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક-૨૪૨

મુંબઈ, ચૈત્ર, ૧૯૪૭



તમારા કાગળ પ્રાપ્ત થયા છે. આ પત્ર આવવા વિષે સર્વથા ગંભીરતા રાખજો. તમે સૌ ધીરજ રાખજો અને નિર્ભય રહેજો. સુદૃઢ સ્વભાવથી આત્માર્થનું પ્રયત્ન કરવું. આત્મકલ્યાણ પ્રાપ્ત થવામાં ઘણું કરીને વારંવાર પ્રબળ પરિષહો આવવાનો સ્વભાવ છે, પણ જો તે પરિષહ શાંત ચિત્તથી વેદવામાં આવે છે, તો દીર્ઘ કાળે થઇ શકવા યોગ્ય એવું કલ્યાણ બહુ અલ્પ કાળમાં સાધ્ય થાય છે.

તમે સૌ એવા શુદ્ધ આચરણથી વર્તજો કે વિષમ દૃષ્ટિએ જોનાર માણસોમાંથી ઘણાને પોતાની તે દૃષ્ટિનો કાળ જતાં પશ્ચાત્તાપ કરવાનો વખત આવે.

નિરાશ ન થવું.

ઉપાશ્રયે જવાથી શાંતિ પસરાતી હોય તો તેમ કરવું. સાણંદ જવાથી અશાંતિ ઓછી થતી હોય તો તેમ કરવું. વંદન, નમસ્કાર કરતાં આજ્ઞાનો અતિક્રમ નથી. ઉપાશ્રયે જવાની વૃત્તિ થાય તો મનુષ્યનો બહુ સમુદાય હોય ત્યારે ન જવું, તેમ સર્વથા એકાંતમાં પણ ન જવું. માત્ર થોડાક યોગ્ય માણસો હોય ત્યારે જવું. અને જવું તો ક્રમે કરી જવાનું રાખવું, ક્વચિત્ ક્લેશ કરે તો સહન કરવો. જતાં જ પ્રથમથી બળવાન ક્લેશ કરવાની વૃત્તિ દેખાય તો કહેવું કે ''આવો ક્લેશ માત્ર વિષમ દૃષ્ટિવાળા માણસો ઉત્પન્ન કરાવે છે. અને જો તમે ધીરજ રાખશો તો અનુક્રમે તે કારણ તમને જણાઈ રહેશે. વગર કારણે નાના પ્રકારની કલ્પના ફેલાવવાનો જેને ભય ન હોય તેને આવી પ્રવૃત્તિ યોગ્ય છે. તમારે ક્રોધાતુર થવું યોગ્ય નથી. તેમ થવાથી ઘણા જીવોને માત્ર રાજીપો થશે. સંઘાડાની, ગચ્છની અને માર્ગની વગર કારણે અપકીર્તિ થવા પ્રત્યે તમારે ન જવું જોઇએ. અને જો શાંત રહેશો તો અનુક્રમે આ ક્લેશ સર્વથા શમી જશે. લોકો તે જ વાત કરતાં હોય તો તે તમારે નિવારવી યોગ્ય છે, ત્યાં તેને ઉત્પન્ન કરવા જેવું અથવા વધારવાં જેવું ન કથવું જોઇએ. પછી જેમ આપની ઈચ્છા.''

મુનિ લલ્લુજી પ્રત્યે તમે મારે માટે કહેલું છે તે વાત સિદ્ધ કરવા હું માગું છું એમ જણાવે તો જણાવવું કે ''તે મહાત્મા પુરુષ અને તમે ફરી મળો ત્યારે તે વાતનો યથાર્થ ખુલાસો મેળવી મારા પ્રત્યે ક્રોધાતુર થવું યોગ્ય લાગે તો તેમ કરશો. હાલ તમે તે વિષે યથાર્થ ખુલાસેથી શ્રવણ નહીં કર્યું હોય એમ જણાય છે.''

તમારા પ્રત્યે દ્વેષબુદ્ધિ કરવાનું મને કહ્યું નથી. તેમ તમારા માટે વિસંવાદ ફેલાવવાની વાત પણ કોઇને મોઢે મેં કરી નથી. આવેશમાં કિંચિત્ વચન નીકળ્યું હોય તો તેમ પણ નથી. માત્ર દ્વેષવાન જીવોની આ બધી ખટપટ છે.

તેમ છતાં જો તમે કંઇ આવેશ કરશો તો હું તો પામર છું એટલે શાંત રહ્યા સિવાય બીજો કોઈ મારો ઉપાય નથી, પણ આપને લોકોના પક્ષનું બળ છે, એમ ગણી જો આવેશ કરવા જશો તો થઇ શકશે. પણ તેથી આપને, અમને અને ઘણા જીવોને કર્મનો દીર્ઘબંધ થશે; સિવાય બીજું ફળ નહીં આવે અને અન્ય લોકો રાજી થશે. માટે શાંત દૃષ્ટિ રાખવી યોગ્ય છે.''


આવું કોઈ પ્રસંગે કહેવું ઘટે તો કહેવું. પણ તે કંઇક પ્રસન્નતામાં દેખાય ત્યારે કહેવું. અને કહેતાં તેની પ્રસન્નતા વધતી જતી હોય, અથવા અપ્રસન્નતા થતી ન દેખાતી હોય ત્યાં સુધી કહેવું.

બીજા ત્રીજા માણસો દ્વારા તે આડીઅવળી વાત ફેલાવે અથવા બીજા તેવી વાત લાવે તો કહેવું કે તમારા બધાનો કષાય કરવાનો હેતુ મારા

**(અનુસંધાન પાના નં. ૪૨ પર)**

# પ્રકીર્ણ બોધ

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



**(૧) મનની ચંચળતા :** ભગવાનનું ધ્યાન ધરતાં ચિત્ત ચોંટે નહિ, બહારના વિચારો આવે, તોપણ નિરાશ થયા વિના અભ્યાસ ચાલુ રાખવો. ચિંતન ને ધ્યાનનો અભ્યાસ કરનાર મોક્ષના અભિલાષી ઘણાયે મહાત્માઓને આ વિઘ્ન નડ્યા વિના રહ્યું નથી. તે વિઘ્ન મનની ચંચળતા છે. કુંથુજિન સ્તવનની છેલ્લી ગાથામાં શ્રી આનંદઘનજીએ ગાયું છે કે પ્રભુ, આપે તો મનને વશ કર્યું છે તે વાત હું આગમથી જાણી શક્યો છું, તો આનંદના સાગર હે પ્રભુ ! મારું મન વશ કરાવી આપો તો એ વાત મારા અનુભવથી 'સાચી છે' એમ માની શકું.

**(૨) સત્ય :** ધર્મ, નીતિ, રાજ્ય અને વ્યવહાર સત્ય વડે ચાલે. સત્ય એ સૃષ્ટિનું ધારણ છે. 'સત્યમેવ જયતે' આપણી રાષ્ટ્રમુદ્રામાં અંકિત કરેલ છે, તેની યથાર્થતા રાજ્યકર્તાઓએ અને લોકોએ સમજવી જોઈએ. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ પોતાની આત્મકથાનું નામ 'સત્યના પ્રયોગો' રાખેલ. સત્યથી દુનિયામાં મહત્તા મળે, આત્મજ્ઞાન પ્રગટે, સત્યને જીવનમાં વિશિષ્ટ સ્થાન આપવું.

**(૩) ગૃહસ્થાશ્રમ :** ગૃહસ્થ અવસ્થામાં ફરજ તરીકે જે કરવું પડે તે કરવું પરંતુ જીવનનું ધ્યેય ઘરનાં કામો કરવાં તે નથી. જેમ જેમ મુમુક્ષુપણું વધતું જાય તેમ તેમ ઘરનાં, દુકાનનાં કામોમાંથી રસ ઘટતો જાય. ગૃહસ્થધર્મમાં રહી આગળની સાધના બરાબર થશે નહિ, તે તો કાજળની કોટડી છે. તેમાં રહેનારને ડાઘ પડશે જ.

**(૪) પરિગ્રહ-મર્યાદા :** પૂર્વપુણ્યના ઉદયથી વધુ ધન આવી જાય તો તેનું આયોજનપૂર્વક સુપાત્રે દાન કરી નાખવું. પાંચ લાખ રૂપિયાથી વધુ ન રાખવાનો નિયમ કર્યો હોય અને તેનાથી વધુ ધન થઈ જાય તો તેનું દાન આપવું અને પાંચ લાખથી ક્રમે ક્રમે મર્યાદા કેમ ઘટાડવી તેનો ગંભીરતાથી વિચાર કરવો.

**(૫) પ્રભુ-ગુરુ દર્શન :** પરમાત્માનું દર્શન તે આત્મદર્શનની સીડી છે. પરમાત્માના સેવક, સંદેશવાહક આચાર્યો અને સત્પુરુષો છે. આવા સત્પુરુષો પાસે જે કોઈ સરળ અને પવિત્ર હૃદયે જાય તેને શાંતિનો અનુભવ થાય છે.

**(૬) સત્સંગ :** ભગવાન મહાવીરનો ઉપદેશેલો બોધ જો મગજમાં થઈ હૃદયમાં ઊતરે તો જ્ઞાન, આનંદની પ્રાપ્તિ થાય. સત્સંગનો આશ્રય કરે તો કલ્યાણ થાય. ફક્ત સત્સંગ તે તો બાહ્ય છે, તારી શ્રદ્ધા જ્ઞાનીપુરુષના બોધના અર્થમાં પરોવે તો કલ્યાણ થાય. જ્યાં અભ્યાસી સંત રહેતા હોય, જ્યાં શાંતિ હોય, પવિત્રતા હોય, ભક્તિ હોય અને સત્પુરુષનો બોધ હોય ત્યાં રહેવું તે ઉત્તમ સત્સંગનો યોગ છે.

**(૭) સત્સંગનું ફળ :** સંતના સમાગમથી તારા જીવનમાં બાહ્ય અને આંતરિક પરિવર્તન થવું જોઈએ. સત્સંગ કરે તેને જીવનમાં શાંતિ મળે. કોઈની નિંદા ન કરે, વ્યસનો છોડી દે, સદ્વાંચન અને સદાચારમાં આગળ વધે, કોઈ વસ્તુનો ભાર-ટૅન્શન ન રાખે. જે કંઈ જીવનમાં બને તે શાંતિથી સ્વીકારે, સહજપણે સ્વીકારે.

**(૮) નિર્ણય પર આવો :** મુમુક્ષુ નિર્ધાર કરે છે કે હવે પછી આ જીવનનાં જે વર્ષો બાકી રહ્યાં હોય તેમાં મારે આત્માને મધ્યમાં રાખી, જગતના પદાર્થોમાંથી પ્રેમ ઘટાડતા જવું છે. તન, મન, ધનની જે શક્તિઓ છે તે હવે સત્‌દેવ-ગુરુ-ધર્મ અને આત્માની આરાધનામાં લગાડવી છે. સમય, શક્તિ અને રુચિ હવે આત્મજ્ઞાન પામવા માટે જ વાપરવાં છે. જેવી ભાવના હોય તેવી સિદ્ધિ મળશે જ.

**(૯) જ્ઞાનીની ઓળખાણ :** આત્મજ્ઞાનની પ્રાપ્તિ ક્રમે કરીને થાય છે. જ્ઞાનીનું બધું જ્ઞાનમય હોય છે. અજ્ઞાનીનું બધું અજ્ઞાનમય હોય છે. જ્ઞાનીના સમાગમમાં આવો ત્યારે તેમના આત્માને વિશેષ નીરખો. આંખો આત્માનું પ્રતિબિંબ પાડે છે. જ્ઞાનીની આંખોમાં તેમનો આત્મા કથંચિત્ વ્યક્ત થાય છે.

તેમનો આત્મા દેખાય તો તમને તમારો આત્મા દેખાશે. મહાજ્ઞાનીની ઓળખાણથી આત્માની ઓળખાણ થાય છે. જેમ જેમ મુમુક્ષુતાથી ઊંચી શ્રેણી પ્રાપ્ત કરી હોય તેમ તેમ જ્ઞાનીની ઓળખાણ જલદીથી અને વિશેષ પ્રમાણમાં થાય.

(૧૦) **સાચું સુખ :** અત્યારે મનુષ્યો સુખ શોધવા હોટેલ, સિનેમા, રેડિયો, ટી.વી., વેશભૂષા, એરકન્ડિશન પ્રત્યે વળેલા છે. પરંતુ સર્વ સંતો અને શ્રીમદ્ રાજચંદ્રજી સત્યાર્થ પ્રકાશતાં કહે છે, "હે જીવ ! તું ભ્રમા મા. તને હિત કહું છું. અંતરમાં સુખ છે. બહાર શોધવાથી મળશે નહિ."

(૧૧) **કુમતિ અને સુમતિ :** જેણે મોક્ષ મેળવવો હોય તેણે બહુ ગણતરીબાજ થવું નહિ. વેપારી વૃત્તિવાળાને ધર્મ થવો કઠિન છે કારણ તે એડવાન્સમાં 'કમિશન' પૂછે છે ! ધર્મ તો સમર્પણતા છે, સોદો નથી. જડબુદ્ધિ છોડીને તત્ત્વબુદ્ધિ-પરમાર્થબુદ્ધિ વધારે રાખવી. આરંભ અને પરિગ્રહમાં જે બુદ્ધિ ચોંટેલી છે તેને વિપર્યાસબુદ્ધિ કે અવળચંડી બુદ્ધિ કહી છે. આને જાત્યાંતર કરે તો સુબુદ્ધિ થઈ જાય. પ્રજ્ઞા પ્રગટે અને માર્ગાનુસારી થવાય. જો જીવ એક સેકંડ પણ સાચી સમજણથી ધર્મ કરે તો તેને ધર્મનું ફળ મળ્યા વિના રહેતું નથી. જેવો ભાવ હોય તેવું ફળ મળે.

(૧૨) **જન્મ સાર્થક કોનો ? :** ભગવાને અને જ્ઞાનીપુરુષોએ સર્વ જીવને બોધ દીધો પરંતુ તેમાંથી ૯૯ ટકા તો 'ઠીક છે' કહી ચાલ્યા ગયા. તે જ જન્મ સાર્થક છે કે જે જન્મમાં આ જીવે જ્ઞાનીને ઓળખ્યા અને તેમનો આશ્રય કર્યો. ગુરુદેવની વાણી ન સમજાય તો ચાલ્યા જવું પરંતુ વિરોધ કરવો નહિ. કારણ કે તેથી તો તીવ્ર જ્ઞાનાવરણીય કર્મ બંધાય.

(૧૩) **મનુષ્યજન્મ :** હાડ, ચામ, માંસનું બનેલું આ અપવિત્ર શરીર પણ ભવસાગર તરવા માટે જહાજરૂપ છે, રત્નત્રયની આરાધનાનું બાહ્ય કારણ છે. આ મનુષ્યભવમાં સાધના કરવાનો સારામાં સારો અવસર છે. ચોર્યાસી લાખ યોનિમાંથી એક મનુષ્યભવમાં જ મોક્ષ મળે છે. આવા મુક્તિના દ્વાર સમાન મનુષ્યભવની ક્ષણેક્ષણનો સદુપયોગ અવશ્ય કરી લેવો.

(૧૪) **વીતરાગશાસન :** ભગવાન વીતરાગનું શાસન સાગર સમાન અને બીજાં દર્શનો નદી સમાન છે. સર્વ દર્શનો વીતરાગદર્શનમાં સમાઈ જાય છે. શ્રીમદ્જીએ પણ વીતરાગદર્શનને સંપૂર્ણ દર્શન આ કથનની સત્યતા માટે કહ્યું છે. તારે ન્યાયસિદ્ધાંતના ગ્રંથો, રાજવાર્તિક, શ્લોકવાર્તિક તથા આચારાંગ, ગોમ્મટસાર અને જયધવલા આદિ જોવા જોઈએ. ભગવાન મહાવીરના જ્ઞાનની વિશાળતા અને ગહનતાનો સામાન્ય ખ્યાલ આનાથી આવશે. પરંતુ તેના સારસ્વરૂપ એવા શુદ્ધ આત્માના અનુભવ માટે તારે આત્માનુભવી ગુરુની ખૂબ જ આવશ્યકતા છે.

(૧૫) **મોક્ષમાર્ગનું અનુસરણ :** આપણામાંના ઘણાખરા મોક્ષમાર્ગમાં પા પા પગલી ભરી રહ્યા છીએ. જ્ઞાનીના બોધ રૂપી ચાલણગાડીના અવલંબનની આપણને જરૂર છે. જે કંઈ વાંચીએ, સમજીએ તેનો જીવનમાં પ્રયોગ થવો જોઈએ. જો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એ આત્માના ગુણો નથી તો ગરમીઠંડી સહન કરવી. આકુળતા, અણગમો ન કરવાથી અને સમતા રાખવાથી આત્મા નિર્મળ થાય છે. સ્વૈચ્છિકપણે સહનશીલતા કેળવવાનો અભ્યાસ કર્યા વિના વિશિષ્ટ સાધકદશા પ્રગટી શકે નહિ.

(૧૬) **અપૂર્વ સંસ્કૃતિના અમૂલ્ય વારસા પ્રત્યે બેદરકારી ! :** પોતાના અને સમસ્ત માનવજાતના કલ્યાણ માટે આચાર્યોએ ઉત્તમ શાસ્ત્રો રચ્યાં હતાં. તેમણે કંઈ શાસ્ત્રો છપાવ્યાં નથી. તેમણે પોતાના આત્માની શાંતિ માટે, પોતાનું જ્ઞાન નિર્મળ અને દૃઢ કરવા માટે તાડપત્રો ઉપર શાસ્ત્રો લખ્યાં હતાં. આપણને તેમના જ્ઞાનરૂપ ખજાનાનો અમૂલ્ય વારસો મળ્યો છે. પરંતુ આપણે સત્પાત્ર ન હોવાથી તેનો લાભ લેતા નથી.

અત્યારે કરોડો રૂપિયાનું પાશ્ચાત્ય સાહિત્ય હિંદમાં ખડકાય છે અને અહીંના ઉત્તમ શાસ્ત્રોને ઊધઈ ખાય છે. વકીલો-બેરિસ્ટરો, બુદ્ધિજીવી લોકો આવું સાહિત્ય વાંચે છે અને આપણને મળેલ અમૂલ્ય સંસ્કારોનો ઝડપથી લોપ થતો જાય છે. ધર્મના અને સમાજના કર્ણધારો સત્તા, કીર્તિનો સ્વાર્થ છોડી સ્વસ્થ બુદ્ધિથી આ વાત વિચારશે ?

(૧૭) **જ્ઞાનગર્ભિત ભક્તિ :** જે જીવને આત્મજ્ઞાન પ્રગટ થાય છે તે જીવમાં પ્રભુ પ્રત્યે અપૂર્વ ભક્તિ પ્રગટે છે, જે ભક્તિ બીજા કોઈ પણ બાહ્ય ઉપાયોથી ઊપજતી નથી. જેને જેને આત્મતત્ત્વનું દર્શન થયું, ભગવાન ભેટ્યાં તેનું પૂર્ણ પરિવર્તન થઈ જાય છે. તે તો પછી મીરાંની જેમ ગાય છે...

**'પાયોજી મૈને રામ રતન ધન પાયો'**

શ્રી જુગલકિશોરજી મુખ્તાર 'યુગવીર' વિરચિત

# મેરી ભાવના - એક અનુચિંતન

(આધારઃ પૂજ્યશ્રી આત્માનંદજી કૃત વિવેચન)

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

(ગાથા-૭)

**કોઈ બૂરા કરો યા અચ્છા**
**લક્ષ્મી આવે યા જાવે;**
**લાખો વર્ષો તક જીઉં યા,**
**મૃત્યુ આજ હી આ જાવે;**
**અથવા કોઈ કૈસા હી ભય,**
**યા લાલચ દેને આવે,**
**તો ભી ન્યાયમાર્ગસે મેરા,**
**કભી ન પદ ડિગને પાવે.**

**શબ્દાર્થ :**

કોઈ સ્તુતિ કરો, પ્રશંસા કરો કે કોઈ નિંદા કરો - અપયશ બોલો, ધન (લક્ષ્મી) પ્રાપ્ત થાઓ કે ધન ચાલ્યું જાઓ; આયુકર્મથી લાખો વર્ષ જીવું કે આજે જ મરણ આવી જાઓ અથવા કોઈ ગમે તેવો ભય કે લાલચ દર્શાવો તો પણ ન્યાયમાર્ગમાં-સત્ય માર્ગમાં જ હું અડોલ અને નિષ્કંપ રહું, લેશ માત્ર પણ ચલાયમાન ન થાઉં એવી ધીરજ મને સદાય પ્રાપ્ત હો, એટલે કે અનુકૂળ તથા પ્રતિકૂળ પ્રસંગોમાં સમતા-સ્થિરતા ધારણ કરું, એવી દૃઢતા પ્રાપ્ત થાઓ.

**વિશેષાર્થ :**

સાચા સાધકને જીવનમાં અનેક પ્રકારની કસોટી આવે છે, તે કસોટીમાંથી પસાર થવામાં ઘણો પુરુષાર્થ તથા સહનશીલતા (સમતા) રાખવાથી તેનું જીવન સુગંધિત, વિશુદ્ધ બની જાય છે. આ ગાથામાં સત્પુરુષની નિઃશંકતા, નિર્ભયતા, નિર્લોભતા અને સદાચારનું દર્શન થાય છે. મહાપુરુષોને સમાજ તથા સ્વજનોથી ઘણા ઉપાલંભનો સામનો કરવો પડે છે, ત્યારે તેઓ કહે છે કે કોઈ અપમાન કરો અથવા માનથી પૂજા કરો, મને દરેક પ્રત્યે સમતાભાવ જ છે, કારણ કે મારું માન કે અપમાન થતું જ નથી. હું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપી આત્મા છું. જે કાંઈ બાહ્યમાં બને છે તે મારા પૂર્વ કર્મોનો ઉદય છે, તે કર્મોને સમભાવથી ભોગવી લેવાથી કર્મોની સકામ નિર્જરા થશે અને નવા કર્મો નહીં બંધાય.

મને મોક્ષમાર્ગથી ચ્યૂત કરવા માટે કોઈ મજબૂર કરે અથવા અનેક પ્રકારના ભય દેખાડે, પુણ્યના પ્રતાપથી લક્ષ્મી આવે, અથવા પાપકર્મના ઉદયથી ચાલી જાય-તે સર્વ પ્રસંગોમાં મધ્યસ્થ રહેવાનો હું પુરુષાર્થ કરું છું. મને જીવન-મૃત્યુનો પણ ભય નથી કારણ કે શ્રી સદ્ગુરુના સત્બોધથી મારા શાશ્વત સ્વસ્વરૂપનો નિર્ણય થયો છે. મારું આયુકર્મ લાંબુ હોય અથવા કોઈ કારણથી મૃત્યુ આજે જ આવી જાય તેનો પણ મને ડર નથી. મારામાં વિવેકજ્યોતિનો ઉદય થયો છે, જે દ્વારા જડચેતન તથા સ્વ-પરનો દૃઢ નિર્ણય થયો છે. આ શરીર પુદ્ગલ, ક્ષણિક તથા વિનશ્વર છે. આયુષ્ય પૂરું થતા તેનો નાશ-મૃત્યુ અવશ્ય થાય છે. શ્રી તત્ત્વજ્ઞાન તરંગિણીમાં જ્ઞાનીનો દૃઢ નિશ્ચય નીચેની ગાથામાં દર્શાવ્યો છે :-

''પરમબ્રહ્મ ચિંતન તલ્લીન હું, મને કોઈ ભય શાપ દીયે,
વસ્તુહરણ ચૂરણ, વધ, તાડન છેદ ભેદ બહુ દુઃખ દીયે,
ગિરિ અગ્નિ અબ્ધિ વન કૂપે ફેંકે વજે હણે ભલે,
ભલે હાસ્ય નિંદાદિ કરો પણ અલ્પ ચિત્ત મુજ નહીં ચળે.''

**- તત્ત્વજ્ઞાન તરંગિણી**

આ પ્રમાણે ઉત્તમ મુમુક્ષુઓ અને જ્ઞાની પુરુષો ન્યાયનીતિના માર્ગને વળગી રહે છે અને અનેકવિધ લાલચો-લોભાવણી વૃત્તિઓનો દૃઢ પ્રતિકાર કરી અડગ રહે છે. દૃષ્ટાંતરૂપે ગજસુકુમાર. મુનિ મહારાજ પરિષહો અને ઉપસર્ગો વચ્ચે અડગ રહી પરમપદને પ્રાપ્ત કરે છે.

**ઉપસંહાર :**

આ કડીમાં જ્ઞાનીપુરુષોની દૃઢતાનું વર્ણન કર્યું છે. ગમે તેવા સંજોગોમાં પણ હું 'સમતા' રાખીશ.

**(અનુસંધાન પાના નં. ૪૨ પર)**

# સમ્યક્ તપ (ક્રમાંક-૨૬)

**બા.બ્ર. સુરેશજી**

(૨) **એકત્વ વિતર્ક અવીચાર :-** એકત્વનો આશય એક જ દ્રવ્યથી છે. વિતર્કનો આશય શ્રુતથી છે તથા અવીચારનું તાત્પર્ય અર્થ, વ્યંજન, યોગની સંક્રાન્તિથી રહિત છે અર્થાત્ જે શુક્લધ્યાન શ્રુતજ્ઞાનના માધ્યમથી ત્રણે યોગમાંથી કોઈપણ એક યોગ સાથે હોય છે તથા અર્થ, વ્યંજન, યોગની સંક્રાંતિથી રહિત છે તે એકત્વ વિતર્ક અવીચાર નામનું દ્વિતીય શુક્લધ્યાન છે. શ્રુત તથા યોગોમાં પરિવર્તન થતું નથી અર્થાત્ એક જ વચન અને યોગમાં એકાગ્ર અને તન્મય થવાય છે તેથી તેને એકત્વ વિતર્ક અવીચાર કહે છે. આ ધ્યાન બારમાં ક્ષીણમોહ ગુણ સ્થાનમાં થાય છે.

(૩) **સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી :-** સૂક્ષ્મકાયનું અવલંબન લઈને કેવળી જિનને જે ધ્યાન હોય છે તે સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી શુક્લધ્યાન છે. સૂક્ષ્મક્રિયા તથા અપ્રતિપાતી હોવાથી તેનું નામ સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી છે. આ ધ્યાન ૧૩માં સયોગકેવળી ગુણસ્થાનમાં હોય છે.

(૪) **વ્યુપરત ક્રિયા નિવર્તી :-** જે ધ્યાનમાં સર્વ મન-વચન-કાય સંબંધી ક્રિયાઓનો નિરોધ થાય છે તેને વ્યુપરત ક્રિયાનિવર્તી કે સમુચ્છિન્ન ક્રિયાનિવર્તી શુક્લધ્યાન કહે છે. આ ૧૪ માં અયોગકેવળી ગુણસ્થાનમાં થાય છે. તેના બળથી વેદનીયાદિ ચાર અઘાતિયા કર્મોનો નાશ થઈને સિદ્ધાલયગમન થાય છે.

આ રીતે ધ્યાનતપ અંતર્ગત ચાર પ્રકારના ધ્યાનોનું વર્ણન સમાપ્ત થયું. ચારેયમાં પ્રથમના બે સર્વથા હેય છે તથા શેષ બે ઉપાદેય છે. પ્રથમ બે દુઃખના હેતુ છે તથા શેષ બે પરમાનંદના દાતા છે. હવે આપણે જ નક્કી કરવાનું છે કે કોનો આશ્રય કરવો. આવો જ ઈષ્ટ ઉપદેશ શ્રી પૂજ્યપાદ સ્વામી ઈષ્ટોપદેશ માં આપે છે કે :-

**इतश्चिंतामणिर्दिव्य इतः पिण्याकखण्डकम् ।**
**ध्यानेन चेदुभे लभ्ये क्वाद्रियन्तां विवेकिनः ।।२० ।।**

અર્થાત્ એક બાજુ દેવોથી પણ પૂજ્ય ઈચ્છિત પદાર્થ દેનાર રત્ન મળે છે અને બીજી બાજુ ખલ (કાચ) ના ટુકડા મળે છે. જો બન્ને ધ્યાન દ્વારા જ પ્રાપ્ત થાય છે તો બુદ્ધિમાન મનુષ્ય કઈ જગ્યાએ અર્થાત્ કઈ વસ્તુમાં આદર કરશે અર્થાત્ કઈ વસ્તુને પ્રાપ્ત કરવાની ચેષ્ટા કરશે ? *"આશય એ છે કે લૌકિક અને અલૌકિક સર્વ સુખોનું કારણ એક શુભધ્યાન જ છે, તેથી વિવેકીઓએ તેમાં જ મન લગાડવું જોઈએ."* પરંતુ પ્રત્યેક કાર્ય માટે તેને યોગ્ય પાત્રતાની આવશ્યકતા છે. પાત્રતા વિના માત્ર ઈચ્છા કરવાથી વસ્તુની પ્રાપ્તિ થતી નથી. તેથી શુભધ્યાન નામની પવિત્ર વસ્તુની પ્રાપ્તિ માટે આપણે તેને યોગ્ય ગુણો ધારણ કરવા જોઈએ, જેની આપણે સંક્ષિપ્ત વિચારણા કરીશું.

### ધ્યાતાની પાત્રતા

આપણા ધ્યાનસિદ્ધ પૂર્વાચાર્યોએ શ્રીજિનેન્દ્રદેવની આજ્ઞાથી પ્રશસ્ત ધ્યાનની સિદ્ધિ માટે પાંચ ગુણો હોવા અનિવાર્ય બતાવ્યા છે. તેમાં પહેલો છે **તત્ત્વાર્થ જ્ઞાન** અર્થાત્ શ્રીજિનદેવે નિજ શુદ્ધાત્મા, અજીવ, આસ્રવાદિ તત્વોનું સ્વરૂપ જે પ્રકારે બતાવ્યું છે તેવું જ હેય, જ્ઞેય અને ઉપાદેયપૂર્વક તેનું સમ્યગ્જ્ઞાન કરવું, કારણ કે સ્વ-પર ભાવોના જ્ઞાન અને હેયોપાદેયના વિવેક વિના પોતાના શુદ્ધતત્વના ધ્યાનની સિદ્ધિ કદાપિ સંભવ નથી. બીજો ગુણ છે **તત્ત્વાર્થ શ્રદ્ધાન** અર્થાત્ નિજ શુદ્ધાત્મા તથા આસ્રવાદિ પદાર્થ જે રૂપમાં છે તેવો જ અંતરમાં સ્વીકાર કરવો, કારણ કે જ્ઞાન હોય અને તેની હૃદયથી સ્વીકારરૂપ શ્રદ્ધા ન હોય તો તે જ્ઞાન પરમાર્થથી કાંઈ પણ કાર્યકારી થતું નથી. તેથી તત્ત્વજ્ઞાન સાથે તત્ત્વશ્રદ્ધાન પણ અનિવાર્ય છે કારણ કે શ્રદ્ધાથી જ તે રૂપ પુરૂષાર્થનો ઉત્સાહ કે રુચિ જાગૃત થાય છે. ત્રીજો ગુણ છે **વૈરાગ્ય** અર્થાત્ શરીર, ઈન્દ્રિયભોગ, સાંસારિક લોકો, સાંસારિક કાર્ય ઈત્યાદિમાં અનાસક્ત બુદ્ધિ થવી. તત્ત્વજ્ઞાન પણ છે, તત્ત્વશ્રદ્ધાન પણ છે પરંતુ અંતરંગનો સાચો વૈરાગ્યભાવ ન હોય તો

આપણો ઉપયોગ જાણે-અજાણ્યે પણ અન્ય પદાર્થોની વાસનાથી વાસિત રહે છે તથા તેના જ ચિંતનમાં લાગ્યો રહે છે, તેથી પરપદાર્થોમાં ઉદાસીન થવું ધ્યાન માટે અતિઆવશ્યક છે. *પર પદાર્થો પ્રત્યે ઉદાસીન થવું તે જ વૈરાગ્ય છે.* ચોથો ગુણ છે **સંયમ** અર્થાત્ અશુભ ભાવો તરફ જતા ઉપયોગને રોકવાનું સામર્થ્ય તથા અશુભ ભાવોને આધીન ન થવાની અંતરંગ સંકલ્પબદ્ધતા. તત્ત્વજ્ઞાન પણ છે, તત્ત્વશ્રદ્ધાન પણ છે, વિષયો પ્રત્યે અંતરંગથી અનાસક્તભાવ પણ છે પરંતુ અશુભભાવ થવામાં નિમિત્ત કારણ એવા અંતરંગમાં અશુભ કર્મોદય તથા બહારમાં તદનુરૂપ રાગાદિ ઉત્પન્ન કરનાર નિમિત્ત મળતા ઉપયોગને તેમાં પ્રવાહિત ન થવા દેવાની સંયમશક્તિ ન હોય તો પણ સ્થિર ધ્યાનની પ્રાપ્તિ અસંભવ છે. વિષયગ્રહણ ન કરવાનો અંતરંગ સંકલ્પ (વ્રત) ન હોય તો વૈરાગ્ય હોવા છતાં પણ કદાચિત્ મન શિથિલ થઇ જાય તેથી ધ્યાન માટે સંયમશક્તિ પણ અનિવાર્ય છે. પાંચમો ગુણ છે **ઉપસર્ગપરિષહજય** અર્થાત્ વિપરીત પરિસ્થિતિરૂપ ઉપસર્ગ કે પરિષહ આવતા તેને શાંતભાવથી સહન કરતાં ઉપયોગને વિચલિત ન થવા દેવાની શક્તિ. **સંહનન શક્તિ** તથા **અંતરનું દઢ આત્મબળ** આ બન્ને મળીને ધ્યાતાને ઉપસર્ગપરિષહજયી બનાવે છે. તેના વિના ધ્યાતા અનુકૂળ પરિસ્થિતિઓમાં તો નિરાકુળ થઇને ધ્યાન કરી શકે છે પરંતુ પ્રતિકૂળ પરિસ્થિતિઓ (ઉપસર્ગ કે પરિષહ) આવતા વિચલિત થઇ જાય છે અને દરેક સમયે અનુકૂળ પરિસ્થિતિઓ હોય એવું જરૂરી નથી અને મુનિજીવન તો સ્વયં એક પરિષહ છે, જેમાં સદાય પ્રતિકૂળતાઓ જ રહે છે. તેથી ધ્યાની માટે ઉપસર્ગપરિષહજય પણ આવશ્યક છે.

ઉપરોક્ત ગુણોથી યુક્ત જીવ જ પ્રશસ્ત ધ્યાન માટે ઉત્તમ પાત્ર થઇ શકે છે. આ બધા ગુણો ન્યૂનાધિકરૂપથી પણ હોય પરંતુ અવશ્ય હોવા જોઇએ અને પાંચે સાથે જ હોવા જોઇએ તો જ ઉપયોગ તથારૂપ નિર્મળ અને સ્થિર થઇ શકે.

## ધ્યાનની વિધિ

ઉપરોક્ત પાંચે ગુણોથી વિભૂષિત મહાત્માએ દરેક સમયે અર્થાત્ ખાતાં-પીતાં, સૂતાં-જાગતાં, અન્ય કાર્ય કરતા સમયે અને વિષયાદિમાં પ્રવર્તન કરતાં સમયે પણ નિરંતર તત્ત્વચિંતનરૂપ ધર્મધ્યાન કરવું, એવો પૂર્વાચાર્યોનો જિનાજ્ઞાથી ઉપદેશ છે. ઉપયોગને વિશેષ એકાગ્ર અને નિર્મળ કરવા માટે મન-વચન-કાયની સર્વ પ્રવૃત્તિઓ રોકીને ધ્યાનનો અભ્યાસ કરવો જોઇએ, જેની સામાન્ય વિધિ નીચે પ્રમાણે છે :-

આત્મધ્યાનના અભિલાષી ધ્યાની મહાત્માએ સર્વપ્રથમ મનને વિક્ષેપિત કરનારા નિમિત્તોથી હટીને કોઇ શાંત, નિર્જન, પ્રાસુક સ્થાનમાં જઇને યોગ્ય આસન, (પદ્માસન, સિદ્ધાસન, ખડ્ગાસન) માં સ્થિર થવું. ત્યારબાદ ધ્યાનની અવધિ સુધી સર્વ પ્રકારના પાપોનો ત્યાગ કરીને મનને નિષ્પાપી પવિત્ર બનાવવું. એમ કરવાથી ધ્યાનીને ધ્યાનની સાથે-સાથે સામાયિકનો લાભ પણ મળે છે. પછી ભાવપૂર્વક પંચપરમેષ્ઠી ભગવંતોના સ્વરૂપનું સ્મરણ કરીને મનથી જ તેમને વંદન કરવા. પછી મનને અવ્યક્ત રાગ-દ્વેષથી મુક્ત કરવા માટે મૈત્રી આદિ ચાર ભાવનાઓનું હૃદયથી ભાવન કરવું. ત્યારબાદ પૂર્વવર્ણિત ધર્મધ્યાનના ચાર ભેદોમાંથી કોઇપણ એકમાં એકાગ્ર થઇને તેમાં પ્રવર્તન કરવું. આવું કરવાથી કર્મોની નિર્જરા થાય છે, આત્મા અત્યંત આહ્લાદ્કારી વિશુદ્ધભાવોથી પરિવ્યાપ્ત થઇ જાય છે અને કાળક્રમે અજર-અમર પદને પ્રાપ્ત થઇ જાય છે. એવું અનંત ચતુષ્ટય મંડિત દેવાધિદેવ જિનવરોમાં પ્રધાન શ્રીતીર્થંકર દેવે સર્વોચ્ચ લોક વિભૂતિને પ્રાપ્ત સમોસરણમાં નિર્લિપ્ત ભાવથી વિરાજમાન થઇ પોતાના નામકર્મના વિપાકથી ઉદ્ભૂત (ઉત્પન્ન) પરમોત્કૃષ્ટ ભાષાવર્ગણાના પુદ્ગલોથી રચિત દિવ્યધ્વનિ દ્વારા કહ્યું છે. અહીં આ **સમ્યક્તપ** નામક મહાતત્વનું કથન પૂરું કરવામાં આવે છે.

આ સાથે મોક્ષમાર્ગની ચતુષ્પદી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપરૂપ ચતુર્વિધ આરાધનાનું વ્યાખ્યાન પૂર્ણ થાય છે. તેનું આલેખન અમે મુખ્યરૂપથી સ્વાન્તઃ સુખાય અર્થાત્ આત્મવિશુદ્ધિ અર્થે જ શ્રી ગુરુઓના ઉપદેશામૃતની કૃપાપ્રસાદી તથા અલ્પ આગમાભ્યાસથી પ્રાપ્ત નિર્મળ તત્વજ્ઞાનથી પોતાની અલ્પમતિ અનુસાર કર્યું છે. તેથી આમાં જેટલું

**(અનુસંધાન પાના નં. ૪૨ પર)**

પરમનો સ્પર્શ - ૧૩૭

# નિર્વિકાર સ્થિતિનું પ્રભાત !

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

કોઈ વ્યક્તિના ચિત્તમાં સાધનાનો ઉત્સાહ પ્રવર્તતો હોય, કોઈ મુમુક્ષુના ચિત્તમાં મોક્ષપ્રાપ્તિની સદૈવ ઝંખના વસતી હોય કે પછી કોઈ જ્ઞાનીના હૃદયમાં પરમતત્ત્વ સુધી પહોંચવાનો ઉચ્ચ અભિલાષ હોય ત્યારે એ એની પ્રાપ્તિની યાત્રાનો પ્રારંભ ક્યાંથી કરશે ? એનું પહેલું પગલું છે સ્વ-રૂપની ઓળખ અને એ પગલું અત્યંત લાંબા સમયનું અને અતિ કઠિન પણ છે. એક દીર્ઘ પ્રક્રિયામાંથી પસાર થઈને એ પોતાના સ્વરૂપની નજીક પહોંચી શકે છે. સ્વરૂપને પામવા માટે સૌપ્રથમ શરીર અને પોતે ભિન્ન છે એ સ્પષ્ટ રૂપે અને જ્ઞાનપૂર્વક સમજવું પડે. જીવનમાં આપણે સૌથી વધુ આપણા શરીરની પાસે ને સાથે રહીએ છીએ. વળી, અતિ ગાઢ પરિચયને કારણે એમ માનીએ છીએ કે 'હું જે છું તે આ શરીર જ છે. શરીરથી અન્ય મારું અસ્તિત્વ નથી. અમે બંને અભિન્ન છીએ અથવા તો અમારું અદ્વૈત છે.'

આ શરીરનો જન્મ થયો, ત્યારે લોકોએ એમ કહ્યું કે, 'મારો જન્મ થયો.' એનો વિકાસ થયો એટલે વ્યક્તિએ એમ કહ્યું કે, 'મારો વિકાસ થયો.' આ શરીરને રોગ થાય છે તો વ્યક્તિ એમ માને છે કે એને રોગ થયો છે. જગતમાં અનુકૂળ અને પ્રતિકૂળ બે બાબતો જોવા મળે છે. શરીરને જે અનુકૂળ લાગે તે વ્યક્તિને પસંદ પડે છે. શરીરને જે પ્રતિકૂળ લાગે, તે વ્યક્તિને તદ્દન નાપસંદ લાગે છે. આ રીતે કોઈ વ્યક્તિનું શરીર ફરવા જાય છે. શરીર આરામ કરે છે, તો એમ કહેવાય છે કે એ વ્યક્તિ ફરવા ગઈ છે અને એ વ્યક્તિ આરામ કરી રહી છે. એટલે કે શરીરની પ્રત્યેક બાબત એ મારી બાબત બને છે. શરીરને થતો પ્રત્યેક અનુભવ એ મારો સ્વાનુભવ બને છે.

આનો અર્થ એ કે જીવ 'સ્વ' અને 'પર' ભાવમાં કોઈ ભેદ કરતો નથી. જ્યારે એ વિચાર કરશે કે હું એ જ માત્ર શરીર નથી. શરીરથી હું ભિન્ન છું, ત્યારે એને એક જુદો જ અનુભવ થશે. શરીર અને હું જુદા છીએ એટલું કહેવાથી વાત પતી જતી નથી. આપણી સાથે આપણું મન પણ હોય છે અને એ મન જાગ્રત અવસ્થામાં અને અજાગ્રત અવસ્થામાં પણ અનુભવ પામતું હોય છે. જાગ્રત અવસ્થામાં એ આનંદમાં ડૂબી જતું હોય છે અથવા તો દુઃખમાં સરી પડતું હોય છે અને અજાગ્રત અવસ્થામાં હોય ત્યારે પણ એ સ્વપ્નમાં અનુભવ કરતું હોય છે. સ્વપ્નાવસ્થામાં માણસ કશું કાર્ય કરતો નથી. કશો અનુભવ મેળવતો નથી. એ ઊંઘતો હોય છે, પરંતુ પલંગમાં પડ્યા પડ્યા એ જે સ્વપ્ન જુએ છે, એ સ્વપ્નમાં એ હસતો, રમતો અને દુઃખી થતો હોય છે. આવે સમયે એની કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિયો શાંત હોય છે. એ કશું કરતી નથી. ન એ વ્યક્તિ સક્રિય રૂપે કોઈ કામ કરે છે, તેમ છતાં એ સ્વપ્નમાં ઘણાં કામ કરતો હોય છે. એની જ્ઞાનેન્દ્રિય સર્વથા શાંત થઈ ગઈ હોવા છતાં એ સ્વપ્નમાં જુદા જુદા અનુભવો પામતો રહે છે. અને જ્યારે એ સ્વપ્નમાંથી જાગે છે, ત્યારે પોતાની રમણીય કે ભયાવહ સ્વપ્નસૃષ્ટિની વાત કરે છે. એ કોઈ દૂર દૂરની દુનિયામાં ઘૂમી વળે છે અને કોઈ સાવ અજાણ્યા પ્રદેશો પણ જુએ છે.

સવારે ઊઠે છે ત્યારે એના મન પર કોઈ ભયાનક કે અમંગળ સ્વપ્ન જોયું હોય તો એના વિષાદનો થોડો ઓથાર હોય છે. ક્યારેક એ ગમગીની મહેસૂસ કરે છે. આ સ્વપ્નની સૃષ્ટિ એ એની જીવંતસૃષ્ટિ જેવી જ હોય છે. સ્વપ્નમાં એ કોઈ દૃશ્ય-અદૃશ્ય પ્રદેશનો પ્રવાસ ખેડતો હોય છે અને સ્વપ્નમાં જ એ કોઈના તરફ કામુકતા અને કોઈના પ્રત્યે ક્રોધ અનુભવતો હોય છે. આનો અનુભવ એના શરીરમાં થતો હોય છે અથવા એમ કહી શકીએ કે સ્વપ્નની

સઘળી ઘટનાઓ અનુભવનાર એ વ્યક્તિનું મન છે. જાગ્રત અવસ્થામાં જે શરીર હતું, એ નિદ્રાધીન અવસ્થામાં શાંત પડ્યું હોય છે. માટે શરીરની કોઈ પ્રત્યક્ષ વેદના સ્વપ્નની વેદનામાં રૂપાંતરિત થતી નથી.

સ્વરૂપની ખોજ કરનારે માત્ર પોતાના દેહની ખોજ કરીને યાત્રા પૂરી કરવાની નથી. જેમ એનો દેહ છે, એ જ રીતે એનું મન પણ છે. અહીં કોઈ વ્યક્તિ એમ કહે કે સ્વપ્નમાં હું શહેનશાહ સિકંદર બની ગયો હતો, તો એ વાત એના શરીર સાથે સંબંધિત હોતી નથી, કિંતુ એના મન સાથે જોડાયેલી હોય છે. એટલે જાગ્રત અવસ્થામાં શરીર સાથે જોડાયેલી વ્યક્તિનો 'હું' એટલે એનું શરીર છે અને સ્વપ્નાવસ્થામાં ઠેર ઠેર ઘૂમી વળતી વ્યક્તિ એમ કહે કે હું ચંદ્ર કે મંગળ પર ભ્રમણ કરી આવ્યો, તો તેમાં 'હું' એટલે એ વ્યક્તિનું મન છે.

આ પછી એક ત્રીજી અવસ્થા છે. આ અવસ્થાને ધર્મગ્રંથો 'સુષુપ્તિની અવસ્થા' કહે છે. એવી અવસ્થા હોય કે જ્યાં શરીરનું અસ્તિત્વ અને મનની લીલાનો અનુભવ ન હોય. એનું શરીર શાંત હોય છે, ઈન્દ્રિયો શાંત હોય છે, મન પણ શાંત હોય છે અને એનો સઘળાંથી જુદો અનુભવ હોય છે. પહેલાં હું એટલે શરીર હતું, પણ અહીં શરીરની પીડા એ સાધકને પોતાની પીડા લાગતી નથી. પહેલાં હું એટલે મન હતું, પરંતુ હવે મનની પીડા કે મનની સ્વપ્નસૃષ્ટિ એ સાધકને પોતાની લાગતી નથી. આ સુષુપ્તિની અવસ્થામાં દેહ શાંત હોય છે અને મન પણ શાંત હોય છે.

સામાન્ય રીતે દેહ વ્યક્તિના સ્વાર્થ સાથે જોડાયેલો છે. મને ભૂખ લાગે તો એની વેદના શરીરને થાય છે અને મને ગમતું મળી જાય તો મારું શરીર નાચી ઊઠે છે. સ્વપ્નસૃષ્ટિમાં મહાલતી વખતે હું અને મારું મન એકાકાર બની ગયા હોય છે. આ મનના અનુભવો જેમ સ્વપ્નસૃષ્ટિમાં થાય છે, એમ જાગ્રત અવસ્થામાં પણ થાય છે. જેમ કે આપણા ગુરુનો દેહવિલય થયો હોય તો આપણા દેહને કશું થતું નથી, પરંતુ આપણું મન અત્યંત ઉદ્વિગ્ન અને વ્યથિત બની જાય છે. શરીર અને મનની આવી અવસ્થાથી પર એ સુષુપ્તિ અવસ્થા છે. અહીં શરીર હોતું નથી અને મન પણ હોતું નથી. અહીં માત્ર પ્રાણ ચાલતો હોય છે. એનું શરીર અને મન બંને શાંત હોય છે, માત્ર એનો પ્રાણ ચાલ્યા કરતો હોય છે.

ક્યારેક કોઈ વ્યક્તિ એમ કહે કે સાંજે પથારીમાં પડ્યો અને સવારે ઊઠ્યો ત્યારે ન તો શરીરને માટે એકવાર ઊઠવું પડ્યું કે ન તો મન સ્વપ્નથી વિક્ષુબ્ધ રહ્યું. બસ, એવી ઊંઘ આવી કે ખબર જ ન પડી. મારી કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય અને મારા દેહ અને મન બધા જ એવી નિદ્રામાં પડ્યા કે મને કંઈ ખબર જ પડી નહીં. આમ, સાધક પોતાનો પુરુષાર્થ ધૈર્યપૂર્વક ચાલુ રાખે, તો ધીરે ધીરે એ એના શરીર અને મનથી પર થઈ શકે. એ જ્યારે મનથી પર થશે ત્યારે એના મનમાં કોઈ ભય, ચિંતા કે દુ:ખનો અનુભવ નહીં રહે. એ જ રીતે એ વિચારશે કે એની પાસે એવું કંઈક છે કે જે શરીર, મન અને સ્વપ્નથી પર છે.

આમ વિચારતાં એનું હૃદય જાગી ઊઠશે અને ધીરે ધીરે ખ્યાલ આવશે કે આજ સુધી જેને હું મારું શરીર માનતો હતો, એ મારું નથી. આજ સુધી જેને મારું મન માનતો હતો, એ મન પણ વાસ્તવિક રીતે મારું નથી. શરીર જે કંઈ અનુભવે છે અને મન જે કંઈ વિચારે છે, એનાથી હું તો સાવ જુદો છું. આ જગત પર સતત ઘટનાઓ બનતી રહે છે. સારા-નરસાં સંજોગો ઊભા થતાં હોય છે. મનમાં અવિરતપણે સંકલ્પ અને વિકલ્પ ચાલ્યા કરતા હોય છે અને ત્યારે આ બધાથી તમે અળગા છો, તેવો તમને અનુભવ થશે.

આમ, પહેલાં શરીરથી જાતને જુદી જોઈશું અને પછી મનથી પોતે જુદા છે, તેમ માનીશું. અગાઉ તમારા મનના વિચારો પોતાને થયેલા વિચારો લાગતા હતા. હવે તમે તમારા મનમાં આવતા વિચારોના સાક્ષી બની જશો અને સાક્ષી બનીને દૂર રહીને તમારા જ મનના એ વિચારોને ચકાસશો.

આમ, શરીર, ઈન્દ્રિયો અને મનથી તમે પર થશો. શરીર અંગે ગમતા અને અણગમતાનું,

સગવડ અને અગવડનું કે અનુકૂળતા અને પ્રતિકૂળતાનું જે લોલક ચાલતું હોય, તે થંભી જશે. જાગ્રત અવસ્થા, સ્વપ્નાવસ્થા અને સુષુપ્તાવસ્થા એ ત્રણેથી તમે પર થશો. એ પછી જુઓ તમારા અંતઃકરણને આવતો અપૂર્વ આનંદ. શરીરના શોખ, મનના વિચારો અને ચિત્તમાં ચાલતા વિકલ્પો હશે તમારા જ, પણ તમે એને અળગા રહીને, એનાથી ભિન્ન બનીને જોઈ શકશો. માત્ર સત્- ચિત્-આનંદનો અનુભવ કરશો. આને શુદ્ધ સત્ત્વ કહેવામાં આવે છે અને શુદ્ધસત્ત્વ અથવા તો આનંદમય અવસ્થાનો જે સાક્ષી છે, એ તે તત્ત્વ છે અને આ રીતે થોડા સમય માટે તમે શૂન્ય બની જશો.

દેહથી પર એવી નિર્વિકાર સ્થિતિ જન્મશે અને હૃદયમાં અભૂતપૂર્વ એવી શાંતિ છવાઈ જશે. જેવી શાંતિ આપણે રામ, મહાવીર કે બુદ્ધમાં જોઈ શકીએ છીએ. જે શાંતિ આપણે આદિ શંકરાચાર્ય અને રમણ મહર્ષિના જીવનમાં અનુભવી શકીએ છીએ. એ પરમ શાંતિ શરીર, મન અને સુષુપ્ત અવસ્થાથી પર થયા પછી સાંપડતી હોય છે.

## સમાધિતંત્રનું અમૃતરસપાન ...

**પાના નં. ૧૬ પરથી ચાલુ...**

કરે પણ તેનાથી આત્મા જાણી શકાતો નથી; જ્ઞાનથી જ આત્મા જાણી શકાય છે."

"વસ્ત્રના નાશથી જેમ, દેહનો નાશ ના ગણે;
દેહના નાશથી જ્ઞાની, આત્માનો નાશ ના ગણે."

**- પૂ. બ્રહ્મચારીજી**

"है मूल्यवान पट भी यदि नष्ट होता,
संसार में अबुध भी न कदापि रोता ।
देहावसान यदि हो मम तो खुशी है,
मेरा नहीं मरण यों कहते वशी हैं ॥" ६५

**- પૂ. આચાર્યશ્રી વિદ્યાસાગરજી**

"વસ્ત્ર નાશથી જે રીતે, નષ્ટ ન ગણે શરીર,
દેહાનાશથી જ્ઞાનીજન, નષ્ટ ન માને જીવ"

**- શ્રી છોટાલાલ ગાંધી**

(ક્રમશઃ)


## ફોર્મ નં. ૪, નિયમ : ૮

| | | |
|---|---|---|
| ૧. **પ્રકાશન સ્થળ** | : | શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા - ૩૮૨૦૦૭.<br>(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)<br>જિ. ગાંધીનગર. ફોન : ૯૪૨૮૬૬૨૩૮૬, ૯૪૨૮૬૬૨૩૭૬ |
| ૨. **પ્રકાશન-અવધિ** | : | માસિક |
| ૩. **મુદ્રક-પ્રકાશક-માસિક** | : | શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર - ભારતીય<br>શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા-૩૮૨ ૦૦૭. |
| ૪. **તંત્રીનું નામ** | : | શ્રી મિતેશભાઈ એ. શાહ - ભારતીય<br>શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા - ૩૮૨ ૦૦૭. |

હું નીતિનભાઈ આઈ. પારેખ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગતો મારી જાણ-સમજ મુજબ સાચી છે.

નીતિનભાઈ આઈ. પારેખ - પ્રમુખ

કોબા, તા. ૧-૩-૨૦૨૩

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્રનું અમૃતરસપાન (ક્રમાંક-૯૫)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

શ્રી રાજરાજેશ્વરની અમૃત સરસ્વતી હિતકારિણી, ભવાબ્ધિ તારિણી અને મોક્ષચારિણી છે, એવી પ્રતીતતા હૃદયપારખુ પરમકૃપાળુદેવ સાક્ષાત્ સરસ્વતી મંદિર છે. પરમકૃપાળુદેવની રાજવાણી વ્યાખ્યાનસાર-૨ આંક-૧૧ માં લખે છે "બીજાં ઉદયમાં આવેલાં કર્મોનું આત્મા ગમે તેમ સમાધાન કરી શકે, પણ વેદનીય કર્મમાં તેમ થઇ શકે નહીં; ને તે આત્મપ્રદેશે વેદવું જ જોઇએ; ને તે વેદતાં મુશ્કેલીનો પૂર્ણ અનુભવ થાય છે. ત્યાં જો ભેદજ્ઞાન સંપૂર્ણ પ્રગટ થયું ન હોય તો આત્મા દેહાકારે પરિણમે, એટલે દેહ પોતાનો માની લઇ વેદે છે, અને તેને લઈને આત્માની શાંતિનો ભંગ થાય છે. આવા પ્રસંગે જેમને ભેદજ્ઞાન સંપૂર્ણ થયું છે એવા જ્ઞાનીઓને અશાતાવેદની વેદતાં નિર્જરા થાય છે, ને ત્યાં જ્ઞાનીની કસોટી થાય છે. એટલે બીજા દર્શનોવાળા ત્યાં તે પ્રમાણે ટકી શકતા નથી, ને જ્ઞાની એવી રીતે માનીને ટકી શકે છે.... જો ઉદયમાં આવ્યા પહેલા રસમાં મોળાશ કરી નાખવામાં આવે તો આત્મપ્રદેશથી કર્મ ખરી જઈ નિર્જરા થાય, અથવા મંદરસે ઉદય આવે." જ્ઞાનસભર આ સરસ્વતીને નમસ્કાર.

શ્રી પૂજ્યપાદ આચાર્ય રચિત સમાધિતંત્ર સમાધિસોપાનની અમર પંક્તિ છે. આપણે આ ગ્રંથનું અમૃતરસપાન કરી રહ્યા છીએ. શ્લોક ચોસઠમાં અભ્યાસ કર્યો કે જેમ પહેરેલું વસ્ત્ર જીર્ણ થતાં પોતાનું શરીર જીર્ણ થતું નથી એમ પ્રાજ્ઞપુરુષ માને છે તથા પોતાનું શરીર જીર્ણ થતાં આત્મા જીર્ણ થતો નથી. જેમ વસ્ત્ર અને શરીર ભિન્ન ભિન્ન છે તેમ શરીર અને આત્મા બંને ભિન્ન જ છે. શરીરદ્રવ્ય અને આત્મદ્રવ્ય બંને ભિન્ન તથા બંનેની સત્તા પણ ભિન્ન છે. હવે શ્લોક પાંસઠમાં શ્રી આચાર્ય દેવ ફરમાવે છે કે

**'नष्टे वस्त्रे यथाऽऽत्मानं न नष्टं मन्यते तथा**
**नष्टे स्वदेहेऽप्यात्मानं न नष्टं मन्यते बुधः ॥६५॥**

**અન્વય** : यथा वस्त्रे नष्टे बुधः आत्मानं नष्टं न मन्यते तथा बुधः स्वदेहे अपि नष्टे आत्मानं नष्टं न मन्यते ।

**શબ્દાર્થ : यथा** = જેમ, **वस्त्रे नष्टे** = વસ્ત્રનો નાશ થતાં, **बुधः** = પ્રજ્ઞાપુરુષ, **आत्मानं** = પોતાના શરીરને, **नष्टं न मन्यते** = નાશ થયેલું માનતો નથી, **तथा** = તેમ, **बुधः** = અંતરાત્મા, **स्वदेहे अपि नष्टे** = પોતાના દેહનો નાશ થવા છતાં આત્મા નાશ પામે છે એમ માનતા નથી.

**ભાષાંતર :** જેમ વસ્ત્રનો નાશ થતાં પ્રાજ્ઞપુરુષ શરીરનો નાશ માનતા નથી તેમ પોતાના દેહનો નાશ થતાં છતાં આત્માનો નાશ થાય છે તેમ માનતા નથી.

**ભાવાર્થ :** બહિરાત્માને ભેદજ્ઞાનકલામાં લઇ જનાર શ્રી પૂજ્યપાદ આચાર્ય ૧૦૫ શ્લોકનો ગ્રંથ રચીને મોક્ષનો સંપૂર્ણ માર્ગ પ્રકાશિત કર્યો છે. બહિરાત્મા સ્વ પુરુષાર્થથી અંતરાત્મપદ પામીને પરમાત્મપદને પામે તેવી માર્ગદર્શિકા એટલે 'સમાધિતંત્ર'. આપણે આ ગ્રંથનું અમૃતરસપાન કરી રહ્યા છીએ. સરળ, સુગમ, સહજ શૈલીથી આત્મપ્રાપ્તિનો સહજમાર્ગ દર્શાવે છે. શરીર તે વસ્ત્ર નથી, વસ્ત્ર તે શરીર નથી, બંને ભિન્ન છે. તેમ શરીર તે આત્મા નથી, આત્મા તે શરીર નથી, બંનેના ગુણધર્મો-લક્ષણો ભિન્ન છે. શરીર અને આત્માનો સંયોગ સંબંધ છે. સંયોગે ભેગા થાય, સંયોગથી વિયોગ થાય પણ બંને દ્રવ્ય ભિન્ન છે તેથી એકની અસર બીજાને થાય નહિ. એટલે પંડિત દૌલતરામજી 'છ ઢાળા' માં લખે છે.

"તન ઉપજત અપની ઉપજ જાન, તન નશત આપકો નાશ જાન". અજ્ઞાની-બહિરાત્મા શરીરની ઉત્પત્તિથી આત્માની ઉત્પત્તિ માને છે તથા શરીરના નાશને આત્માનો નાશ માને છે એમ છે

નહિ. બંને ભિન્ન ભિન્ન છે. શરીરમાં આત્મબુદ્ધિ હોવાથી વિપરીત માન્યતામાં બહિરાત્મા જીવે છે. પરના શરીર સંબંધી પણ આવો જ મોહ હોય છે. સ્ત્રી, પુત્ર, પરિવારના શરીરનો નાશ થતાં આત્માનો નાશ માની મરણ સમયે ઘણું આર્ત્તધ્યાન કરે છે. અંતરાત્મા ભેદજ્ઞાની હોવાથી શરીરના નાશને આત્માનો નાશ માનતા નથી તેથી વ્યાકુળતાથી જીવતાં નથી.

પરમકૃપાળુદેવની અમૃતવાણી છે, "જ્ઞાનસ્વરૂપપણું એ આત્માનું મુખ્ય લક્ષણ છે. તેના અભાવવાળું મુખ્ય લક્ષણ જડનું છે. તે બંનેના અનાદિ સહજ સ્વભાવ છે. આ તથા બીજાં સહસ્ત્રાગમે પ્રમાણો આત્માને નિત્ય પ્રતિપાદન કરી શકે છે. તેમ જ તેનો વિશેષ વિચાર કર્યે સહજસ્વરૂપ નિત્યપણે આત્મા અનુભવવામાં પણ આવે છે. જેથી સુખદુઃખ આદિ ભોગવનાર, તેથી નિવર્તનાર, વિચારનાર, પ્રેરણા કરનાર એ આદિ ભાવો જેના વિદ્યમાનપણાથી અનુભવમાં આવે છે, તે આત્મા મુખ્ય ચેતન (જ્ઞાન) લક્ષણવાળો છે; અને તે ભાવે (સ્થિતિએ) કરી તે સર્વકાળ રહી શકે એવો નિત્ય પદાર્થ છે. એમ માનવામાં કંઇ પણ દોષ કે બાધ જણાતો નથી, પણ સત્યનો સ્વીકાર યથારૂપ ગુણ થાય છે." પરમકૃપાળુદેવની ગહનગિરા નિત્યતાની સિદ્ધિ આપે છે.

જેમ વસ્ત્રનો નાશ થતાં તે વસ્ત્ર પહેરનાર માણસ પોતાનો નાશ માની લેતો નથી; વસ્ત્રની બાંય કપાય તેથી કાંઈ મનુષ્યનો હાથ કપાઈ જતો નથી; તેમ સ્વદેહનો નાશ થતાં જ્ઞાની પોતાનો નાશ માનતા નથી. શરીર પુષ્ટ-જીર્ણ કે નષ્ટ થાઓ તે ત્રણેય અવસ્થાથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ હું આત્મા છું. શરીરાદિથી ભિન્ન છું. વસ્ત્રની જેમ દેહ નાશવંત છે પણ દેહમાં રહેલો આત્મા અવિનાશી છે. નટ જેમ વસ્ત્રો બદલી વેશ જુદા જુદા ધારણ કરે છે તેમ જીવ નવા નવા દેહ ધારણ કરે છે. ત્યાં સુધી સંસારમાં ભમ્યા કરે છે પણ અંતરાત્મા જાણે છે કે આત્મા નિત્ય, અછેદ્ય, અભેદ્ય, જન્મમરણાદિથી રહિત છે. શરીરના નાશ સાથે આત્માનો નાશ થાય જ નહિ.

"જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઇ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ."

જડ જડ છે. ચેતન ચેતન છે. જેમ કોઇને સ્વપ્ન આવ્યું કે 'હું મરી ગયો'-એવા સ્વપ્નથી ભયભીત થતાં રાડ પાડી-જાગ્યો, જાગીને જોયું અરે ! હું તો જીવતો છું. સ્વપ્નમાં મેં મને મરી ગયેલો માન્યો તે મારી ભ્રમણા હતી. તેમ જીવ આ દેહ છોડીને બીજા ભવમાં જાય ત્યાં અજ્ઞાનનિદ્રામાં સૂતેલો અજ્ઞાની એમ માને કે 'હું મરી ગયો'. દેહદૃષ્ટિથી એમ માને છે, ખરેખર દેહના નાશથી આત્માનો નાશ થતો નથી. જ્ઞાનીને મરણનો ભય નથી. ભેદજ્ઞાનની દૃષ્ટિ જ્ઞાનીને નિરંતર હોય છે. પોતાના દેહનો નાશ કે બીજાનું મૃત્યુ બંનેમાં જ્ઞાની સમત્વભાવે રહે છે. શરીરને આત્માથી ભિન્ન સ્વીકાર કર્યો છે. સદાય ચૈતન્યના અવલંબને જીવતાં હોય છે. હું નિત્ય, ધ્રુવ, અવિનાશી છું એવું વેદન જ્ઞાનીને સદા વર્તતું હોય છે. જ્ઞાની શરીરના નાશથી પોતાનો નાશ માનતા નથી. અવિનાશી જ્ઞાન સ્વરૂપે સ્વને અનુભવે છે. જ્ઞાનીને પરમ સમાધિ વર્તે છે. સમત્વભાવમાં રહીને જ્ઞાની નિજાશ્રયે જીવતા હોય છે.

**વિશેષાર્થ :** હવે શબ્દોના વિશેષભાવ સમજવા અભ્યાસ કરીએ :-

(૧) **યથા વસ્ત્રે નષ્ટે** - જેમ વસ્ત્ર નાશ પામે છે. મનુષ્ય વસ્ત્ર પહેરે છે. અમુક સમય પછી વસ્ત્ર નાશ પામે છે. અંતરાત્મા જાણે છે કે વસ્ત્રનો નાશ થતાં શરીરનો નાશ થતો નથી.

(૨) **આત્માનં નષ્ટં ન મન્યતે** - વસ્ત્ર બદલાય છે. પહેરેલું વસ્ત્ર દૂર થાય અને બીજું વસ્ત્ર ધારણ થાય તેમાં શરીરનો નાશ થતો નથી. વસ્ત્ર અને શરીર બંને ભિન્ન છે. દરિયાનું બિન્દુ દરિયામાં રહે ત્યાં સુધી તેને દરિયો કહેવાય છે. તેમ જ્ઞાની દરિયારૂપ આત્મામાં રહે છે તે દરિયારૂપ-જ્ઞાનરૂપ થઈ ગયા છે. દરિયાનું બિન્દુ દરિયાની મિત્રતા છોડી દે તો સ્વયં નષ્ટ થઇ જાય પરંતુ દરિયો તો દરિયો જ રહે. તેમ શરીર છૂટી જવાથી શરીર નાશ પામે પણ આત્મા તો સહજ જ્ઞાન સ્વરૂપ અવિનાશી જ રહે છે. આત્મા જ્ઞાન, જ્ઞાન રૂપ જ રહે છે.

(૩) **बुध स्वदेहे अपि नष्टे** - અન્તરાત્મા પોતાના દેહનો નાશ થવા છતાં આત્મા નાશ પામે છે એમ જાણતા નથી પણ આત્મા અવિનાશી, નિત્ય છે એમ જાણે છે કારણ કે ભેદજ્ઞાનની દિવ્ય જ્યોતિના પ્રકાશમાં જ્ઞાની સદા જીવંત હોય છે.

ગ્રંથાધિરાજ સમયસારની આત્મખ્યાતિ ટીકાના કળશ ૧૨૯માં શ્રી અમૃતચંદ્રાચાર્ય ફરમાવે છે,

**सम्पद्यते संवर एव साक्षाच्छुद्धात्मतत्त्वस्य किलोपलम्भात् ।**
**भेदविज्ञानत एव तस्मात् तत्भेद विज्ञानमतीव भाव्यम् ॥**

અર્થાત્ સંવર થવાનું પ્રથમ કારણ ભેદવિજ્ઞાન છે. આત્મજ્ઞાની સંવરમાં જીવતાં હોય છે. સાક્ષાત્ સંવર ખરેખર શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિથી થાય છે અને તે શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ ભેદવિજ્ઞાનથી થાય છે. માટે તે ભેદવિજ્ઞાન અત્યંત ભાવવા યોગ્ય છે. આ શરીર અને આત્મા ભિન્ન છે. શરીરના નાશથી આત્માનો નાશ થતો નથી. આ ભાવના ભેદવિજ્ઞાનના અભ્યાસથી જ્ઞાનીને સાક્ષાત્ હોય છે. અવિછિન્નધારાએ ભેદજ્ઞાન ભાવવાથી જીવ ભવ-ભ્રમણની પરિપાટીથી મુક્ત થાય છે.

શ્રી પૂજ્યપાદ આચાર્યે ચાર ઉદાહરણ આપીને ભેદજ્ઞાનની સમજણ આપી છે. જાડું વસ્ત્ર પહેરવાથી શરીર જાડું થતું નથી. શરીર પુષ્ટ થવાથી આત્મા પુષ્ટ થતો નથી કારણ બંને ભિન્ન છે.

વસ્ત્ર જીર્ણ થાય તેથી શરીર જીર્ણ થતું નથી. શરીર જીર્ણ થાય તો આત્મા જીર્ણ થતો નથી. કારણ શરીર અને આત્માનું ભેદજ્ઞાન જ્ઞાની સદા ભાવતાં હોય છે.

વસ્ત્રનો નાશ થાય તો શરીર નાશ પામતું નથી તેમ શરીર નાશ પામવાથી આત્મા નાશ પામતો નથી. શરીર વિનાશી છે, આત્મા અવિનાશી છે એવું ભેદજ્ઞાન જ્ઞાનીમાં સાક્ષાત્ જીવંત હોય છે. ભેદજ્ઞાનથી સિદ્ધદશા પ્રાપ્ત થાય છે. ભેદજ્ઞાનની અપૂર્વ કલા અંતરાત્માને હસ્તગત હોય છે. અત્યંત સરળ શૈલીમાં સહજ, સરળ દૃષ્ટાન્તથી શ્રી આચાર્યે આ વાતને પ્રગટ કરી છે.

જીવ અલ્પમતિ હોય તો એટલું તો જાણે છે કે વસ્ત્રના નાશથી શરીરનો નાશ ન થાય પરંતુ વસ્ત્રાદિનું મમત્વ વસ્ત્રનાશથી દુઃખદાયક લાગે છે તથા શરીર અને આત્મા મમત્વના કારણે એકરૂપ લાગે છે. દેહ સાથે મમત્વ છે એમ સર્વ પદાર્થોથી મમત્વ છે તેથી બહિરાત્મા દુઃખી થાય છે. અંતરાત્મા વસ્ત્ર અને શરીરથી તથા શરીર અને આત્માથી ભેદજ્ઞાન સાધે છે તેથી સુખી રહે છે.

બહિરાત્મા દેહપાશથી એવો બંધાયેલો છે કે તેને દેહની ક્ષણિકતાનું ભાન નથી. દેહની ક્ષણિકતા સમજાય તો પૂર્વે આવા કેટલા દેહ ધારણ કર્યા અને કેટલા દેહ છોડ્યા ? એક દેહને બચાવી ન શક્યો. કેવળ જે ગતિમાં ગયો ત્યાં દેહનું મમત્વ કરી દુઃખી થયો. દેહના મમત્વમાં ગળાડૂબ થઇ ગયો. બહિરાત્મા પોતે મૃત્યુ પામે તેનું મમત્વ-મૃત્યુ સમયે જોવા રહેતો નથી પણ કુટુંબના સભ્યો મૃત્યુ પામે ત્યાં મમત્વને કારણે શરીરનું મૃત્યુ થયું તેને આત્માનું મૃત્યુ માની લઈ, દુઃખી થાય છે. ત્યારે અંતરાત્મા જાણે છે કે વસ્ત્રના નાશે શરીરનો નાશ નથી અને શરીરના નાશે આત્માનો નાશ થતો નથી. નિત્ય આત્મા શાશ્વત છે. અનિત્યભાવનાની વિચારણા ઉત્તમ બોધ આપે છે,

''વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ;
પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ.''

આત્માની નિત્યતાનો બોધ લઇ અવિનાશીને ભજી લેવો.

પૂ. બહેનશ્રી ચંપાબેનની અમૃતભારતી કહે છે, ''રુચિની ઉગ્રતાએ પુરુષાર્થ સહજ લાગે અને રુચિની મંદતાએ કઠણ લાગે. રુચિ મંદ પડી જતાં આડે અવળે ચડી જાય ત્યારે અઘરું લાગે અને રુચિ વધતાં સહેલું લાગે. પોતે પ્રમાદ કરે તો દુર્ગમ થાય છે અને પોતે ઉગ્ર પુરુષાર્થ કરે તો પામી જવાય છે. બધેય પોતાનું જ કારણ છે. સુખનું ધામ આત્મા છે. આશ્ચર્યકારી નિધિ આત્મામાં છે - એમ વારંવાર આત્માનો મહિમા લાવી પુરુષાર્થ ઉપાડવો, પ્રમાદ તોડવો. શુદ્ધાત્માને જાણ્યા વગર ભલે ક્રિયાના ઢગલા

**(અનુસંધાન પાના નં. ૧૩ પર)**

૬

# શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર (ક્રમાંક-૩૪)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

**પ્રભુભક્તની પ્રશંસા દ્વારા પ્રભુભક્તિ**

● **મૂળ શ્લોક :**

**धन्यास्त एव भुवनाधिप ! ये त्रिसंध्य-,**
**माराधयन्ति विधिवद् विधुतान्य कृत्याः ।**
**भक्त्योल्लसत्पुलक पक्ष्मल देहदेशाः,**
**पादद्वयं तव विभो ! भुवि जन्मभाजः ॥३४॥**

● **અન્વયાર્થ :**
भुवनाधिप ! विभो ! त एव धन्याः ये जन्मभाजः भुवि विधिवत् त्रिसंध्य विधुत अन्य कृत्याः भक्त्या उल्लसत् पुलक पक्ष्मल देहदेशाः तव पादद्वयं आराधयंति ॥

● **શબ્દાર્થ : धन्याः** - ધન્ય છે, **ते** - તેઓ, તે જીવો, **एव** - જ, **भुवनाधिप** - હે ત્રિલોકીનાથ, **ये** - જેઓ, **त्रिसंध्यम्** - ત્રણ સંધિકાળે (પ્રભાત, મધ્યાહ્ન, સંધ્યા), **आराधयन्ति** - આરાધના કરે છે, **विधिवत्** - વિધિપૂર્વક, **विधुत** - છોડીને, **अन्य** - બીજા, સંસારી, **कृत्याः** - કાર્યો, **भक्त्या** - ભક્તિથી, **उल्लसित** - ઉલ્લાસથી, **पुलक** - પુલકિત, રોમાંચ, **पक्ष्मल** - વ્યાપ્ત, આર્દ્ર, **देहदशाः** - શરીરના અવયવો, રોમરોમ, **पादद्वयं** - ચરણયુગ્મને, **तव** - આપના, **विभो** - હે પ્રભો, **भुवि** - સંસારમાં, **जन्मभाजः** - પ્રાણીઓ, ભવ્યજનો.

● **સમશ્લોકી ગુજરાતી પદ્યાનુવાદ :**

(હરિગીત)

**હે ત્રણ ભુવનના નાથ ! જેઓ અન્ય કાર્યો છોડીને,**
**ત્રિકાળ વિધિવત્ પૂજતા તુજ ચરણને ચિત્ત જોડીને;**
**વળી ભક્તિના ઉલ્લાસથી રોમાંચવાળો દેહ છે,**
**આ પૃથ્વીમાં તે ભવ્યજનોને હે પ્રભુજી ! ધન્ય છે.(૩૪)**

(મંદાક્રાંતા)

**ભક્તિ કેરા ભરથી દિલ વ્યાપતા હોય જેના,**
**એવા પ્રાણી પ્રભુજી ચરણો આપના જે મજેના;**
**સર્વે કામો તજી દઈ પ્રભુ ભાવથી જે ભજે છે,**
**રૂડી રીતે સકળ સમયે ધન્ય તે તો બને છે. (૩૪).**

● **ભાવાર્થ :** હે ત્રિલોકીનાથ ! જેમના શરીરના અવયવો (રોમ રોમ) ભક્તિથી ઉલ્લસિત અને રોમાંચિત થઈ રહ્યા છે, એવા જે પ્રાણીઓ સંસારમાં બીજા કાર્યોને મૂકીને વિધિપૂર્વક આપના યુગલ ચરણની ત્રિકાળ આરાધના કરે છે તેઓ જ ધન્યવાદને પાત્ર છે.

● **વિશેષાર્થ / પરમાર્થ :** શ્લોક-૩૦ સુધી, પ્રભુને સાચી રીતે ભજવાથી કેવા ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે તે, અને શ્લોક ૩૧ થી ૩૩ માં પ્રભુની અશાતના કરવાથી કેવા દુઃખકારી ફળની પ્રાપ્તિ થાય છે તે આચાર્યશ્રીએ દર્શાવ્યું.

હવે પછીથી સિદ્ધસેન દિવાકરસૂરિજીના ભાવ નવો વળાંક લે છે અને તે અનુસાર વાણી પણ પરિવર્તન પામે છે. પ્રભુને રોમે રોમ ઉલ્લસિત ભાવે ભજનાર ભક્ત આ અવનિમાં ધન્ય પુરુષ છે એમ આચાર્યશ્રી જણાવે છે. તેની સાથે સાથે તેમની સ્મૃતિમાં એ સ્પષ્ટ થાય છે કે આ જીવે (પોતે) આવી ધન્યતા આ પૂર્વે કદી પણ પ્રાપ્ત કરી નથી અને પરિણામે અસહ્ય દુઃખદ પરિસ્થિતિમાંથી તેમના આત્માને અને અન્ય એવા આત્માઓને પસાર થવું પડ્યું છે. તે પ્રકારની ભક્તિ પૂર્વે ન કરવા બદલ તેમના આત્મામાં ઉત્કટ પશ્ચાત્તાપ અને અફસોસ પ્રગટે છે. હવે પછીના ૮ શ્લોકમાં આચાર્યશ્રી આ ભાવ પ્રદર્શિત કરે છે.

પ્રભુના શરણમાં રહી શુભ પ્રવૃત્તિ કરનાર અને પ્રભુની સામા પડી અશુભ પ્રવૃત્તિ કરનારને શું શું ફળ મળે છે, તેનો ચિતાર આપ્યા પછી, એ બન્નેમાં પ્રભુને પૂજનાર વ્યક્તિ ધન્ય છે એ બતાવતાં આચાર્યશ્રી આ શ્લોકમાં જણાવે છે કે, "હે ત્રિલોકનાથ ! (૧) જે ભવ્યજનો આ પૃથ્વીને વિશે અન્ય તમામ કાર્યો છોડીને, (૨) ભક્તિના ઉલ્લાસથી રોમાંચિત બની, (૩) ત્રણે કાળ આપના ચરણકમળનું યથાશાસ્ત્ર આરાધન કરે છે, તેમને ધન્ય છે."

આચાર્યશ્રી કહે છે કે તે જીવો ધન્ય છે કે જે

જીવો અન્ય (સાંસારિક, પાપાસ્રવવાળા) સર્વ કાર્યો છોડીને, ભક્તિના ઉલ્લાસથી રોમાંચિત બની, નિરંતર શ્રી સર્વજ્ઞ પ્રભુના ચરણકમળની સેવા કરે છે. જે જીવ આવી રીતે સાચા ભાવથી પ્રભુને ભજે છે, તે જીવ ભવ્ય હોય છે. ભવ્ય એટલે અમુક કાળ પછી મોક્ષમાં જવાવાળો, અર્થાત્ જેના સંસારનો અંત છે તે. અભવ્ય જીવને પ્રભુની સેવા-ભક્તિ કરવાના સાચા 'ભાવ' થતાં નથી, એ જે કાંઈ થાય છે તે ઉપર-છલ્લા, અથવા તો લોકોને બતાવતા પૂરતા, અથવા તો સંસારના સુખની ઈચ્છાથી જ હોય છે. સંસાર અને સંસારના દુઃખોથી છૂટવાના ભાવ અભવી (અભવ્ય) જીવને સંભવી શકતા નથી, જેથી સાચી પ્રભુભક્તિ તેને જાગતી નથી. આથી આવો જીવ પ્રભુની સેવા-ભક્તિ કરે છે તો પણ તેને આત્માર્થે કશો લાભ થતો નથી. માત્ર પુણ્ય ઉપાર્જન થવાને કારણે સંસારસુખ મળે છે. આમ, અભવીને ક્યારેય પ્રભુભક્તિની ધન્યતા પ્રાપ્ત થતી નથી. એ ધન્યતા માત્ર ભવ્ય જીવને જ મળે છે કારણ કે ભક્તિના પરિણામરૂપે તેને સંસારનાશ હોય છે. આમ, સાચી પ્રભુભક્તિ જગાવવા માટે ભવ્યપણું હોવું એ અગત્યનું છે. તે વાત શ્લોક-૩૪ ના ચોથા ચરણમાં દર્શાવેલ છે. ભવ્યજીવની ભક્તિ કેવી હોવી જોઈએ તે શ્લોકના પહેલા ત્રણ ચરણમાં કહે છે.

ત્રણ લોકના નાથસ્વરૂપ સર્વજ્ઞ પ્રભુની ભક્તિ ભવ્ય જીવ કરે છે ત્યારે તે ધન્ય થાય છે. જીવ જેને હૃદયપૂર્વક ભજે તેના જેવો તે થાય તે સિદ્ધાંત છે. જેની ભજના થતી હોય, તેની પાસે જે-જેટલું હોય તે-તેટલું જ તે ભજનારને આપી શકે. આથી પરમાર્થે જે સર્વોત્કૃષ્ટ હોય તે જ સર્વોત્કૃષ્ટ સમૃદ્ધિ આપી શકે. સર્વજ્ઞ તીર્થંકર પ્રભુ જેટલું સામર્થ્ય બીજા કોઈમાં પણ નથી, તેથી તેમને ભજનારને જેટલી ધન્યતા પ્રાપ્ત થાય છે, તેટલી ધન્યતા અન્ય કોઈને પ્રાપ્ત થતી નથી.

આ ભક્તિ દરરોજ ત્રણે સંધિકાળે ભાવથી કરે, તે સમયે અન્ય સંસારી કાર્યોમાં ચિત્ત ન હોય તથા શાસ્ત્રોક્ત વિધિથી કરે અર્થાત્ તે બધી વિધિ ભાવપૂર્વક પ્રભુમાં એકાગ્ર થઈ કરે છે, કારણકે જે કંઈ ફળ છે તે ભાવ અનુસાર છે, યંત્રવત્ ક્રિયા કરવાથી સાચું ફળ પ્રાપ્ત થઈ શકતું નથી. તેથી જ આગળ શ્લોક-૩૮માં આચાર્યશ્રી કહે છે **यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः** અર્થાત્ ભાવ વિનાની ક્રિયાનું ફળ શૂન્ય છે.

અહીં 'ધન્યતા' શબ્દ શું સૂચવે છે ? જે જીવ પોતાના આરાધ્યદેવને (સર્વજ્ઞ પ્રભુને) સાચી ભક્તિથી પૂજે છે તે જીવ, પોતાના આરાધ્યદેવ સમાન ઋદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત કરે છે. એ જ ધન્યતા છે.

જો ભવ્ય જીવ, સર્વજ્ઞ પ્રભુના ચરણને, ત્રિસંધિકાળે, શાસ્ત્રમાં જણાવેલી રીત પ્રમાણે, તેમનામાં જ ચિત્ત રાખીને પૂજે તો તે જીવ પર તાત્કાલિક અસર શું થાય ? તેણે યથાર્થ પૂજા કરી છે કે નહિ તેની કસોટી કેવી રીતે થાય ? તેનો જવાબ શ્લોકના ત્રીજા ચરણમાં મળે છે. ભવ્યાત્મા પ્રભુની સાથે તાદાત્મ્ય સાધી, એકરૂપ બની, અન્ય (સંસારી, પાપાસ્રવ, અપ્રયોજનભૂત) કાર્યોથી અલિપ્ત બની, પ્રભુના ચરણમાં લીન બને છે ત્યારે તે જીવના રોમેરોમમાં ભક્તિ પ્રસરી જાય છે અને તેના આત્માને સાચી પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. ભક્તના દેહના રોમેરોમ પ્રફુલ્લિત થઈ રોમાંચ અનુભવે છે. ભક્ત એ મધુરતામાં લીન બની, પ્રભુનું સમીપપણું અનુભવી અસંખ્ય કર્મોનો નાશ કરે છે. પ્રભુની ભક્તિ કરતાં કરતાં એવી લીનતા ભક્તમાં પ્રગટે છે કે આત્માની પ્રસન્નતા દેહ સુધી પ્રસરી જાય છે. આ પ્રકારનો અનુભવ જે ભક્તને થાય તેને આ અવનિમાં ધન્ય છે. આવો ઉલ્લાસ પ્રાપ્ત કરવા માટે જીવે કયા કયા લક્ષણો કેળવવા જોઈએ અને કેવી રીતે ભક્તિ કરવી જોઈએ તે શ્લોકના પ્રથમ બે ચરણમાં આચાર્યશ્રી જણાવે છે.

સાચી ભક્તિનું સ્વરૂપ આ શ્લોકમાં દર્શાવ્યા પછી, જીવ પોતામાં રહેલી ઊણપ ત્યાગી, સાચી પ્રવૃત્તિ-ભક્તિ કરવા તત્પર બને છે. સિદ્ધસેન દિવાકરસૂરિજી અન્ય ધર્મીઓ (વિક્રમ રાજા, દરબારીઓ વગેરે શૈવ ધર્મી) વચ્ચે વસતા હતા અને એ બધા જીવો પોતાના સંપર્કમાં આવ્યા પછી, સાચું તત્ત્વ પામે એવી ભાવના તેમના હૃદયમાં છે. આવે

વખતે, બનેલા ચમત્કાર (શિવલીંગ ફાટીને તેમાંથી પ્રગટેલ પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા) ના અનુસંધાનમાં, સાચી ભક્તિનું યથાર્થ ચિત્ર રજૂ કરવામાં આવે તો ઉપસ્થિત રાજા-દરબારીઓ-પ્રજામાં સાચી ભાવના અને સાચી ભક્તિ જાગે. વળી, પાર્શ્વનાથ પ્રભુની ભક્તિથી, સાચા ભક્તનાં અંગ અંગ કેવા પુલકિત થાય છે તેનો ખ્યાલ શ્રોતાઓને આવે અને આ પ્રત્યક્ષ ઉદાહરણ અસરકારક નીવડે.

જ્યારે આચાર્યશ્રી આ સ્તોત્ર બોલે છે ત્યારે તેઓ વિચાર કરી રચના કરે છે એમ નથી. તેઓ તો ભક્તિમાં એટલા બધા લીન બની ગયા હોય છે કે પ્રભુની આજ્ઞામાં રહી સહજપણે રચના થતી જાય છે. અહીં ભક્તનું સાચું ચિત્ર મળવાની સાથે આચાર્યશ્રીની ભક્તિ તથા દશાનો તાગ મળે છે. જો તેમના રોમેરોમમાં ભક્તિ પ્રસરીને તેમને ઉલ્લસિત બનાવી ન રહી હોત તો પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પ્રગટવાનો ચમત્કાર બન્યો જ ન હોત. વળી, જો તેઓ આત્માની ઉચ્ચ અવસ્થાએ વસ્યા ન હોત તો, તેઓ ભક્તિમાં અત્યંત લીન બની શક્યા હોત નહિ.

આ શ્લોકની શરૂઆતમાં એક ઉત્તમ વિશેષણથી ભક્તોને અલંકૃત કરવામાં આવ્યા છે. ભક્તને પ્રારંભમાં જ ધન્યવાદ પાઠવ્યા છે. ધન્ય કોણ છે તેનું વિધાન પછી કરેલ છે. પાર્શ્વ પ્રભુને 'અન્યોક્તિ (તેમના ભક્તોને ધન્ય કહીને) અલંકાર' થી વિભૂષિત કરેલ છે. ભક્તની ધન્યતાના માધ્યમથી પરમાત્માની મહત્તા પ્રદર્શિત કરેલ છે. ભક્તો વિધિવત્ ત્રિકાળસંધ્યા કરતા ધન્ય એટલા માટે છે કે તેઓ જિનેશ્વરના ચરણોની ઉપાસના કરે છે. જિનેશ્વરના ચરણ જ મૂળભૂત મહિમાપૂર્ણ છે.

આ શ્લોકમાં બે વાર જિનેશ્વરને સંબોધન છે **भुवनाधिपति** અને **विभु** સંબોધનમાં ભક્તિનો અતિરેક તથા ગુણાધિક્ય પ્રગટ કરવાના ભાવ સાથે સંબોધનનું સ્વરૂપ ભગવાનના વિશિષ્ટ ગુણોને પ્રતિપાદિત કરે છે. **भुवनाधिप** કહીને પ્રભુના અનંત જ્ઞાન અને અનંત વીર્યનું આખ્યાન કરેલ છે. ભગવાનના અનેક પૂર્વ જન્મોની સાધનાના અંતે તેઓને જે સિદ્ધિ ઉપલબ્ધ થઇ છે તેને કારણે તેઓ **विभु** કહેવાય છે.

પ્રાયે શાસ્ત્રોમાં ભક્તિનું લક્ષ્ય સ્વયં પરમાત્માને ન માનતાં તેઓના ચરણકમળનેજ ઉપાસ્યનું કેન્દ્ર માનવામાં આવેલ છે. તેથી જ આ શ્લોકમાં આચાર્યશ્રીએ **पादद्वयम्** કહીને ચરણયુગલનો ઉલ્લેખ કર્યો છે.

આરાધનાનો મુખ્ય સ્તંભ મન અથવા મનોયોગ છે. મનની સ્થિરતા, પવિત્ર વિચારોનો સંપુટ અને રાગ-દ્વેષાદિ કષાયભાવોથી મુક્ત મન આરાધનાના શ્રેષ્ઠ સાધન છે. મનોયોગના અભાવમાં સમગ્ર આરાધના માત્ર કોરી ચેષ્ટા બની જાય છે. જુઓ શ્રીમદ્ રાજચંદ્ર રચિત આત્મસિદ્ધિ શાસ્ત્ર ગાથા-૩ (કોઈ ક્રિયાજડ થઇ રહ્યા...) અને કલ્યાણમંદિર શ્લોક-૩૮ (**यस्मात् क्रियाः प्रतिफलन्ति, न भावशून्याः**) પવિત્ર મનથી સંપૂર્ણ જીવન સ્વયં આરાધનામય બની જાય છે. આરાધના આત્માને પ્રાપ્ત કરવામાં (સમ્યગ્દર્શનમાં) ઉત્તમ સાધન છે. ઉપાસના, ભક્તિ, પૂજા, સાધના વગેરેનો સમાવેશ આરાધનામાં થાય છે. આરાધનાના બે પૂરક પક્ષ, જ્ઞાનાત્મક અને ક્રિયાત્મક, આગમમાં પ્રસિદ્ધ છે. એટલે જ મહાન જૈનાચાર્યોએ કહ્યું કે, '**( सम्यक् ) ज्ञान क्रियाभ्याम् मोक्षः** ।'

અત્રે આરાધનાના મુખ્ય ત્રણ વિશેષણો જણાવ્યા છે : (૧) આરાધના વિધિવત્ હોવી જોઇએ, (૨) ત્રૈકાલિક હોવી જોઇએ અને (૩) અન્ય કૃત્યનો પરિત્યાગ હોવો જોઇએ. **अन्य कृत्य** = સાધનાને પ્રતિકૂળ કૃત્ય, વિપરીત કૃત્ય, બાધક ક્રિયાઓ, અનુચિત કર્મ છે. **विधूत** = દૂર કરેલ છે, ધિક્કાર્યા છે, વિશેષરૂપે ધોઈ દીધા છે. જ્યારે સાધક આરાધના કરે ત્યારે તેની ક્રિયાઓ વાસનાથી વાસિત ન હોવી જોઇએ. બીજું વિશેષણ છે - **विधिवत्** એટલે વિનયશીલતા, સમર્પણ, અહંકારમુક્તિ અને નમ્રતાનું પ્રાગટ્ય.

આ બધા સદ્ગુણો વિધિના પ્રાણ છે. કોઇપણ કાર્ય વિધિવત્ કરવાથી જ સફળ થાય છે, યોગ્ય વિધિના અભાવમાં વિકૃત થઇને કાર્ય બગડી જાય છે. ત્રીજું વિશેષણ છે - **त्रिसन्ध्यं** ભક્તિનો

સમય શાસ્ત્રકારોએ નિર્ધારિત કર્યો છે : પ્રાતઃકાળ, મધ્યાહ્ન અને સંધ્યા. ત્રણેય એક અપેક્ષાએ સંધિકાળ છે. સંધિકાળમાં કરવામાં આવેલ ઉપાસના-સાધના મહત્ત્વપૂર્ણ હોય છે. તેમાં પણ ત્રણેય સમય અન્ય વ્યાપાર છોડીને **विधुतान्यकृत्य** બનીને દેવાધિદેવની જે આરાધના કરે છે તેઓ અવશ્ય ધન્ય બની જાય છે.

ઉપાસનાના ત્રણ અંગો પર પ્રકાશ પાડ્યા પછી આચાર્યશ્રીએ શ્લોકના ત્રીજા ચરણમાં એક ચોથી ભાવના (માન્યતા અને પરિણામ) નો ઉલ્લેખ કર્યો છે, તે છે ભક્તની દેહસ્થિતિ. અર્થાત્ ઉપાસનાના સમયે જે વાસ્તવિક ભક્તિરસમાં નિમગ્ન છે તેમની ભાવાત્મક અને ગુણાત્મક સ્થિતિ. ઉલ્લસિત ભક્તિથી સાડાત્રણ કરોડ રોમરાશિ પ્રફુલ્લિત થઈને રોમાંચિત બને છે. ઋષભદેવ પ્રભુના સ્તવનમાં અવધૂત શ્રી આનંદઘનજી મહારાજ કહે છે કે ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું.. જેમાંથી ચિત્તની પ્રસન્નતા ઉત્પન્ન થાય તે પૂજા સાચી છે.

**भुवि जन्मभाजः** કહીને આચાર્યશ્રીએ જન્મભૂમિને પણ ધન્ય કરવાવાળા પુરુષો તરફ ઇશારો કરીને તે જન્મભૂમિને પણ ધન્યતા પ્રદાન કરી છે. શાસ્ત્રોમાં અને વ્યવહારમાં જન્મભૂમિની ગુણગાથાઓ પ્રસિદ્ધ છે. દેવાધિદેવની જન્મભૂમિ તો તીર્થ બની જાય છે.

પ્રભુના **पादद्वयं** શું છે ? પરમાત્માના અનંત દર્શન અને અનંત જ્ઞાન જ પરમાત્માના પ્રમુખચરણ છે. ભક્ત આ ચરણકમળોનો સહારો લે છે ત્યારે જ તે હકીકતમાં ધન્ય બને છે. માત્ર બાહ્ય ઉપાસના જીવને ધન્ય બનાવતી નથી. ઉપાસક (ભક્ત) અને ઉપાસ્ય (પાર્શ્વપ્રભુ) બન્ને વચ્ચે લૌકિક અંતર છે પરંતુ અલૌકિક અધ્યાત્મ દૃષ્ટિએ બન્નેમાં જરા પણ અંતર નથી (જુઓ : શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર- ગાથા ૧૩૫, સર્વ જીવ છે સિદ્ધસમ..), તે અંતર દૂર કરવું તે જ અધ્યાત્મનું નવનીત છે. અત્રે ધન્ય કહેતાં માત્ર ભક્ત જ નહીં પણ ભક્ત-ભગવાનનું ઐક્ય જ લક્ષ્ય છે, જે આ શ્લોકનું રહસ્ય છે. મૂર્તિની પૂજા નહીં, પણ મૂર્તિના માધ્યમથી ભગવાનની પૂજા છે. બાહ્ય સાધન કરણ માત્ર છે અને તે પણ ભૌતિકકરણ, જ્યારે આંતરિક સાધન કરણ, કાર્ય, કર્તા એ ત્રણેયનું ઐક્ય છે.

સિદ્ધસેન દિવાકરસૂરિજી કહે છે કે, હે પ્રભુ! જે ભક્તજનો વિભાવિક પ્રવૃત્તિ ટાળી, આપના પ્રત્યે અતૂટ શ્રદ્ધા અને ભક્તિથી ત્રણેકાળ આપના ચરણકમળની આરાધના કરે છે, તે ધન્ય છે ! આવા ભક્તજનોનું મનુષ્યગતિમાં અવતરણ સફળ થયું ગણાય. અર્થાત્ જે સાધકો પાર્શ્વનાથ પ્રભુના અનન્ય આશ્રિત થઇ, નિરંતર તેઓની આજ્ઞામાં જ વર્તવાની નિષ્ઠા રાખે છે, તેઓ પોતાનું આત્મકલ્યાણ અવશ્ય સાધે છે.

પ્રભુ ત્યારે જ સાચા વહાલા લાગ્યા કહેવાય કે જ્યારે પ્રભુના ભક્તો પણ તેને વહાલા લાગે. એક પતિવ્રતા સ્ત્રીને પતિ પ્રત્યે જ્યારે સાચો પ્રેમ હોય છે ત્યારે તે પતિના સગાસંબંધી-માતા-પિતા-ભાઈ-બહેન વગેરેને પણ પોતાના સમજે છે. તેમ અહીં કવિશ્રી આચાર્ય પણ પ્રભુને સાચા અર્થમાં ચાહે છે. તેથી પ્રભુના ભક્તોને પણ ચાહે છે. માટે તેઓની પ્રશંસા કરીને તેમને ધન્ય કહે છે. 'વીતરાગ સ્તોત્ર' માં પ્રભુના શાસનમાં રત જીવોની સ્તુતિ કરેલી છે. દિગ્ગજ કુંદકુંદાચાર્ય દેવ પોતાની ચોથી પેઢીના શિષ્યને પણ ભાવથી વંદન કરે છે !

જે ભવ્ય જીવો જિનેશ્વર દેવની એકાગ્ર શુદ્ધ ચિત્તે આરાધના કરે છે તેમના જ જીવન ધન્ય છે, સાર્થક છે તેમ કહી તેવા ભક્તોની અત્રે પ્રશંસા કરી છે. વળી, પ્રભુની આરાધના કેવા એકાગ્રચિત્તે કરવી જોઇએ તેનું સ્વરૂપ પણ અત્રે પરમાર્થથી બતાવ્યું છે. આચાર્યશ્રી પોતે પણ આવા એકાગ્ર ચિત્ત વડે જ પાર્શ્વપ્રભુની પ્રાર્થના, ઉજ્જૈન નગરની ક્ષિપ્રા નદીના કિનારે મહાદેવ (શંકર) ના મહાકાલ પ્રાસાદમાં કરી રહ્યા હતા, જેના પ્રભાવથી પાર્શ્વનાથ પરમાત્મા (મૂર્તિ) પ્રગટ થયા અને શૈવધર્મી રાજા વિક્રમ (અને દરબારીઓ, પ્રજાજનો વગેરે) પણ જૈનધર્મી બન્યા.

અત્રે સુલસા શ્રાવિકાનું સ્મરણ કરવું. પ્રભુ મહાવીર પ્રત્યેની તેમની શ્રદ્ધા અને ભક્તિ અનુપમ હતા. તેથી જ તામલિ (આમ્નાયભેદે અંબડ) તાપસ

જોડે ખુદ મહાવીર પ્રભુએ પોતે સુલસાજીને ધર્મધ્યાન કરવાનો સંદેશો મોકલ્યો ત્યારે તામલિ તાપસે સીધી રીતે સંદેશો કહેવાને બદલે (સુલસાની શ્રદ્ધાની પરીક્ષા કરવા) જુદા જુદા બ્રહ્મા-વિષ્ણુ-મહાદેવ, અરે ખુદ મહાવીર પ્રભુના રૂપ બનાવીને (તે જુદા જુદા રૂપ ધારણ કરી શકતો) નગર બહાર રહ્યો. નગર આખું જોવાને ઉમટ્યું પણ સુલસા સાચી શ્રાવિકા હતી. વીરપ્રભુ અને તેમના માર્ગમાં જ તેની અનન્ય શ્રદ્ધા હતી, જેથી સખીઓના કહેવા છતાં સુલસા તેના દર્શને ન જ ગઈ. તેણે શ્રદ્ધાપૂર્વક કહ્યું કે પ્રભુ મહાવીર ખરેખર પધારે તો મારા સાડા ત્રણ કરોડ રોમરાય પ્રફુલ્લિત થઈ ઉઠે. પણ અત્યારે તેવું કશું મારા અંતરમાં થતું નથી તેથી ખરેખર મારા પ્રભુ પધાર્યા નથી, પણ આ કોઈક બહુરૂપી છે. આ જાણી તામલિ તાપસ નમી પડ્યો ને પ્રભુને સંદેશો રૂબરૂ આવીને, આપીને સુલસાની શ્રદ્ધાને બિરદાવી. તે સુલસા સતીએ આવી અપ્રતિમ શ્રદ્ધાના કારણે તીર્થંકર નામ ગોત્ર બાંધ્યું અને આગામી ચોવીસીમાં ૧૬મા તીર્થંકર **ચિત્રગુપ્ત** થશે.

જે ભવ્યજીવો પરમાત્માની ભક્તિમાં તલ્લીન છે, તે ધન્યવાદને પાત્ર છે. ભક્તિ હંમેશાં નિષ્કામ-નિઃસ્વાર્થ અને તન્મયતાપૂર્વક કરવી જોઈએ. જેને પ્રભુ પ્રત્યે અનન્ય શ્રદ્ધા છે, જે પ્રભુના ચરણમાં સમર્પિત છે, પ્રભુની આજ્ઞા એ જ જેનું જીવન છે, એવા ભક્તો ખરેખર પ્રશંસનીય અને ધન્ય છે. તેઓ સંસારના સર્વ સંબંધો કરતાં પણ જીવનમાં પ્રભુભક્તિને પ્રાધાન્ય આપીને કહે છે,

**અન્યથા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમ;**

**તસ્માત્ કારૂણ્ય ભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર.**

**ભાવાર્થ :** હે પ્રભુ ! આ વિશ્વમાં આપના સિવાય કોઈ શરણ નથી. અમારા માટે તો શરણાગત-વત્સલ એવા આપનું જ શરણ છે. તેથી અમારા પર કરુણા કરીને આપ અમારું રક્ષણ કરો, રક્ષણ કરો.

મીરાંને વહાલા શ્રી ગિરિધર અને નરસિંહને વહાલા શ્રીકૃષ્ણ, તો ગૌતમ અને સુલસાને વહાલા શ્રી મહાવીર. આ ભક્તોએ પોતાના હૃદયમંદિરમાં ભગવાનને પ્રતિષ્ઠિત કરીને તેઓ ભક્તિપૂર્વક અનન્ય ભાવે ત્રણ સંધિકાળે પ્રતિદિન આરાધના-ઉપાસના કરે છે.

● **ઉત્થાનિકા :** પરમાત્માના દરબારમાં પ્રભુને ભક્તિનો ઉપહાર અર્પણ કર્યા પછી હવેના શ્લોકોમાં સિદ્ધસેન દિવાકરસૂરિજી પાછા વળીને સ્વયંને જુએ છે, પોતાની ખામીઓ અને પરિણામે સર્જાતી દયાજનક પરિસ્થિતિ પ્રભુ સમક્ષ પ્રગટ કરે છે.

● **અંતમંગળ :** અંતમાં સહુ જીવ, સાંસારિક પ્રવૃત્તિ છોડીને આગમોક્ત રીતે ત્રિકાળ પ્રભુની ભક્તિ અને આરાધના કરીને આત્મકલ્યાણ કરે તેવી મંગલભાવના સાથે જિનાજ્ઞાથી કાંઈ વિપરીત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

## બાળ વિભાગ...

**પાના નં. ૩૨ પરથી ચાલુ...**

જઈને ગિલ્ડરે જોયું તો પ્રમુખ ક્લીવલેન્ડ સામાનની એક પેટી પર બેઠા હતા !

આ જોઈ ગિલ્ડરને આશ્ચર્ય થયું કે અમેરિકાના પ્રમુખ તો સામાનની એક પેટી પર બેઠા છે ! અને એમની સીટ પર કોઈ બાઈ બેઠી છે ! પછી પ્રમુખ પાસેથી ગિલ્ડરને સાચી વાત જાણવા મળી કે એ બાઈની પાસે એક નાનું બાળક હતું. એ બાઈ અને બાળકને સીટની વધુ જરૂર છે એમ સમજી લઈને પ્રમુખ ક્લીવલેન્ડે એ બાઈને પોતાની સીટ પર બેસાડી અને પોતે સામાનની પેટી પર બેઠા.

બીજાને સગવડ કરી આપવાના અથવા પોતે અગવડ વેઠી લેવાના, પ્રમુખના સ્વભાવની ગિલ્ડર મનોમન પ્રશંસા કર્યા વિના રહી શક્યા નહિ.

●●●

# પરિણામનું અવલોકન, લક્ષણો અને સાધના (ભાગ-૧૨)

રમેશભાઈ કાંતિલાલ ખંધાર

**પ્રકૃતિ અને ભોગવૃત્તિ છોડવાનું સાધન આત્મલક્ષી શુભભાવ છે.:-** તમસ, રજસ અને સત્ત્વરૂપ પ્રકૃતિઓ હોય છે. દરેક સમયે ત્રણે પ્રકૃતિઓ સાથે જ હોય છે. મુખ્યતા અને ગૌણતાએ ભેદ પડે છે. તમસ પ્રકૃતિમાં સ્વાર્થવૃત્તિ પ્રબળ હોય છે અને કોઈપણ ભોગે વિષયવાસનાને સંતોષવાના ભાવ હોય છે. કર્તાભાવની મુખ્યતા હોય છે. રજસપ્રકૃતિમાં પોતાના પુણ્યોદયથી પ્રાપ્ત સાધનસામગ્રીને ભોગવવાના ભોક્તાભાવની મુખ્યતા હોય છે. સત્ત્વપ્રકૃતિમાં શુભભાવની મુખ્યતા હોય છે. આત્મલક્ષની મુખ્યતાપૂર્વક શુભભાવ થાય તે વાસ્તવિક સત્ત્વપ્રકૃતિ છે અને તે જ સદ્ભુતવ્યવહાર છે. તેવી આત્મલક્ષી સત્ત્વપ્રકૃતિની સહાયતાથી તમસપ્રકૃતિરૂપ સ્વાર્થવૃત્તિ, કર્તાભાવ નિર્મૂળ થતાં જાય છે. તદુપરાંત, રજસપ્રકૃતિરૂપ ભોગવૃત્તિ પણ છૂટતી જાય છે. તેની સાથે તત્ત્વનિર્ણય પણ દૃઢ થતો જાય છે. અંતતા, ધ્યેયના-આત્માના લક્ષે ભેદજ્ઞાનનો અભ્યાસ કરી સત્ત્વપ્રકૃતિને (સદ્ભુતવ્યવહાર) પણ છોડવાની હોય છે. તેને છોડવાનો પુરુષાર્થ કરવો પડતો નથી પણ ભેદજ્ઞાનનો અભ્યાસ ધારાવાહી થતો જાય તેમ તે શુભભાવ સહજપણે છૂટતો જાય છે. આત્મસ્વરૂપની તીવ્ર રુચિરૂપ અને છૂટવાની અંતરતમ ભાવનારૂપ નિર્વેદ હોવા અનિવાર્ય છે.

ટૂંકમાં કહીએ તો ઉદયપ્રસંગને પ્રતિકાર એ આર્ત્ત-રૌદ્રધ્યાનરૂપ છે એ સમજ પણ હોવી અનિવાર્ય છે. ઉદયનો પ્રતિકાર રહિત સમજણપૂર્વકનો શાંતસ્વીકારભાવ એ ધર્મધ્યાન છે, સવિકલ્પધ્યાન છે. ઉદયપ્રસંગનો અંતરથી અસ્વીકાર પણ આર્ત્તધ્યાનરૂપ છે. એ ધ્યાનમાં રહે કે આત્મલક્ષની ભૂમિકા ગહન આત્મચિંતન, સ્વદોષનિરીક્ષણ, આત્મનિરીક્ષણ કર્યે જ તૈયાર થાય છે. જે જીવ સત્સંગ કે અન્ય શુભ ક્રિયા કરીને સંતોષાઈ જાય છે અને ચિંતન-મનન, આત્મનિરીક્ષણ કરતો નથી તે તત્ત્વનિર્ણય કરી આત્મલક્ષની ભૂમિકામાં આવતો નથી. તેથી તેની સર્વ શુભ ક્રિયા વંધ્યાવાત્ બની રહે છે. ભેદજ્ઞાનના અભ્યાસમાં પ્રવેશ જ કરી શકતો નથી.

**સંગ શું છે?**

સર્વ દ્રવ્યો સ્વતંત્ર છે. દરેક દ્રવ્ય પોતાના જ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહે છે, પરિણમે છે. કોઈ દ્રવ્યના પર્યાયોના પ્રવાહમાં અન્ય દ્રવ્ય ભંગ ન કરી શકે. બે દ્રવ્ય ભેગા થઈને એક પરિણામ પણ ન કરી શકે તથા એક દ્રવ્ય બે દ્રવ્યોના પરિણામ પણ ન કરી શકે. દરેક દ્રવ્યમાં આવી 'અકાર્યકારણત્વ' શક્તિ રહેલી છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યના પરિણામ કરી શકે કે ભોગવી શકે નહિ. આવી જ વસ્તુવ્યવસ્થા છે.

આત્માએ ફક્ત એકત્વ-મમત્વ-કર્તૃત્વ-ભોક્તૃત્વરૂપે જ પુદ્ગલ સાથે સંગ કરેલ છે. આત્મા અને કર્મનો સંયોગ પણ એકક્ષેત્રાવગાહરૂપ સંશ્લેષ સંબંધ છે. ક્ષીરનીરરૂપ સંબંધ હોવા છતાં બંને પોતપોતાના પર્યાયોના પ્રવાહક્રમમાં જ રહે છે. તેથી જ છૂટવાને અવકાશ રહે છે. આત્મા અને કર્મ એકરૂપ થયા હોય તો જીવનો મોક્ષ કદી થાય નહિ. તદુપરાંત, બે દ્રવ્ય મટીને એક દ્રવ્ય થઈ જાય અને છેવટે સમસ્ત લોક એકદ્રવ્યરૂપ થઈ જાય.

મિથ્યા માન્યતાથી જીવ પુદ્ગલ સાથે બંધાયેલો છે. અર્થાત્, મનથી જ માનસિક જોડાણ કરેલ છે. જે કષાયભાવ થાય છે તે તો આત્મા અને કર્મના સંયોગી અવસ્થાથી નીપજેલા વ્યતિરેક ભાવો છે. તે ભાવો ન તો એકલા આત્માના છે કે ન એકલા પુદ્ગલના છે. એકલો આત્મા કે એકલી કાર્મણ-વર્ગણા રાગાદિ કરી શકે નહિ તે સિદ્ધ કરે છે કે

રાગાદિને પોતાનું ત્રિકાળ અસ્તિત્વ નથી, 'હોવાપણું' નથી, સ્વતઃ સિદ્ધ નથી, કારણકે તેનું અસ્તિત્વ બે અસમાન જાતીય દ્રવ્યોની સંયોગી અવસ્થાને પરાધીન છે.

આત્મા રાગાદિ કરતો નથી તો પછી તેનો છૂટકારો કેમ થતો નથી? તે પોતાના શુદ્ધસ્વભાવરૂપ કેમ પરિણમતો નથી? તેનું કારણ એ છે કે તે સંયોગીભાવરૂપ રાગાદિમાં પોતાપણું કરે છે, તેને પોતાના સ્વભાવરૂપ સમજે છે. જ્યાં દૃષ્ટિ હોય ત્યાં ઉપયોગ પરિણમે. "જ્યાં મતિની મગ્નતા, તેની થાય પ્રતીત; જેની થાય પ્રતીત ત્યાં જ થાય મન લીન"- સમાધિશતક. તેથી આખો અનાદિ કાળનો સંસાર દૃષ્ટિની વિપરીતતાને લીધે જ લીલોછમ રહે છે. "ઊપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર." અર્થાત્, દૃષ્ટિફેર ફેર છે. દૃષ્ટિપલટો કરતા જ ઉપયોગ અંતર્મુખ થઈને પોતાના નિજસ્વરૂપને વેદે છે, અનુભવે છે. "અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર." તેથી અનંતા જ્ઞાનીઓએ એક જ વાત કરેલ છે કે પોતાના પરિણામના અવલોકનરૂપ અંતર્મુખતાની સાધના એ જ મોક્ષમાર્ગ છે. 'કેવળ અંતર્મુખ થવાનો સત્પુરુષોનો માર્ગ સર્વ દુઃખક્ષયનો ઉપાય છે'-શ્રીમદ્ રાજચંદ્રજી

છદ્મસ્થ અવસ્થામાં સંયોગી અવસ્થાથી થતા રાગદ્વેષને વિવેકપૂર્વક પોતાના જ્ઞાનમાં માત્ર જાણવા એ જ આત્મજાગૃતિ છે અને દર્શનમોહનું મારણ છે.

આ અભ્યાસ અને સમજણનો સાર એટલો જ છે કે બાહ્યસંયોગરૂપ સ્ત્રી, પુત્ર, પદ, પ્રતિષ્ઠા, લક્ષ્મી વગેરે નોકર્મ હું નથી. આત્માના અસંખ્યપ્રદેશે ચોંટેલા ક્ષીરનીરરૂપ સંયોગી દ્રવ્યકર્મ પણ હું નથી, સંયોગી અવસ્થાથી થતા રાગદ્વેષરૂપ ભાવકર્મ તે હું નથી, તથા રાગદ્વેષને કરનાર સંયોગરૂપ દેહસ્વરૂપ 'રમેશ' તે પણ હું નથી, રમેશને ચેતનવંત કરનાર યોગ દ્વારા પ્રવર્તતું એટલું આત્મવીર્ય પણ હું નથી, અરે! આ સર્વને જાણનાર જ્ઞાનપર્યાય કે જ્ઞાનગુણમાત્ર પણ હું નથી, હું તો દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મને જાણનાર-દેખનાર, ત્રિકાળ, એકરૂપ જ્ઞાનગુણસહિત અનંતગુણોને ધરનાર, અખંડ, જ્ઞાનદર્શનમય ચૈતન્યતત્ત્વ તે હું છું.

છૂટવાની ભાવના, સ્વરૂપની રુચિ અને ધ્યેયના લક્ષે કરેલી સાધનાથી સંસ્કાર પડે છે, જે ભવાંતરમાં સાથે આવે છે અને યોગ્ય નિમિત્ત મળતા જાગૃત થઈ જીવને મોક્ષમાર્ગમાં આગળ લઈ જાય છે.

**શું જોવાનું છે અને શેની મુખ્યતાપૂર્વક જોવાનું છે?**

સામાન્ય રીતે આપણે અરીસામાં પોતાનું મોઢું જોવા માટે જ જોતા હોઈએ છીએ અને એ રીતે જોવાની આદત પડી ગઈ હોય છે. તેવી રીતે, ચર્મચક્ષુથી જે દેખાય તે જોવાની ટેવ પડી ગઈ છે. તેથી જે દેખાય છે તત્ક્ષણ તે સંબંધી વિકલ્પો ઉત્પન્ન થાય છે. આપણા જ્ઞાન ઉપયોગરૂપ દર્પણમાં ચાર પ્રતિબંધ સંબંધી અને પદ-પ્રતિષ્ઠા-લક્ષ્મી-અધિકાર સંબંધી વિકલ્પો જ ઉઠતા હોય છે. આપણે આ જોવાની ટેવને મૂળથી બદલવાની છે.

અરીસામાં મોઢું જોવાને બદલે અરીસાને જોવાનો છે. ચર્મચક્ષુથી જે દેખાય છે તેને નહિ પણ ચર્મચક્ષુથી દેખનારને દેખવાનો છે. જ્ઞાનાકાર જ્ઞાનરૂપી અરીસામાં જે જ્ઞેયો પ્રતિભાસે છે તે જ્ઞેયોની દૃષ્ટિ નથી કરવાની પણ જ્ઞેયોને જાણનાર જ્ઞાનદર્પણની મુખ્યતા થવી ઘટે. તેનું કારણ એ છે કે તે જ્ઞાનાકારજ્ઞાન દર્પણમાં જ મારું નિર્દોષ ત્રિકાળ અસ્તિત્વ વ્યાપેલ છે. સૂર્યોદયમાં સૂર્યને નથી જોવાનો, એમાં તન્મય નથી થવાનું પણ સૂર્યોદયને જાણનાર જ્ઞાનનો મહિમા લાવવાનો છે. તેની મુખ્યતા કરવાની છે. સૂર્યોદય તો બહારમાં પરદ્રવ્ય છે અને સૂર્યોદયને જાણનાર આત્મા અને તેનો જ્ઞાન ઉપયોગ અંતરપરિણતિમાં છે, પોતાના સ્વભાવભૂત છે. સૂર્યોદય સંબંધીના જ્ઞાનને મુખ્ય કરવાથી જ્ઞાનનું વેદન આવે છે અને ત્યારે સૂર્યોદય પણ જણાઈ જાય છે.

**જ્ઞાન સ્વભાવથી જ સ્વચ્છ છેઃ** જેમ અગ્નિ અને બરફથી આંખ અપ્રભાવિત રહે છે તેમ રાગદ્વેષ આદિથી રાગદ્વેષને જાણનાર જ્ઞાન અપ્રભાવિત, અલિપ્ત અને નિઃસ્પૃહી રહેવું જોઈએ. જ્ઞાન તો સ્વભાવથી સ્વચ્છ જ છે. પણ દૃષ્ટિની વિપરીતતા વર્તે છે, જે દેખાય છે તેના પ્રત્યે ઈષ્ટ-અનિષ્ટપણું

વર્તે છે તેથી જ્ઞાન સાથે રહેલ મિથ્યાદર્શનના સદ્ભાવથી જ્ઞાન પણ મલિન થાય છે અથવા તો કહેવામાં આવે છે. દૃષ્ટિ જ્ઞેય પર ખોડાઈ જાય છે અને તત્ક્ષણ તે સંબંધી વિકલ્પ ઉત્પન્ન થાય છે. નિશ્ચયથી તો ભાવકર્મ પણ અનંત સંસારના બંધનું કારણ નથી બનતા. જ્ઞાનીને પણ વિભાવભાવરૂપ ભાવકર્મ હોય છે અને તેમનો સંસાર અત્યંત સીમિત છે. પરંતુ તે, વિભાવને પોતાના માનવારૂપ મિથ્યા અભિપ્રાયરૂપ અશુભ અનુબંધ અનંત સંસારનું કારણ બને છે, અનાદિના સંસારની શૃંખલાને લંબાવે છે. સમ્યક્ અભિપ્રાય સહિતનો કર્મબંધ માત્ર અનુકૂળ પ્રતિકૂળ સંયોગરૂપે ફળે છે. અશુભ અનુબંધ આત્મામાં અશુભ સંસ્કારરૂપે ફળે છે. સમ્યક્ અભિપ્રાયરૂપ શુભ અનુબંધ શુભ સંસ્કારરૂપે - આત્મવૃત્તિરૂપે પરિણમે છે.

અર્થાત્, પરમાં પોતાપણું કે વ્યતિરેક ગુણોને પોતાના સ્વભાવરૂપ માનવા એ જ દર્શનમોહનું સ્વરૂપ છે અને તેના સદ્ભાવમાં થતા કષાયને અનંતાનુબંધી કષાય કહેવાય છે.

**પોતાના જ્ઞાનસ્વભાવનું વેદન કેવી રીતે કરવું?**

પ્રત્યેક સમયે જીવ વેદનમાં જ હોય છે. વેદન કરવું એ જીવનો સ્વભાવ છે. ગુલાબજાંબુના સ્વાદના વેદન વખતે પણ તે ભ્રાંતિમાત્રથી સ્વાદને વેદે છે એમ માને છે. ખરેખર તો એ સમયે પણ સ્વાદને જાણનાર પોતાના જ્ઞાનનું જ વેદન કરતો હોય છે. એની સાથે ચારિત્રની વિકારી પર્યાય સ્વાદને વેદે છે. પ્રજ્ઞા વડે આ જાણવાની જ્ઞાનપર્યાય અને ચારિત્રની વિકારીપર્યાયરૂપ રાગદ્વેષને ભિન્ન કરવાના છે. અર્થાત્, મિથ્યા માન્યતારૂપ ભ્રાંતિને જ ટાળવાની છે. પરવસ્તુ પ્રત્યેના રાગના સમયે પણ જીવ પોતાના વિકારીભાવનું જ વેદન કરે છે, ગુલાબજાંબુના સ્વાદને નહિ. (તેનું માત્ર જાણવું થાય છે.)

દિશાપલટો કરવાનો છે એનો વાસ્તવિક અર્થ પોતાની માન્યતાનો પલટો કરવો છે. શરૂઆતમાં વિચાર વડે આત્મલક્ષ બાંધવાનું છે. આત્મભાવ અને અન્યભાવની ભિન્નતા સમજી આત્મભાવ તે સ્વભાવ છે અને અન્યભાવ તે વિભાવ છે, પરલક્ષે થયેલ વિકારીભાવ છે એવો નિર્ણય અનિવાર્ય છે. હવે વિચારને ગૌણ કરવાના છે એ માત્ર કથનપદ્ધતિ છે. વાસ્તવમાં ભેદજ્ઞાનના પ્રયોગાત્મક અભ્યાસ દરમ્યાન વિચાર સહજપણે ગૌણ થતાં જાય છે કારણકે અનેક પર જ્ઞેયોથી દૃષ્ટિ હટીને એકમાત્ર આત્મા પર આવે છે.

પ્રતિભાસતા પર જ્ઞેયથી જ્ઞાનરૂપ દિશાપલટાથી પરસંબંધી વિકલ્પો વિરામ પામતા જાય છે. જ્ઞેયને ગૌણ કરી જ્ઞેય પરથી લક્ષ હટાવતા જ પરસંબંધી વિકલ્પ ઉત્પન્ન થતા નથી. પણ 'જ્ઞેયને જાણનાર જ્ઞાન તે હું' એવો જ્ઞાનાત્મક વિકલ્પ ઉત્પન્ન થાય છે. જ્ઞાનાકાર જ્ઞાન તો ત્રિકાળ એકરૂપ છે, સ્વભાવરૂપ છે તેથી નિર્વિકલ્પ છે.' 'જ્ઞાન તે હું કે જ્ઞાનમાત્ર' એવો વિકલ્પ પણ અન્યભાવના નિષેધરૂપ છે અને સ્વભાવભાવને પુષ્ટ કરવા અર્થે છે. જેમ જેમ સ્વભાવભાવ પુષ્ટ થાય, સઘન થાય તેમ તેમ જ્ઞાનાત્મક વિકલ્પની મંદતા થતી જાય છે. છેવટે તે મંદ, મંદતર, મંદતમ, થાય છે અને ભાવભાસનની ભૂમિકા બને છે અને નિર્વિકલ્પ થઈ વિલીન થાય છે. દ્વૈતમાંથી અદ્વૈતદશા પ્રગટે છે. પ્રતિસમયે જીવ પોતાના જ્ઞાનસ્વભાવનું વેદન કરતો હોવા છતાં છદ્મસ્થ અવસ્થા સંયોગી અવસ્થા છે તેથી પરના લક્ષ અપેક્ષાએ ઉપયોગ બહિર્મુખ રહે છે અને દ્વૈત પ્રગટ્યા કરે છે.

જેમ પાણી અન્ય દ્રવ્યનો સંયોગ કરે છે ત્યારે પાણીનો મૂળ સ્વભાવ તિરોભૂત થાય છે, અર્થાત્, પાણીનો મૂળ સ્વભાવ વ્યક્ત થતો નથી. તેવી રીતે, દ્રવ્યમાનરૂપ પુદ્ગલની હાજરીથી પ્રગટતા વિકલ્પથી આત્મસ્વભાવ પકડાતો નથી, વ્યક્ત થતો નથી. નિર્વિકલ્પતામાં જ શુદ્ધ આત્મસ્વભાવનું વેદન આવે છે. અશુદ્ધ આત્મદ્રવ્યથી પ્રગટતા વિકારીભાવનું વેદન આત્માનું હોવા છતાં તે (શુદ્ધ) આત્માનું વેદન નથી. પરલક્ષથી વિકલ્પનું અનુલોમ (વિસ્તાર) અને આત્મલક્ષથી વિકલ્પનું વિલોમ (વિલય, સંક્ષેપ) થાય છે. 'અંતર્મુખ અવલોકતાં (વિકલ્પને) વિલય થતાં

નહિ વાર'

સંયોગરૂપ છદ્મસ્થ અવસ્થામાં લક્ષ અનુસાર પરિણમન થાય છે તેથી પરમાર્થમાર્ગમાં આત્મલક્ષ બંધાવું એ અત્યંત મહત્ત્વનું પગલું છે. લક્ષ વિના બધી શુભ ક્રિયા નિષ્ફળ છે, મોક્ષગામી ન થાય. છદ્મસ્થ અવસ્થામાં લક્ષ બદલીને જ્ઞાનપર્યાય પોતાના જ્ઞાનસ્વભાવનું જ વેદન કરે છે. પ્રતિભાસતા પર જ્ઞેયો ગૌણ થાય છે, દૃષ્ટિમાં તે નઝરાતા નથી. શુદ્ધ અવસ્થામાં વેદન એ જ્ઞાનપરિણમન સાથે અભેદ છે. પણ અશુદ્ધ અવસ્થામાં લક્ષ અનુસાર જ્ઞાનપરિણમન થાય છે. જેનું લક્ષ હોય તે રૂપ ઉપયોગ (ભાવજીવ) થાય. સ્વસન્મુખ થઈ જ્ઞાનવેદનને ગ્રહણ કરવાનું છે. અર્થાત્ અપૂર્ણ અવસ્થામાં પણ પર જ્ઞેય સંબંધી પોતાના જ્ઞાનનું વેદન કરવાનું છે. માત્ર જાણવારૂપ ક્રિયા 'જ્ઞપ્તિ ક્રિયા' છે, જેમાં ઈષ્ટ-અનિષ્ટપણું નહિ તેમજ હિતાહિતપણું પણ નહિ. સ્વભાવની પૂર્ણતામાં જ લક્ષ અને પ્રતીતિ સતત ધારાવાહી અનુભવમાં અંતર્લીન થાય છે. અપૂર્ણ અવસ્થામાં તો લક્ષ પૂર્ણ શુદ્ધાત્માનું જ હોવું ઘટે. આવા ધ્યાનમાં દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદ વિલીન થાય છે. 'વસ્તુ ગતે જે વસ્તુ પ્રકાશે', અર્થાત્, વસ્તુ હવે વસ્તુપણે પ્રકાશે છે. બધા ભેદ અભેદદશામાં અંતર્લીન થાય છે. 'તે ત્રણે અભેપરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મા (વસ્તુ) રૂપ'.

જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થતું જાય તેમ તેમ અંતરપરિણતિની શુદ્ધિ વધતી જાય અને છેવટે સ્વભાવરૂપ કેવળપરિણતિ પ્રગટે છે. લક્ષ અપેક્ષાએ વિશેષજ્ઞાન (સામાન્ય) જ્ઞાનમાં વ્યાપે ત્યારે જ્ઞાનનું વેદન ગ્રહણ થાય છે. ખ્યાલમાં રહે કે જ્ઞેયલુબ્ધતાના કાળે લક્ષ પર જ્ઞેયનું હોવા છતાં વેદન તો પરસંબંધીના પોતાના જ્ઞાનનું જ વેદન હોય છે. પણ સ્વની અવિદ્યમાનતામાં પરસંબંધીનું જ્ઞાન યથાર્થ કહેવાતું નથી. તેથી વેદન પણ શુદ્ધાત્માના વેદનથી અત્યંત ભિન્ન છે.

**પહેલા વેદન ગ્રહણ કરવાની ક્ષમતા પ્રગટાવવાની છેઃ-** રાગદ્વેષરૂપ વિભાવના સમયે પણ 'વિભાવ મારો સ્વભાવ નથી' એવો અંતરના ભાવથી નિષેધ કરી વિભાવને નિરાધાર કરવાનો છે. તેની સાથે 'હું તો વિભાવને જોનાર-જાણનાર જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવી ચૈતન્ય આત્મા છું' એવા અંતરના ભાવથી જ્ઞાન ઉપયોગને પોતાના સ્વભાવમાં વ્યાપવાનો છે. આ પ્રક્રિયાને 'નિષેધપૂર્વકનું વિધેયાત્મક વલણ' કહેવાય છે. નિષેધથી ઉપયોગ ત્યાં વિભાવમાં ચીટકી શકતો નથી અને વિધેયાત્મક વલણથી ઉપયોગ સ્વસન્મુખ થવા માંડે છે. આ જ સ્વસન્મુખ થવાની પ્રક્રિયા છે, અંતર્મુખ થવાની પ્રક્રિયા છે. નિષેધ વૈરાગ્યરૂપ છે, નિર્વેદરૂપ છે અને વિધેયાત્મક વલણ સંવેગરૂપ છે. જીવ વિભાવનો નિષેધ કરી પાછો ફર્યો તે જ 'વાળી લેવાય એવી દશારૂપ' શમ ગુણ છે. અરિહંત જેવું જ મારું પોતાનું સ્વરૂપ છે એવી પરોક્ષ શ્રદ્ધા એ જ 'આસ્થા' છે અને પોતાની પર્યાયને સ્વસન્મુખ કરી તે 'સ્વદયા' છે, પોતાના સ્વરૂપની અનુકંપા છે. આવા સ્વરૂપની અનુકંપામાંથી જ અન્ય જીવો પ્રત્યે કરુણા-અનુકંપા પ્રગટે છે. આ રીતે નિષેધપૂર્વકના વિધેયાત્મક વલણના અભ્યાસમાં સમ્યક્ત્વના પાંચે લક્ષણો અંતરગર્ભિત છે.'

શુભ ક્રિયારૂપ કે પાંચ ઈન્દ્રિયોના વિષયમાં ઉપયોગ બહિર્મુખ રહે છે ત્યાં સુધી ગમે તેટલી શુભ ક્રિયા કરે તો પણ દિશાની વિપરીતતાના કારણે તે મોક્ષમાર્ગ બનતો નથી. કારણકે બહિર્મુખ વલણમાં જ્ઞાનવેદનનો આનંદ નથી પણ પરવસ્તુને ભોગવવાના ભાવરૂપ સુખાભાસ છે. જ્ઞાનવેદન તો જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થાય ત્યારે અનુભવાય છે.

**પરિણામનું અવલોકન કરવાનો હેતુ :-**

જ્યાં સુધી કષાયરસની તીવ્રતા હોય ત્યાં સુધી જ્ઞાનનું પરિણમન વિપરીત જ રહેવાનું. જ્ઞાનને જ્ઞાનસ્વભાવમાં સ્થિર કરવા માટે કષાયની વાસ્તવિક મંદતા હોવી અનિવાર્ય છે. કષાયરસની મંદતા એ જ વાસ્તવિક મંદતા છે. કષાયભાવને નિર્મૂળ કરનાર ગુણો સરળતા, ક્ષમા, સ્વદોષનિરીક્ષણ, આરંભપરિગ્રહની અલ્પતા વગેરે પ્રગટાવવા માટે સ્વરૂપપ્રાપ્તિની અંતરંગ જિજ્ઞાસા હોવી અનિવાર્ય છે. છૂટવાની ભાવના, સંસાર કારાગ્રહ ભાસવો, અજ્ઞાનનું ખૂંચવું વગેરે હોય તો પરિણામનું અવલોકન

અસરકારક અને યથાર્થ થતું રહેશે. પરિણામનું અવલોકન માત્ર સ્વરૂપ પ્રાપ્તિના હેતુએ અને તેમાં બાધારૂપ કષાય દોષને પકડવાના હેતુએ જ થવું ઘટે. અન્ય હેતુ હશે તો દોષનો બચાવ અને આત્મવંચના જ થશે.

અવલોકનમાં પરિણામની બહિર્મુખતા જ્ઞાનમાં જણાતા જ બહિર્મુખ વલણનો આવેગ ઘટવા માંડે છે. બહિર્મુખ વલણના કારણો પોતામાં શોધવા જ રહ્યા.

**પ્રયોગ :** ક્રોધ કષાય થયો હોય તો માત્ર વચનથી થયો છે? કે કાયા પણ આવેશમાં આવેલ છે? કે મનમાં દ્વેષરૂપ અણગમો થયો છે? અંતરના ઊંડાણમાં ડોકિયું કરી તે વસ્તુ, વ્યક્તિ, કે તેવા પ્રસંગો પ્રત્યેના પોતાના પૂર્વગ્રહ અને મિથ્યા અભિપ્રાયનું અવલોકન કરવું જોઈએ. અપક્ષપાતપણે ગવેષણા કરીએ તો જ અવચેતન મનમાં રહેલ વૃત્તિઓ દૃષ્ટિગોચર થશે. પૂર્વગ્રહ આદિ સર્વ વૃત્તિઓના મૂળમાં ભૂતકાળના પ્રસંગોના આઘાત-પ્રત્યાઘાત હોય છે અને તેના મૂળમાં અજ્ઞાન, મિથ્યા અભિપ્રાયો, અહંકારને લાગેલી ઠેશ, નિમિત્તને દોષિત જોવાની વૃત્તિ, માન-અપમાન, રૂડા દેખાવાના ભાવને ઠેશ પહોંચાડનાર નિમિત્તો પ્રત્યેનો દ્વેષભાવ, માત્સર્યભાવ, પોતાના માયાકપટને જાહેર કરનારા નિમિત્તો પ્રત્યેનો દુર્ભાવ, વગેરે હોય છે. જે જીવ મોહાસક્તિથી મૂંઝાયો નથી અને 'માત્ર મોક્ષ અભિલાષ' રૂપ નિજસ્વરૂપની તીવ્ર રૂચિ નથી તે જીવ પણ અવલોકન તો કરતો જ હોય છે પણ તેનો હેતુ પોતાની વૃત્તિઓના અનુભવને આગળ કરી ફરી ફરી પૂર્વગ્રહ, વેર આદિ કરીને વૃત્તિને પુષ્ટ કરતો જશે. આ પરિણામનું અવલોકન નથી પણ પ્રસંગનું અવલોકન છે. તે પ્રસંગ પોતાની ઈચ્છા પ્રમાણે નહિ થવા દેવામાં નિમિત્તને પકડી, તેના પ્રત્યે વેરની ગાંઠ બાંધી, ભવિષ્યમાં 'તેને જોઈ લઈશ' એવા કષાયભાવને અને વેરની ગાંઠને બળ આપે છે.

**જ્ઞાન ઉપયોગની જાગૃતિ કે અપહરણ?**

પરિણામનું અવલોકન એ જ્ઞાનપ્રકાશનું કિરણ છે, અંશે ઉપયોગની જાગૃતિ છે. જે જ્ઞાન ઉપયોગ ઉદયને આધીન થઈને પ્રતિકાર આપે છે તેને શાસ્ત્રીય પરિભાષામાં નિમિત્તે કે ઉદયે ઉપયોગનું અપહરણ કર્યું કહેવાય છે. પણ જ્ઞાન ઉપયોગ ઉદયને આધીન ન થતાં તેનું અવલોકન કરે છે તો તે ઉપયોગની જાગૃતિ છે કારણ કે એ ઉદયને વશ થઈને પ્રતિકાર આપવાને બદલે 'આમ કેમ થયું?' પોતાના આવેશનું કારણ પોતામાં જ શોધવાના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો કરે છે. મારા આવેશનું કારણ મારું અજ્ઞાન છે ?, અજાગૃતિ છે ?, મારી ઈચ્છા પ્રમાણે કાર્ય ન થયું તેથી નિમિત્ત પ્રત્યે આવેશ આવી ગયો? કોઈએ મારું અપમાન કર્યુ ? કોઈએ મારી સમાજસેવાની નિંદા કરી ? દાક્તરે ઑપરેશન બરાબર ન કર્યું? બીજાએ મારી નવી ગાડીને ઠપકારી? આ રીતે પ્રસંગનું નહિ પણ પ્રસંગ સમયે થયેલા પોતાના પરિણામનું અવલોકન અપક્ષપાતપણે કરે એ વાસ્તવિક અવલોકન કહેવાય.

પ્રાયે બધા પ્રસંગમાં એક કારણ મુખ્યપણે હોય છે. બીજાએ- નિમિત્તે મારું અહિત કર્યું. કર્મસિદ્ધાંતની સમજણ નથી એટલે જ બે દ્રવ્ય વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધને બદલે કર્તા-કર્મ સંબંધ સમજી નિમિત્ત પ્રત્યે દ્વેષભાવ કરે છે. બીજા મને દુઃખ આપી શકે, હેરાન કરી શકે એવો મિથ્યા અભિપ્રાય પણ રહેલો છે. દુઃખ કે પગ ભાંગ્યો વગેરે બધું દેહને થાય છે. કર્મસિદ્ધાંતની સમજણ નહિ હોવાથી પોતાના અશુભકર્મના ઉદયનો સ્વીકાર થતો નથી અને નિમિત્તરૂપ વસ્તુ-વ્યક્તિ-પરિસ્થિતિને દોષિત સમજી દ્વેષભાવ કરે છે. તદુપરાંત, દેહાધ્યાસને લઈને 'તે મને થાય છે' એવી દર્શનમોહજન્ય મિથ્યા માન્યતા બની રહે છે. દેહાધ્યાસને લઈને આત્મરુચિરૂપ સંવેગનો અભાવ વર્તે છે. માન-અપમાન વગેરે લૌકિકભાવ છે, રૂડા દેખાવાના ભાવ હોય છે. આવતા લેખમાં અવલોકન સંબંધી વિશેષ વિચારણા કરીને પરિણામના અવલોકનની સમાપ્તિ કરીશું.

**(ક્રમશઃ)**

# જિનાગમ : આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ

**પારુલબેન બી. ગાંધી**

**પ્રસ્તાવના :**

તીર્થંકરોના સર્વાંગમાંથી વહેલી, અર્થરૂપે પરિણમન પામેલી, ગણધર ભગવંતે આગમરૂપે ગૂંથેલી, મુનિ પુંગવોએ પંચમ આરાના દીનદુઃખી જીવોના દુઃખને હરવા, સત્યાતથ્ય યથાતથ્ય સ્વરૂપમાં સ્થિર કરવા પ્રવચનરૂપે, બોધિરૂપે આપીને જીવોનો ઉદ્ધાર કર્યો તે આગમ. વળી, આ આગમમાં આચાર અને વિચારના સમન્વય દ્વારા જૈન તત્ત્વજ્ઞાનનું વિવેચન કરવામાં આવ્યું છે. આથી જૈનપરંપરાનું જીવનદર્શન કહી શકાય. તીર્થંકર, કેવળજ્ઞાની, સર્વજ્ઞ વીતરાગ પ્રભુની મૌલિક વાણી આગમ કહેવાય છે. આ =આત્મા તરફ, ગમ=ગમન કરાવે તે આગમ. આ=આત્માનું ગમ=ભાન કરાવે તે આગમ. પોતાની... પોતા દ્વારા... પોતા થકી... પોતા વડે જે ઓળખાણ કરાવવામાં સહાયભૂત બને છે તેને આગમ કહેવાય છે. જેવી રીતે અરીસો દેહનું દર્શન કરાવે છે તેવી રીતે આગમ અંતરનું દર્શન કરાવે છે. મુમુક્ષુ આત્માને મોક્ષ સુધી પહોંચવા માટે જીવનમાં આગમનું અવગાહન આવશ્યક નહિ, અનિવાર્ય છે.

આગમજ્ઞાન મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનનો દીપક પ્રગટાવે છે. સ્વની ઓળખાણ કરાવે છે. આત્માની શુદ્ધ અવસ્થા તે મોક્ષ છે અને કર્મસહિત મલિન અવસ્થા સંસાર છે. આ સત્યની પિછાણ આગમ કરાવે છે. ચાર ગતિના ચકરાવામાં ભમતાં અટકાવી, શિવ સ્વરૂપી આત્મામાં રમણ કરાવે તેવા ભાવધર્મને આગમ પ્રકાશિત કરે છે. આગમ અને શાસન બંને એકબીજાની સાથે સંકળાયેલા છે. એકની ઉપસ્થિતિમાં બીજું ઉપસ્થિત રહે છે. આગમ-શાસન વિદ્યમાન છે ત્યાં સુધી જીવના સુખ-સલામતી અને સદ્‌ગતિ પણ વિદ્યમાન રહે છે. આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ : આગમ :-

**ઉત્પાદો વિગમો ધ્રૌવ્યમિતિ પુણ્યાં પદત્રયીમ્ ।**
**ઉદ્દિદેશ જગન્નાથ સર્વ વાઙ્મય માતૃકામ્ ॥**
**સચતુર્દશ પૂર્વાણિ દ્વાદશાઙ્ગાનિ તે ક્રમાત્ ।**
**તત્તો વિરચયામાસુસ્તત્રિપદ્યનુસારતઃ॥**

(શ્રી હેમચંદ્રાચાર્યકૃત 'ત્રિષષ્ઠિ શલાકા પુરુષચરિત' મહાકાવ્ય)

અર્થાત્ જગતના નાથ તીર્થંકર પરમાત્મા ગણધરપદની યોગ્યતાવાળા સાધુઓને સર્વ વાઙ્મય (સાહિત્ય) ના માતૃકાસ્થાનરૂપ પુણ્યમય-પવિત્ર એવા ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય આ ત્રણ પદનો ઉપદેશ આપે છે. ત્યારપછી આ ત્રણ પદને અનુસરીને ગણધરો શીઘ્ર (એક મુહૂર્ત એટલે બે ઘડીમાં) ચૌદ પૂર્વ સહિત બાર અંગસૂત્રની ક્રમશઃ રચના કરે છે. પ્રત્યેક વસ્તુ કે પદાર્થ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે અર્થાત્ ધ્રુવ છે, પર્યાય અવસ્થાની અપેક્ષાએ અનિત્ય છે. પ્રત્યેક પદાર્થો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. સર્વ દ્રવ્ય નિત્ય-અનિત્ય સ્વભાવ ધરાવે છે. આ ત્રિપદી આગમના સારરૂપ છે. સોનામાંથી કંકણ બનાવવામાં આવે ત્યારે કંકણની ઉત્પત્તિ થાય છે, કંકણમાંથી કુંડળ બનાવવામાં આવે ત્યારે કંકણનો નાશ થાય છે પણ સોનું કાયમ રહે છે. મનુષ્યરૂપે જન્મ થાય એટલે મનુષ્ય પર્યાયની ઉત્પત્તિ થાય છે, મનુષ્યનું આયુષ્ય પૂર્ણ થાય ત્યારે મનુષ્ય પર્યાયનો નાશ થાય છે. જીવ કાયમ રહે છે, તે જીવ ધ્રુવ છે.

આ રીતે જડ કે ચેતન કોઈપણ પદાર્થોની અવસ્થાઓ, પર્યાયો પલટાતી રહે છે. પર્યાયો અનિત્ય છે, તેમાં પરિવર્તન થતું જ રહે છે. તેમ છતાં તેનું મૂળ સ્વરૂપ હંમેશાં ટકી રહે છે. જગતના તમામ પદાર્થો, સર્વ દ્રવ્યો ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય રૂપ ત્રિપદીમાં સમાવિષ્ટ થઈ જાય છે. ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય યુક્ત હોય તે સત્ છે અને જે સત્ છે તે દ્રવ્ય કહેવાય છે.

પોતાના નિજ દ્રવ્ય તરફ દૃષ્ટિ કરવામાં આવે, તો તે નિત્ય, ધ્રુવ, શાશ્વત છે. આત્મદ્રવ્ય પોતે પોતાના નિજ સ્વભાવમાં કાયમ માટે સ્થિત જ છે. શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિત થઈ જવું તે જ

અધ્યાત્મ છે. દ્રવ્યદષ્ટિ કેળવવાથી આત્મરમણતા થાય છે.

આત્મા વિભાવદશામાં જાય તે અવસ્થા ઉત્પાદ, વ્યયના સ્વભાવવાળી છે. મોહજન્ય સર્વ વિકારો રાગ, આસક્તિ, દ્વેષાદિ ભાવોમાં ઉત્પાદ વ્યય થયા કરે છે. વિચાર, વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે રાગાદિ ભાવો ઉત્પન્ન થાય ત્યારે પર્યાય દષ્ટિએ જોવાથી ખ્યાલ આવે છે કે આ તેની પરિવર્તનવાળી અવસ્થા છે, પર્યાય છે. જે પર્યાય ઉત્પન્ન થઇ છે તે નાશનો સ્વભાવ લઈને જ ઉત્પન્ન થઇ છે તેમ પર્યાય દષ્ટિથી વસ્તુની અનિત્યતા સમજાય છે અને તેથી જ રાગ-દ્વેષ રૂપી વિભાવ શમી જાય છે અને આત્મા સમભાવમાં સ્થિત થઇ જાય છે. આ રીતે જગતના સર્વ પદાર્થો અને આત્મિક જગતના આધ્યાત્મિકતાના સર્વ રહસ્યો, સર્વ સિદ્ધાંતો ત્રિપદીમાં ગર્ભિત છે.

**આગમ : જીવન જીવવાની કળા :** આગમમાં સિદ્ધાંતોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ સિદ્ધાંતોનો જો ૫૦% પણ અમલ થાય તો આ દુનિયા સ્વર્ગ બની જાય. આગમ એટલે જ્ઞાન-વિજ્ઞાનનો, ન્યાય-નીતિનો, આચાર-વિચારનો, ધર્મ-દર્શનનો, અધ્યાત્મ અને અનુભવનો અનુપમ તથા અક્ષયનિધિ છે. જીવન સારી રીતે જીવવા માટે જે જે શાસ્ત્રોની જરૂર પડે છે જેમ કે રાજયશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ખગોળ-ભૂગોળ, જ્યોતિષશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, નાટક, સંગીત, સાહિત્ય, જીવવિજ્ઞાન-રસાયણવિજ્ઞાન-ભૌતિકવિજ્ઞાન વગેરે બધાનો સમાવેશ આગમમાં થયેલો છે.

વિશ્વને અહિંસા, અપરિગ્રહ, અચૌર્ય, સત્ય, બ્રહ્મચર્ય અને અનેકાન્ત દ્વારા સર્વધર્મસમભાવ કે સમન્વયનો પવિત્ર બોધ કરાવનાર આગમ છે. જીવન કેવી રીતે જીવવું ? તેની સંપૂર્ણ જાણકારી આગમમાંથી પ્રાપ્ત થાય છે. આવા આ આગમજ્ઞાનના મહાસાગરનો પાર પામવો મુશ્કેલ છે. પશ્ચિમના સમર્થ અભ્યાસીઓએ પણ એકરાર કર્યો છે કે જ્ઞાનની અસંખ્ય શાખા-પ્રશાખાનો આટલો સૂક્ષ્મ અને ઊંડાણપૂર્વક અભ્યાસ કોઈ એક વ્યક્તિ કરી શકે નહિ. મહાન આત્મા જ આવું વિરલ સર્જન કરી શકે. હકીકતમાં આગમથી ચડિયાતી જીવમાત્રનું રક્ષણ અને કલ્યાણ કરનારી વાણી જગતભરનાં ધર્મશાસ્ત્રોમાં બીજી કોઈ નથી. અરે ! એમ કહીશું તો પણ અતિશયોક્તિ નહિ ગણાય કે- જ્યાં બીજા ધર્મોનું દર્શન પૂર્ણ થઇ જાય છે ત્યાંથી જૈનદર્શનની શરૂઆત થાય છે. આવા આ આગમોમાં વિચાર-વાણી અને વર્તનનો, વૃત્તિ-પ્રવૃત્તિ અને નિવૃત્તિનો, ભાવ-ભાવના અને ભક્તિનો, આસ્થા-શ્રદ્ધા અને સમર્પણનો જે સુમેળ જોવા મળે છે, તે અન્ય કોઈપણ દર્શનમાં જોવા મળતો નથી.

જેવી રીતે ભરત ચક્રવર્તીએ અરીસા-ભવનના અરીસામાં પોતાના દેહનું દર્શન કરતાં કરતાં નિત્ય અનિત્યને ઓળખી લીધા, તેવી રીતે આગમરૂપી અરીસામાં આત્મદર્શન કરનાર જીવોને પણ આ સંસારની, શરીરની નિત્ય-અનિત્યતા સમજાતું જાય છે, સંસારનું સ્વરૂપ સમજાતું જાય છે તેમ જ આત્મા માટે શું કલ્યાણરૂપ છે અને શું અકલ્યાણરૂપ છે તેની ખબર પડી જાય છે. આગમમાં કેવી રીતે ચાલવું, કેવી રીતે ઊભા રહેવું, કેવી રીતે બોલવું, કેવી રીતે સૂવું તથા કેવી રીતે કાર્ય કરવું તેનો સ્પષ્ટ નિર્દેશ આપેલો છે, જેથી આત્માને કર્મબંધન ન થાય અથવા ઓછું થાય.

**આગમ : આત્મદર્શનનો અરીસો :** રુદન અને રુચન નથી, આગ અને આંસુ નથી, હર્ષ અને હાહો નથી એવા વીતરાગ પ્રભુ કે જેઓ રાગ-દ્વેષને જીતીને અરિહંત બનેલા છે. આ સર્વજ્ઞોએ જ્ઞાન દ્વારા જે કહ્યું છે તે સત્ય જૈનશાસનના શાસ્ત્ર ખજાનામાં ચિરકાળથી ચાલ્યું આવે છે. તેમણે પ્રકાશેલી વાણીમાં, અર્થપૂર્ણ વચનોમાં ત્રણે કાળમાં કોઇ જ ફેરફાર થતો નથી. આગમ એટલે ત્રણે કાળે સિદ્ધ થયેલી વસ્તુ. આથી જ એમ કહી શકાય કે,

**સાચા છે વીતરાગ, સાચી છે જિનવાણી,**
**આગમ છે આધાર, બાકી બધું ધૂળધાણી.**

વિશ્વ આખાના તત્ત્વદર્શનમાં જૈન આગમ સાહિત્યનું સ્થાન અનોખું અને અપાર ગૌરવપૂર્ણ છે. તે માત્ર ને માત્ર અક્ષરદેહથી જ વિશાળ, વ્યાપક અને રોચક-રસાળ નથી પરંતુ વાસ્તવમાં અગાધ જ્ઞાનનો મહાસાગર છે. આગમમાં મોક્ષમાર્ગનું વર્ણન છે. મોક્ષ મેળવવો હોય તો આત્માનું કર્મોથી મુક્ત

બનવું આવશ્યક છે. જ્યાં સુધી આત્મા પર આઠ કર્મોના પડળો જામેલા છે ત્યાં સુધી મોક્ષ મળી શકે નહિ. આ મોક્ષ કઇ રીતે મળી શકે તેનું સંપૂર્ણ માર્ગદર્શન આગમોમાં કરવામાં આવ્યું છે. આગમ આધારિત શુદ્ધાત્માના વર્ણનને આધારે આપણે આપણા આત્માનું દર્શન કરી શકીએ છીએ.

આપણો આત્મા શું કરશું તો મેલો થશે, અને શું કરશું તો શુદ્ધ બનશે તે આગમનો આધાર લઇ જાણી શકાય છે. આગમ એ આત્મવિદ્યા અને મોક્ષવિદ્યાનો મૂળ સ્રોત છે. આ આગમોમાં જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપ્યો છે તે જૈન ધર્મના જુદા જુદા સિદ્ધાંતો વણાયેલા છે. જોકે આ સિદ્ધાંતો એમાં એવી રીતે વણાયેલા છે કે તે શોધવા માટે આગમોને વારંવાર વાંચવા પડે. જ્યારે જ્યારે વાંચીએ ત્યારે ત્યારે તેમાંથી કંઇને કંઇ નવું મળ્યા જ કરે છે. આથી જ એમ કહી શકાય કે આગમ એ જ્ઞાનનો ભંડાર છે, જ્યારે વાંચો ત્યારે નવો ખજાનો હાથ લાગ્યા કરે છે.

આગમોમાં જૈન સિદ્ધાંતો જુદી જુદી રીતે વણાયેલા જોવા મળે છે. ક્યારેક તે આજ્ઞારૂપે સ્થાપિત થયેલા હોય છે તો ક્યાંક સાક્ષાત્ ક્રિયાના માધ્યમથી તારવેલા હોય છે. કેટલીકવાર તે આદેશરૂપે ગુપ્ત અને રહસ્યમય રીતે અંદર વણાયેલા હોય છે, જેને શોધીને બહાર લાવવા પડે. તો કેટલીકવાર એ પરંપરા, રીતરિવાજ, પેઢી-દર પેઢી સંસ્કૃતિમાં વણાયેલા હોય છે. ક્યારેક વળી એ લોકપરંપરા અને લોકાચારમાં રૂઢ થયેલા જોવા મળે છે. આથી જ આ આગમોનું હજુ વધારે સંશોધન કરવામાં આવે તો, જુદી જુદી દૃષ્ટિથી તેના પર વિચાર કરવામાં આવે તો તેનું અત્યારે જેટલું મૂલ્ય છે તેનાથી કંઇકગણું મૂલ્ય વધી જાય અને વૈશ્વિક ધોરણે તેની વિરાટરૂપે પ્રતિષ્ઠા થઇ શકે તેમ છે. આથી જ આગમને આત્મદર્શનનો અરીસો કહી શકાય. આથી જ કોઇકે કહ્યું છે કે,

આત્માના તારણહાર તત્ત્વ બે, શાસ્ત્ર ને સદ્‌ગુરુ,

શૂન્યમાંથી સર્જન કરનાર તત્ત્વ બે, શાસ્ત્રને સદ્‌ગુરુ,

હેય, જ્ઞેય, ઉપાદેયનું જ્ઞાન કરાવનાર, સ્વરૂપને ઓળખાવનાર.... તત્ત્વ બે

સાચા છે વીતરાગ, સાચી વીતરાગવાણી, આગમ છે મોક્ષઆધાર.... તત્ત્વ બે

જેના સહારે ભવ્ય જીવો તરતાં, કરતાં સ્વ-પરનો ઉદ્ધાર... તત્ત્વ બે

આચાર્ય હરિભદ્રસૂરિએ લખ્યું છે કે, “જેવી રીતે પાણી વસ્ત્ર પર રહેલા મેલને ધોઈ નાખે છે, તે વસ્ત્રોને ઊજળા બનાવે છે તેવી રીતે શાસ્ત્ર માનવીના અંતઃકરણમાં રહેલા કામ-ક્રોધ વગેરે કાલુષ્ય મેલને ધોઈ નાખી તેને પવિત્ર અને નિર્મળ બનાવે છે.”

આમ, જેનાથી આત્માનો સમ્યગ્‌બોધ થાય, આત્મા અહિંસા-સંયમ અને તપના ત્રિવેણી સંગમ દ્વારા પવિત્રતા તરફ પ્રયાણ કરે તેને શાસ્ત્ર એટલે કે આગમ કહે છે. વિશ્વને પોતાના ઉત્તમ સિદ્ધાંતો દ્વારા સર્વધર્મસમન્વયનો પવિત્ર બોધ કરાવનાર શ્રેષ્ઠ સાહિત્ય આગમ છે. આગમના પર્યાયવાચી અનેક શબ્દો મળે છે. સિદ્ધાંત, સૂત્ર, શ્રુતજ્ઞાન, પ્રવચન, આપ્તવચન, જિનવચન, ગણિપિટક, ઉપદેશ વગેરે પ્રત્યેક શબ્દ ખૂબ જ અર્થસભર છે.

**આગમ : અનેક સમસ્યાઓનું શ્રેષ્ઠ સમાધાન :** આજે વિજ્ઞાનના યુગમાં માણસો એમ માને છે કે હવે બીજી કઇ વસ્તુની જરૂર છે ? શી દરકાર છે ? આજે દિવસ ઊગે ન નવી નવી શોધો શોધાય છે. દિવસે દિવસે વધુને વધુ સગવડતાપૂર્ણ જીવન બની રહ્યું છે. મોબાઈલ, ટેલિવિઝન, ઇન્ટરનેટના માધ્યમથી સેંકડો માઇલોનું અંતર હોવા છતાં વિરાટ વિશ્વ દિવસે દિવસે નાનું બનતું જાય છે. આથી જ માનવીને એમ લાગે છે કે હવે કશું જ શોધવાની જરૂર નથી. પરંતુ આજે એ વાસ્તવિકતાને કહેવાતા સંશોધકો ભૂલી જાય છે કે વિજ્ઞાને કેવળ ભૌતિક સંશોધન કર્યું છે. બાકી માનવજાતિના એક પણ પ્રશ્નને તેઓ હલ કરી શક્યા નથી. એક પરમાણુબોમ્બ ફૂટે ને લાખો માણસો મરણને શરણ થઇ જાય છે, પરંતુ એવો એક પણ બોમ્બ હજુ સુધી શોધાયો નથી જે એક મરેલી કીડીને પણ સજીવન કરી શકે.

ગરીબી, બેકારી, વસ્તીવિસ્ફોટ જેવી કેટલીયે સમસ્યાઓ આજે રાક્ષસી કદ બનાવી વિકસિત દેશો સામે પણ ઊભી છે. પરસ્પરના વિવાદો અને રાજકારણના અખાડાઓ, ધર્મના નામે થતાં

ઝઘડાઓ અને હુંસાતુંસી માનવજાતિને વિનાશની ઊંડી ખીણમાં લઈ જાય છે. આવા આ કપરા સમયને સાચવવાનો જો કોઈ એક સર્વસંમત, શ્રેષ્ઠ અને નિર્વિવાદ ઉપાય હોય તો તે છે જૈન આગમ. આજે આ જૈન આગમ વિશ્વાગમ બની જીવસૃષ્ટિનું પ્રાણીમાત્રનું કલ્યાણ કરી શકવા સમર્થ છે, શરત એટલી કે તેને સાચા અર્થમાં સમજી યોગ્ય રીતે જગતની સામે નવા જ દષ્ટિકોણથી મૂકી શકાય.

**હિંસાની સમાપ્તિ - અહિંસાનું સામ્રાજ્ય અને એક નવા સમાજનો અભ્યદય :** આજનો આ સમય ભોગોની ભૂતાવળ લઈને, ચારે બાજુ હિંસાના અટ્ટહાસ્ય દ્વારા માનવતાના મૂલ્યોને હણી રહ્યો છે. આકાશ-ધરતી અને સમગ્ર સૃષ્ટિ જાણે રક્તથી રંગાઈ રહી છે. વિશ્વયુદ્ધની આશંકાએ દરેક માનવી અંદરમાં ફફડી રહ્યો છે. અણુબોંબ અને પરમાણુબોંબ પછી આજે ન્યુક્લિયર બોંબની શોધે સમગ્ર જીવસૃષ્ટિના અસ્તિત્વને હચમચાવી નાખ્યું છે. જ્યારે આ પરિસ્થિતિમાં ફરી જરૂર છે-અહિંસાના અમૃતમય સંદેશાની અને તેના સામ્રાજ્યની.

વળી, જૈન ધર્મમાં હિંસાનું ખૂબ જ સૂક્ષ્મ સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. જીવતાં, હાલતા-ચાલતાં જીવોની હિંસા તો ન જ કરાય પણ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચ સ્થાવરમાં જીવ હોવાથી તેની હિંસા પણ ન જ કરાય. આ અહિંસાનો સિદ્ધાંત ઘણો ઊંડાણભર્યો અને દૂરંદેશીપૂર્ણ છે. પાંચ સ્થાવરની અહિંસા હિંસાથી તો છોડાવે પણ પર્યાવરણનું પણ ખૂબ સુંદર રીતે રક્ષણ કરે. વર્તમાન સમયમાં અહિંસા જ વિશ્વશાંતિનું શ્રેષ્ઠ સાધન મનાય છે. તેની અમોઘ શક્તિ પાસે સંસારની સમસ્ત સંહારક શક્તિઓ કુંઠિત બની જાય છે. 'જીવો અને જીવવા દો' એવું તો કદાચ જૈન ધર્મની સાથે અન્ય ધર્મો પણ કહેતા હશે પણ 'પોતે મરીને પણ બીજાને જીવાડો' એવી સર્વોત્કૃષ્ટ ભાવના માત્ર જૈનધર્મમાં જ જોવા મળે છે.

વળી, જૈનધર્મમાં આચારને ઘણું મહત્ત્વ અપાય છે. માત્ર ઉપદેશ કે વિચાર જ પર્યાપ્ત નથી. અત્યારે ધર્મના આ સંદેશે જ ગાંધીજી જેવા એક અદના આદમીને અંગ્રેજો સામે લડવાની અદ્ભુત હિંમત આપી. આ હિંમતે જ ભારતને આઝાદી, આત્મસન્માન અને એકતાનો અનુભવ કરાવ્યો.

**બ્રહ્મચર્યના પાલન દ્વારા અનેક સમસ્યાઓથી મુક્તિઃ** કોઈપણ દેશનું ઉત્થાન તેની યુવાપેઢીને આભારી છે. યુવાપેઢી જો સક્ષમ હોય તો દેશની પ્રગતિને કોઈ અવરોધી ન શકે. પરંતુ આજે પરિસ્થિતિ બદલાઈ છે. ભોગોની ભૂતાવળને જ માનવી સુખનું કારણ માની બેઠો છે. સમગ્ર દુનિયાનું યુવાધન આ ભોગોની ભ્રમણાને વાસ્તવિકતા સમજી, તેમાં ફસાઈને પોતાની હાથે જ પોતાની કબર ખોદી રહ્યું છે. સમાજની પ્રગતિ, તેજસ્વિતા અને નૂરને હરી લેનાર આજના કુત્સિત વાસનામય વાતાવરણમાં ભગવાન મહાવીરનો બ્રહ્મચર્યનો સિદ્ધાંત લાખોમાં એક છે.

આખાયે વિશ્વમાં આજે યુવાશક્તિનો હ્રાસ થઈ રહ્યો છે, શક્તિ વેડફાઈ રહી છે તેની પાછળનું મહત્ત્વનું કારણ દૂરદર્શન, ચેનલો, પોર્નોગ્રાફિક ફિલ્મો, અશ્લીલ સાહિત્ય, અશ્લીલ વેબસાઈટો અને અશ્લીલ સાહિત્યનું વાંચન છે. આથી આજના યુવાનને કુટુંબ, સમાજ, દેશ કે વિશ્વની કોઈ જ ચિંતા નથી. તે પોતાની મસ્તીમાં જ ડૂબેલો છે. તેને વિષયાસક્તિ, ભોગ, વિલાસ અને મોજ-શોખમાં જ રસ છે. આથી કેટલીયે સમસ્યાઓ જેમ કે કુટુંબનું તૂટવું, વિભક્ત કુટુંબો, લીવ ઇન રીલેશનશીપ, લગ્ન કરાર બની ગયા, સંસ્કાર મટી ગયા, છૂટાછેડા, ગર્ભપાત, વસ્તીવિસ્ફોટ વગેરે ઉદ્ભવ્યા છે. બ્રહ્મચર્યના પ્રભુ વીરના આ સિદ્ધાંતને જો યોગ્ય રીતે વિશ્વ સમક્ષ મૂકી શકાય તો બધી સમસ્યાઓનો અંત આવી જાય. આ સિદ્ધાંતથી જે ફાયદાઓ થાય છે તેનો યોગ્ય રીતે પ્રચાર-પ્રસાર કરી તેને જગત સમક્ષ મૂકવાથી ઘણી સમસ્યાઓનું સમાધાન થઈ જશે.

**અપરિગ્રહ : આત્મસુખ મેળવવાની ચાવી :** ભગવાને પરિગ્રહને જ સર્વ દુઃખ અને ઝઘડાનું મૂળ કહ્યું છે. પરિગ્રહ અને તૃષ્ણા એકબીજાના પર્યાય છે. પરિગ્રહના બે રીતે ભગવાને પ્રકાર બતાવ્યા છે. ૯ પ્રકારનો બાહ્ય પરિગ્રહ (આમ્નાય ભેદે-૧૦ પ્રકાર) અને ૧૪ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ માનવીને ચોર્યાસીના ચક્કરમાં ભટકાવ્યા કરે છે. આવા

પરિગ્રહથી વિરુદ્ધ અપરિગ્રહની અસીમ તાકાત દ્વારા સમગ્ર વિશ્વમાં શાંતિ અને વિકાસના વાવેતર શક્ય છે. આજે જ્યારે સારાનરસા વચ્ચે, ભલાઈબુરાઈ વચ્ચે, સત્ય-અસત્ય વચ્ચે એક ખરાખરીનો ખેલ-અસ્તિત્વ ટકાવવાનો જંગ ચાલી રહ્યો છે ત્યારે આગમમાં પ્રરૂપિત અપરિગ્રહના સિદ્ધાંત દ્વારા પરસ્પરના સંઘર્ષો, ઝઘડાઓ અને સીમાઓના વિવાદિત પ્રશ્નોના સમાધાન શક્ય બની શકે છે. એ માટે એક નવી દૃષ્ટિની જરૂર છે.

**વિશ્વની પર્યાવરણ અંગેની સમસ્યાઓનું સમાધાન આગમોમાં :** આજે સમગ્ર વિશ્વમાં અસહ્ય ગરમી, અસહ્ય ઠંડી અને અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિની સમસ્યા ઊભી થયેલી જોવા મળે છે. કોઈપણ દેશ એવો નહિ હોય કે જ્યાં આ ત્રણમાંથી એકેય સમસ્યાઓ નહિ હોય. વળી, આજે પ્રકૃતિના રખેવાળ એવા ડુંગરો, જંગલો, નદીઓ વગેરેનું આડેધડ નિકંદન નીકળી રહ્યું છે. બંધો દ્વારા પાણી રોકાય છે. બોરીંગ દ્વારા પાતાળમાં રહેલા જળને કાઢી તેનો બેફામ, અવિચારી રીતે ઉપયોગ થાય છે. વૃક્ષોના ઉછેર અને નવા વાવવાને બદલે જે છે તેને કાપી નખાય છે. ઔદ્યોગિકીકરણ દિવસે દિવસે વધે છે, જ્યારે ખેતીની જમીનો બિનકાયદેસર રીતે બિનખેતી કરી, પ્રકૃતિ સાથે રહેવાને બદલે તેનાથી દૂર જતાં જાય છે. આ બધી સમસ્યાઓનું સમાધાન આગમમાં બતાવેલ છે.


શ્રાવકો અને સાધુના વ્રતોના પાલન દ્વારા માનવી પ્રકૃતિથી દૂર ન જતાં તેની સુરક્ષા કરી શકે છે. આગારધર્મ ને અણગારધર્મમાં કઈ રીતે જીવન જીવાય તે જોતાં આપણને ખ્યાલ આવે છે કે આગમોમાં પર્યાવરણને લગતા દરેક પ્રશ્નોનું સુંદર સમાધાન આપેલું છે. આથી આગમમાં રહેલા આ દૃષ્ટિકોણને સારી રીતે ઓળખી, તેનો લોકોમાં યોગ્ય રીતે પ્રચાર થાય તો કેટલીયે સમસ્યાઓના સમાધાન ઘણી સરળતાથી પ્રાપ્ત થઈ જાય.

**ઉપસંહાર :** સર્વજ્ઞ પ્રરૂપિત આગમો દ્વારા જે જે બાબતોની પીછાણ થઈ છે તેના પરથી એ સાબિત થાય છે કે જે બાબતો લોકોની સમક્ષ આવી છે તે તત્ત્વદર્શી હોવા છતાં રંગબેરંગી પણ છે, ગંભીર હોવા છતાં અલ્લડ અને મસ્ત પણ છે અને વાસ્તવિક હોવા છતાં સરળ, સહજ અને અમલમાં મૂકીએ તો ઝીરોમાંથી હીરો બનાવનારી છે. આ જિનઆગમોમાં શું નથી ?

સમર્થ વિદ્વાનોના વક્તવ્ય, દર્શન અને મંતવ્યો છે, તો શ્રોતાઓનો સંદેહ, જિજ્ઞાસા અને તેનું સમાધાન પણ છે. જગતનો દરેક જીવ કર્મરોગથી પીડાય છે તેનો રામબાણ ઈલાજ પણ છે અને બે ઘડીમાં છદ્મસ્થાવસ્થામાંથી ક્ષપકશ્રેણી માંડી, શૈલેષીકરણ કરી, ચૌદ રાજલોકની ઉપર (સિદ્ધશિલા પર) બિરાજમાન સંપૂર્ણ મુક્તિને વરનારા મહાપુરુષોની પ્રેરણાત્મક વાતો પણ છે. ભોગોની ભૂતાવળની વિપુલતામાં દૈહિક સુંદરીને જ પોતાનું અંતિમ લક્ષ્ય માનનારા અને તેમાં ફસાયેલા માનવીને માટે મુક્તિરમણીને વરવાનો ઉપાય પણ છે. આગમમાં વીર, કરુણ, અદ્‌ભુત આદિ નવેય રસોથી ભરપૂર ધર્મકથાનુયોગ પણ છે અને આર્યભટ્ટ તથા આઈન્સ્ટાઈનને પણ ભૂલભૂલામણીમાં સપડાવી દે તેવો ગણિતાનુયોગ પણ છે તેમજ છ કાય, છ દ્રવ્ય, નવ તત્ત્વ, કર્મપ્રકૃતિ, લેશ્યા આદિ દાર્શનિક તત્ત્વની વિપુલતાવાળો દ્રવ્યાનુયોગ પણ છે. સર્વજ્ઞ શાસનની આ ગહન, ગંભીર છતાં વાસ્તવિક વાતો ગળે ઊતારતા આવડે તેનો શ્વાસ સુગંધી બને છે, ભવભ્રમણરૂપી ઘટમાળ ઘટે છે.

અનંતકાળની ભાવનિદ્રામાં સૂતેલો આત્મા આ આગમના એલાર્મથી જો જાગી જાય તો ઘડીના છઠ્ઠા ભાગમાં તે ઊર્ધ્વગતિને આંબી જાય છે. આવા જીવનો સમય ગમે તેવો હોય-સુખનો કે દુઃખનો, બંનેમાં તે સમભાવે જીવી શકે છે. લહેરાતા મધુર પવનની જેમ માનવ મલકતો રહી શકે છે.

આથી જ આગમને આત્મસુધારણાના અમૂલ્ય દસ્તાવેજ તરીકે તો બિરદાવી શકાય પણ તેથીયે આગળ વધીને કહું તો જૈનાગમ એ જગતસુધારણાનો પણ વણલખ્યો દસ્તાવેજ છે. જો આત્માની સુધારણા થાય તો જગતની સુધારણા થયા વગર રહે જ નહિ. જગતની સુધારણા થાય તો સ્વર્ગ પૃથ્વી પર જ મળી જાય. જૈનાગમના સિદ્ધાંતો જો જગતના જીવો પાળશે, આરાધશે અને જીવનમાં ઉતારશે તો જગતની અને આત્માની બંનેની કાયાપલટ થઈ જશે એ નિર્વિવાદ હકીકત છે.•••



# બાળ વિભાગ



**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## (૧) ભેખધારી કેળવણીકાર

ગુજરાતમાં પુસ્તકાલયની પ્રવૃત્તિનો આરંભ તથા વિકાસ કરનાર અને ચરોતર વિસ્તારમાં લોકોમાં શિક્ષણસંસ્કારોનું સિંચન કરનાર શ્રી મોતીભાઈ અમીનનું નામ ગુજરાતના વિદ્યાક્ષેત્રે સુવર્ણાક્ષરે અંકિત થયું છે.

વિદ્યાપ્રેમી અને સંસ્કારપ્રિય મોતીભાઈ અમીન કીર્તિ, માન-સન્માન અને ગુણગાનોથી સદા દૂર રહેતા હતા. કોઈ ઈમારતનો પાયો બનવામાં જ જીવનની સાર્થકતા માનતા હતા. એ સમયના વડોદરા-નરેશ સયાજીરાવને મોતીભાઈ અમીનની આ શિક્ષણની અને પુસ્તકાલયની પ્રવૃત્તિ ઘણી જ ગમતી હતી. તેમણે મુક્તકંઠે મોતીભાઈ અમીનની પ્રશંસા પણ કરવા માંડી હતી. પણ માત્ર પ્રશંસા કરીને જ તેઓ અટક્યા નહિ, મોતીભાઈ અમીનનો એક જાહેર સન્માન-સમારંભ યોજવાનું પણ તેમણે એકવાર નક્કી કર્યું અને તે બાબતની જાણ તેમણે મોતીભાઈ અમીનને કરી.

માન-સન્માનથી દૂર રહેનાર મોતીભાઈ અમીને સયાજીરાવને જવાબ આપ્યો, ‘‘આવા માન-સન્માનનો મને કોઈ મોહ નથી. હું તો કેળવણીક્ષેત્રે મારી મૂક સેવા આપવામાં જ માનું છું. મને કીર્તિની જરાયે લાલસા નથી.’’

આમ, તેમનો સન્માન-સમારંભ યોજી શકાયો નહિ. છતાંયે સયાજીરાવે મોતીભાઈ અમીનની સેવાની કદર રૂપે તેમને રૂપિયા પંદરસોની થેલી મોકલી અને સાથે લખી જણાવ્યું, ‘‘મારી આટલી ભેટ સ્વીકારીને મને ઉપકૃત કરશો!’’

મોતીભાઈ અમીને મહારાજા સાહેબની આ ભેટનો સ્વીકાર કર્યો. પણ પછી તરત જ એ રકમમાં આવકવેરાના રૂપિયા બાવીસ પોતાના ઉમેરીને તેમણે એ બધી રકમ કેળવણીક્ષેત્રે વાપરી નાખી! જ્યારે મહારાજા સયાજીરાવને આ વાતની ખબર પડી ત્યારે એમની છાતી ગર્વથી ફૂલી ઊઠી કે પોતાના રાજ્યમાં આવો એક નિઃસ્પૃહી અને વિદ્યા તથા કેળવણીના પ્રસારનો ભેખ લેનાર એક ભેખધારી જીવે છે!

## (૨) દયાળુ સ્વભાવ

અમેરિકાના પ્રમુખ ક્લીવલેન્ડ કશાક કામવશાત્ એક ટ્રેનમાં બેસીને કોઈ શહેરમાં જઈ રહ્યા હતા.

એ જ ટ્રેનમાં અમેરિકાના પ્રખ્યાત સાહિત્યકાર રિચર્ડ ગિલ્ડર પણ પ્રવાસ કરી રહ્યા હતા. ટ્રેનમાં ખૂબ ગિરદી હતી.

ગિલ્ડર તો આવી ભારે ગિરદી જોઈને અકળાઈ જ ઊઠ્યા. આ ગિરદીથી બચવાનો કોઈ ઈલાજ તેઓ મનમાં વિચારવા લાગ્યા. અને તેમને ઈલાજ જડી આવ્યો કે આ જ ટ્રેનમાં પ્રેસિડેન્ટ ક્લીવલેન્ડ પણ પ્રવાસ કરી રહ્યા છે, તો એમના ડબામાં જઈને હું શા માટે ન બેસું ?

ક્લીવલેન્ડને ગિલ્ડર પ્રત્યે ઘણું માન હતું. આથી ગિલ્ડરને ક્લીવલેન્ડ પાસે જઈને બેસવામાં કશા સંકોચનો સવાલ નહોતો ! પોતાના ડબામાંથી નીચે ઊતરીને ગિલ્ડરે ડબે ડબે પ્રમુખની શોધ કરવા માંડી, પણ પ્રમુખનો પત્તો લાગ્યો નહિ !

આમ, પોતાના પ્રયાસો નાકામિયાબ બનતાં છેવટે તેઓ ગાર્ડ પાસે ગયા અને પૂછ્યું, ‘‘પ્રમુખ કયા ડબામાં બેઠા છે?’’ ગાર્ડે સામાન મૂકવાના ડબા તરફ આંગળી ચીંધી કહ્યું, ‘‘એ ડબો જુઓ!’’

એ ડબો સામાન મૂકવા માટેનો હતો. ત્યાં

**(અનુસંધાન પાના નં. ૨૧ પર)**

## સંસ્કાર-સિંચન, શિક્ષણ અને સર્વાંગી જીવનવિકાસની

## વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સગવડ

જૂન-૨૦૨૩ થી પ્રારંભ થતા સત્રથી, આપણી સંસ્થાના નવનિર્મિત, શૈક્ષણિક સુવિધાઓથી યુક્ત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ ગુરુકુળ' માં ધોરણ-૫ થી ૧૦ ના વિદ્યાર્થીઓને પ્રવેશ માટેની ઉત્તમ તક પ્રાપ્ત થઈ શકશે, જેની કેટલીક વિગતો નીચે મુજબ છે :

(૧) વિદ્યાર્થીઓને પૂજ્ય સંતશ્રી આત્માનંદજીના આશીર્વાદ તેમજ પૂજ્યશ્રી ગુરુમાતાનું સાન્નિધ્ય તથા મુમુક્ષુ ભાઈ-બહેનોના વાત્સલ્યનો લાભ પ્રાપ્ત થશે.

(૨) વિદ્યાર્થીઓની વાર્ષિક ફી માત્ર રૂા. ૧૮,૦૦૦/- (અઢાર હજાર પૂરા) રહેશે.

(૩) માત્ર વિદ્યાર્થી ભાઈઓને જ પ્રવેશ મળશે.

(૪) મોટા સ્વચ્છ રૂમમાં પલંગ, કબાટ, ટેબલ, નાઇટલેમ્પ, કમ્પ્યુટર લેબ, પુસ્તકાલય સહિત આવાસની સગવડ.

(૫) શુદ્ધ, સાત્ત્વિક, રુચિકર, આરોગ્યપ્રદ ભોજન અને નિયમિત દૂધ-છાશની સુવિધા.

(૬) અનુભવી, બાળપ્રેમી, પૂર્ણ સમયના ગૃહપતિ તથા ગૃહમાતા તેમજ પ્રાઇવેટ ટ્યુશનની સગવડ.

(૭) ચાલુ શિક્ષણ ઉપરાંત,
(A) રમત-ગમતના સાધનો
(B) ઇતર વાચનની પ્રવૃત્તિ
(C) પ્રેરણાદાયી વાર્તાઓનું આયોજન
(D) ધર્મ અને નીતિનું શિક્ષણ
(E) શાંત, પર્યાવરણસભર, સ્વચ્છ, કુદરતી વાતાવરણ (સાબરમતી નદીથી નજીક)

(૮) વિદ્યાર્થીના ઓછામાં ઓછા ૬૦% (ટકા) ગુણ હોવા જરૂરી છે.

(૯) પ્રવેશફોર્મ તા. ૧ માર્ચથી સંસ્થાના કાર્યાલય તથા ગુરુકુળમાંથી ઉપલબ્ધ થઇ શકશે.

(૧૦) પ્રવેશફોર્મ ટપાલ દ્વારા / રૂબરૂ મેળવીને નિયત કરેલ તા. ૧૫-૦૪-૨૦૨૩ સુધીમાં ભરીને સંસ્થાના કાર્યાલયમાં મોકલી આપવું.

(૧૧) વિદ્યાર્થીએ તા. ૨૩-૦૪-૨૦૨૩ ના રવિવારે સવારે ૯-૦૦ વાગ્યે મૌખિક ઇન્ટરવ્યુ માટે વાલી સાથે ઉપસ્થિત રહેવું.

**સુજ્ઞ વાલીઓને, પોતાના બાળકોને આ આયોજનનો લાભ અપાવવા વિનંતી છે.**
**વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેની માહિતી મેળવવા સંસ્થાના કાર્યાલય / ગૃહપતિશ્રીનો સંપર્ક સાધવો.**

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૪-૦૪-૨૦૨૩ | ચૈત્ર સુદ-૧૩ | મંગળવાર | ભગવાન મહાવીર જન્મકલ્યાણક દિવસ |
| ૧૧-૦૪-૨૦૨૩ | ચૈત્ર વદ-૫ | મંગળવાર | પરમકૃપાળુદેવ સમાધિદિન |
| ૩૦-૦૪-૨૦૨૩ | વૈશાખ સુદ-૧૦ | રવિવાર | સંસ્થા સ્થાપના દિન અને મહાવીર કેવળજ્ઞાન કલ્યાણક |
| ૨૦-૦૬-૨૦૨૩ | અષાઢ સુદ-૨ | મંગળવાર | શ્રી જિનમંદિરમાં નૂતન ધ્વજા - રોહણ |
| ૦૧-૦૭-૨૦૨૩ થી ૦૩-૦૭-૨૦૨૩ | અષાઢ સુદ પૂનમ | શનિવાર થી સોમવાર | ગુરુપૂર્ણિમા શિબિર |
| ૧૨-૦૯-૨૦૨૩ થી ૧૯-૦૯-૨૦૨૩ | શ્રાવણ વદ-૧૩ થી ભાદરવા સુદ-૪ | મંગળવાર થી મંગળવાર | શ્રી પર્યુષણ મહાપર્વ |
| ૧૯-૦૯-૨૦૨૩ થી ૨૮-૦૯-૨૦૨૩ | ભાદરવા સુદ-૪ થી ભાદરવા સુદ-૧૪ | મંગળવાર થી ગુરુવાર | શ્રી દશલક્ષણ પર્વ |
| ૨૯-૧૦-૨૦૨૩ | અસો વદ-૧ | રવિવાર | શ્રી આત્મસિદ્ધિ રચના દિન તથા લઘુરાજ સ્વામીની જન્મતિથિ |
| ૧૧-૧૧-૨૦૨૩ થી ૧૪-૧૧-૨૦૨૩ | આસો વદ-૧૩ થી કારતક સુદ-૧ | શનિવાર થી મંગળવાર | દીપાવલી આરાધના શિબિર |
| ૧૮-૧૧-૨૦૨૩ | કારતક સુદ-૫ | શનિવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૨૭-૧૧-૨૦૨૩ | કારતક સુદ-૧૫ | સોમવાર | પરમકૃપાળુદેવ જન્મજયંતિ (દેવદિવાળી) |
| ૦૧-૧૨-૨૦૨૩ થી ૦૩-૧૨-૨૦૨૩ | કારતક વદ-૪ થી કારતક વદ-૬ | શુક્રવાર થી રવિવાર | પૂજ્યશ્રીની જન્મતિથિ |

## વિશિષ્ટ દિવસો

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૩૦-૦૩-૨૦૨૩ | ચૈત્ર સુદ-૯ | ગુરુવાર | રામનવમી |
| ૨૮-૦૪-૨૦૨૩ | વૈશાખ સુદ-૮ | શુક્રવાર | લઘુરાજસ્વામી દેહવિલય દિન |

## સંસ્થા સંચાલિત છાશકેન્દ્રોના પ્રારંભ અંગે

પૂજ્યશ્રીની પાવન પ્રેરણાથી ઘણા વર્ષોથી ચાલતા જરૂરતમંદો માટેના નિઃશુલ્ક છાશકેન્દ્રો ચાલુ વર્ષે તા. ૧૩-૦૪-૨૦૨૩ ના ગુરુવારથી પ્રારંભ થશે. છાશકેન્દ્રોના પ્રારંભ પ્રસંગે પધારવા સૌને નિમંત્રણ છે.

## સંસ્થામાં ત્રિદિવસીય 'સમકિત પર્વ શિબિર' સાનંદ સંપન્ન

આપણી સંસ્થામાં તા. ૧૨-૦૨-૨૦૨૩ થી તા. ૧૪-૦૨-૨૦૨૩ દરમ્યાન ત્રિદિવસીય 'સમકિત પર્વ શિબિર' ધર્મોલ્લાસમય વાતાવરણમાં સંપન્ન થઇ. શિબિરનું સુંદર અને સફળ સંચાલન સંસ્થાના ટ્રસ્ટી મહોદય આદ. શ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું.

**સ્વાધ્યાય :-** પી.એચ.ડી., શાસ્ત્રી જેવી ઉચ્ચ ડીગ્રિના ધારક, દિલ્હી યુનિવર્સિટીના જૈન ફિલોસોફી વિભાગના પ્રોફેસર, ૪૦ ઉપરાંત પુસ્તકો અને ૧૫૦ જેટલા રીસર્ચ પેપર લખનાર, અનેક સામયિકના તંત્રી, જૈન સંસ્થાઓ દ્વારા વિવિધ એવોર્ડ પ્રાપ્ત કરનાર આદ. ડૉ. વીરસાગર જૈને 'જૈન ન્યાય' વિષય અંતર્ગત સ્વાધ્યાય આપતાં જણાવ્યું કે જૈન દર્શન વ્યક્તિવાદી નહિ, વસ્તુવાદી-ગુણવાદી દર્શન છે. દ્રવ્યાનુયોગના ત્રણ ભેદ છે - (૧) અધ્યાત્મ (૨) સિદ્ધાંત (૩) ન્યાય. ન્યાય એ થીયરી છે, જ્યારે સાધના પ્રેક્ટિકલ છે. ન્યાયશાસ્ત્રનો અભ્યાસ આચાર્યોએ અનિવાર્ય ગણ્યો છે. આપણને સત્‌દેવ-શાસ્ત્ર-ગુરુરૂપી દીવાલ મળી છે, આ દીવાલ દ્વારા આપણે રત્નત્રયરૂપી દ્વાર પ્રાપ્ત કરી શકીએ છીએ. ન્યાયશાસ્ત્રના અભ્યાસથી મિથ્યાત્વનો નાશ થાય છે. 'आत्मबलं बलं, पर बलं दुर्बलं ।' જૈન દર્શન પરીક્ષાપ્રધાન દર્શન છે. વીતરાગ અને સર્વજ્ઞતા પૂજ્ય છે. નિશ્ચય સમ્યક્ત્વની પ્રાપ્તિથી ભવનો અભાવ થાય છે. તત્ત્વરૂપી હીરો આપણા હાથમાં આવ્યો છે. 'પરિ' ઉપસર્ગને ''ઈક્ષ' ધાતુ લગાડતાં પરીક્ષા શબ્દ બને છે. પરિ=ચારે બાજુથી, ઈક્ષ = જોવું દેખવું. જ્ઞાન એ મધ્યદીપક છે, જે શ્રદ્ધા અને ચારિત્રને પ્રકાશિત કરે છે. સમ્યગ્જ્ઞાન વગર શ્રદ્ધા અને ચારિત્ર સાચાં હોતાં નથી. આજ્ઞાપ્રધાની બનવા માટે પણ પરીક્ષાપ્રધાની બનવું જરૂરી છે. શ્રમણ સંસ્કૃતિના ઉપાસક શ્રમથી ભાગે નહિ. જૈન ધર્મનું મૂળ સ્વાધ્યાય છે. વિદ્યાર્થીના છ આવશ્યક-વાંચન, શ્રવણ, સ્મરણ, પૃચ્છના, લેખન અને પઠન. પ્રશ્નોત્તરીથી તત્ત્વજ્ઞાન નિર્મળ થાય છે. શીખવાનો સર્વોત્તમ ઉપાય છે - બીજાને ભણાવો. જૈન ન્યાયનો ઉદ્દેશ સત્યાસત્ય વિવેક (તત્ત્વાધિગમ) છે. ન્યાય શબ્દમાં 'નિ' ધાતુને 'અય' પ્રત્યય લાગે છે. 'नीयते अनेन इति न्यायः' જેના દ્વારા વસ્તુસ્વરૂપ તરફ જવાય તે ન્યાય. 'प्रमाण नयात्मको न्यायः ।' જૈન દર્શન જ્ઞાનપ્રધાન છે. મોક્ષ નહીં તો મોક્ષમાર્ગ તો પ્રાપ્ત કરીએ. આત્માના ત્રણ ગુણો (જ્ઞાન-દર્શન-ચારિત્ર) માં વિકાર છે, બાકીના ગુણો શુદ્ધ છે. સર્વ દુઃખનું કારણ અજ્ઞાન છે. અજ્ઞાન સમાન કોઈ વિષ નથી, જ્ઞાન સમાન કોઈ અમૃત નથી. ન્યાયનો અગત્યનો સિદ્ધાંત સ્યાદ્‌વાદ છે. સ્યાદ્ = કોઇ અપેક્ષાએ, વાદ = બોલવું, સ્યાદ્‌વાદ સંજીવનીબુટ્ટી છે. દરેક પદાર્થ ક્રિયા કરે છે તેને અર્થક્રિયાકારિત્વ કહે છે. પ્રત્યેક પદાર્થને પોતાનું કાર્ય કરવા તેમાં વિરોધી ધર્મો હોવા જરૂરી છે. સં=સમ્યક્ પ્રકારે સદ્=બેસવું, સંસદનો અર્થ સમોસરણ થાય છે. મારું ભલું-બૂરું મારા પરિણામ (ભાવ) થી છે - આ જૈનદર્શનનો સિંહનાદ છે. જૈન ધર્મનો સાર-સ્વને જાણો, સ્વની શ્રદ્ધા કરો, સ્વમાં રમણતા કરો. અધ્યાત્મ તત્ત્વજ્ઞાન ઘનીભૂત કરવા જૈન ન્યાય જરૂરી છે. ન્યાયના ત્રણ અંગો છે - પ્રમાણ, નય અને નિક્ષેપ. વીજળીના ચમકારાની જેમ માનવભવ વીતી જશે.

પ્રશ્નોત્તરી કાર્યક્રમ અંતર્ગત આદ. ડૉ. વીરસાગર જૈને મુમુક્ષુ ભાઈ-બહેનના પ્રશ્નોનું સુંદર સમાધાન કર્યું હતું.

બા.બ્ર.આદ. સુરેશજીએ 'આત્માનુસંધાન' વિષય અંતર્ગત સ્વાધ્યાય આપતા જણાવ્યું કે જીવને અનાદિકાળથી પ્રવૃત્તિમાં રુચિ છે. મન-વચન-કાયાથી કંઇ ને કંઇ કરવા માગે છે. આ ત્રણેયથી નિવૃત્ત થવું તે આત્માની પ્રવૃત્તિ કહેવાય છે. સંધાન એટલે નિશાન. આત્મા પર નિશાન સાધવું તેનું નામ આત્માનુસંધાન.

આત્માનુસંધાનમાં આત્મા પર એકાગ્ર થવાનું છે. આત્માનુસંધાન માટે પ્રથમ આત્મામાં રુચિ કેળવવી પડશે. અજ્ઞાનીને વિકલ્પ છોડવા માટે ખૂબ મહેનત કરવી પડે છે. વસ્તુથી જીવ મુક્ત થાય છે, પણ પદાર્થની વાસનાથી મુક્ત થતો નથી. આત્માનુસંધાનનું ફળ આત્માનુભૂતિ છે. તેના માટે આત્મરુચિ જરૂરી છે. ન્યાય નિર્ણય કરાવે છે, પ્રમાણ અનુભૂતિ કરાવે છે. વાસ્તવિક સુખ ક્યાં છે તેનો નિર્ણય થાય તો આત્માનુસંધાન થઈ શકે. જ્ઞાનીને સદા શાંતિ પ્રિય હોય છે. તેઓ કોઈ પણ ભોગે શાંતિનો ભંગ થવા દેતા નથી. આત્માની સત્તાને કોઈ કર્મ નષ્ટ કરી શકતા નથી.

પૂજ્ય બહેનશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સમ્યગ્દર્શનનો મહિમા વ્યક્ત કરતા પરમકૃપાળુદેવના અવતરણો પ્રસ્તુત કર્યા હતા અને 'રત્નકરણ્ડ શ્રાવકાચાર' ના આધારે સમ્યગ્દર્શનનો મહિમા દર્શાવ્યો હતો. પૂજ્યશ્રીના સ્વાધ્યાય વીડિયો કેસેટના આધારે મૂકવામાં આવ્યા હતા.

**ભક્તિસંગીત :** શિબિર દરમિયાન સંસ્થાના મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભાવવાહી ભક્તિ પ્રસ્તુત કરી હતી. આ ઉપરાંત સુપ્રસિદ્ધ આદ.શ્રી ધનરાજ ગઢવીએ ડાયરા અંતર્ગત ભક્તિસંગીત સહ સંસ્કારપ્રેરક વાતો પ્રસ્તુત કરી હતી.

**'રાજપદ્યામૃત' પુસ્તિકાનું વિમોચન :** સંસ્થા પ્રકાશિત 'રાજપદ્યામૃત' (શ્રીમદ્ રાજચંદ્ર વિરચિત કાવ્યોનું સંકલન) ની તૃતીય આવૃત્તિનું વિમોચન તા. ૧૪-૦૨-૨૦૨૩ ના રોજ આદ. ડૉ. વીરસાગર જૈન તેમજ અન્ય મહાનુભાવોના વરદ હસ્તે કરવામાં આવ્યું.

શિબિર દરમિયાન સંસ્થાના પ્રકાશનો પર ૫૦% ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું હતું. શિબિર દરમિયાન સહયોગ આપનારા તેમજ સ્વામિવાત્સલ્યના લાભાર્થીઓને સંસ્થા વતી સાભાર ધન્યવાદ પાઠવીએ છીએ.

## શ્રી કુંદકુંદાચાર્ય વિધાન-પૂજા સાનંદ સંપન્ન

આપણી સંસ્થામાં તા. ૧૩-૦૨-૨૦૨૩ ના રોજ અપ્રમત્ત યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્ય વિધાન-પૂજા ધર્મોલ્લાસમય વાતાવરણમાં સંપન્ન થઈ. પ્રજ્ઞાશ્રમણ પૂજ્ય-૧૦૮ મુનિશ્રી ચંદ્રગુપ્તજીએ ભાવ-ભક્તિપૂર્વક આ વિધાનની રચના કરી છે. ૧૩ ફેબ્રુઆરી મુનિશ્રીનો દીક્ષાદિવસ છે. પૂજ્ય બહેનશ્રીની વિનંતીથી પૂજ્ય મુનિશ્રીએ આ વિધાનની રચના કરી છે. મુનિશ્રી પુન્નુરહિલ્સ દર્શનાર્થે ગયા હતા ત્યારે વિહાર કરતાં કરતાં આ વિધાનની રચના કરી છે. આ વિધાનમાં કુલ ત્રણ વલય છે. સંસ્થાના યુવા ત્યાગી સાધક ગ્રુપે સુમધુર કંઠે ભાવસભર આ વિધાન કરાવ્યું હતું. સમગ્ર વાતાવરણ ભક્તિસભર બની ગયું હતું. ભક્તોના મનમયૂર નૃત્ય કરવા લાગ્યા હતા અને શ્રી કુંદકુંદાચાર્યના વ્યક્તિત્વ અને કૃતિત્વ વિશે જાણીને સૌ નતમસ્તક થઈ ગયા હતા. આ વિધાનમાં ભાગ્યશાળી મુમુક્ષુ ભાઈ-બહેનોએ લાભ લઈને વિશિષ્ટ પુણ્યાર્જન કર્યું હતું.

## સંસ્થામાં સાધુસંતોનું શુભાગમન

[૧] આપણી સંસ્થામાં **પૂજ્ય આચાર્ય ૧૦૮ શ્રી ચંદ્રસાગરજી મહારાજ (સસંઘ)** નું શુભાગમન થતાં ધર્મોલ્લાસમય વાતાવરણ સર્જાયું હતું. સંસ્થા દ્વારા સંઘનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું. સમસ્ત સંઘે ત્રણેક દિવસ સૌને લાભ આપ્યો હતો. સંઘને આહારદાન આપવાનો સૌએ ઉત્સાહભેર લાભ લીધો. પૂજ્ય આચાર્યશ્રીએ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે સત્‌દેવ-ગુરુ-ધર્મની યથાર્થ શ્રદ્ધા સમ્યગ્દર્શન છે, સાત તત્ત્વોના જ્ઞાનને સમ્યક્‌જ્ઞાન અને કષાય તેમજ પાપોના ત્યાગને સમ્યક્‌ચારિત્ર કહે છે. વિષયકષાય જીવના મોટા શત્રુઓ છે. તેનો ત્યાગ કરવા પ્રયત્નશીલ થવું. શ્રાવકે ૮ મૂળ ગુણો ધારણ કરવાં જોઈએ. (પાંચ ઉદુંબર ફળનો ત્યાગ અને ત્રણ મ'કાર મદ્ય, માંસ અને મધુનો ત્યાગ) આ બધામાં ઘણા બધા જીવો રહેલાં છે. શરાબથી બુદ્ધિ ભ્રમિત થઈ જાય છે. માંસમાં અનંત સૂક્ષ્મ જીવો રહેલાં છે. જૈન ધર્મમાં સૂક્ષ્મ દૃષ્ટિએ

અહિંસાનું વર્ણન છે. મધ ખાવાથી સાત ગામનો નાશ કરવા જેટલું પાપ લાગે છે. શ્રાવક શ્રદ્ધાવાન, વિવેકી અને ક્રિયાવાન હોય છે. નવકારમંત્રમાં ૮૪ લાખ મંત્રોનો સમાવેશ થાય છે. જેમ જેમ ત્યાગ કરતા જઇએ તેમ તેમ સુખ-શાંતિનો અનુભવ થતો જાય છે.

[૨] સંસ્થામાં સ્થાનકવાસી બરવાળા સંપ્રદાયના પૂજ્યશ્રી સરદારમુનિ મહારાજના શિષ્યો **પૂ.શાશ્વત મુનિ** અને **પૂ. કિરણમુનિ** પધાર્યા હતા. તેઓશ્રીએ પૂજ્યશ્રીનું મ્યુઝિયમ નિહાળ્યું હતું. તેઓશ્રીએ પ્રવચનમાં 'इदं न मम' અહં-મમત્વ ઘટાડવું તેમજ પરવસ્તુ પ્રત્યેની આસક્તિનો ત્યાગ કરવા પર ભાર મૂક્યો હતો.

## સંસ્થામાં રાહત દરે હેલ્થ ચેક અપ કેમ્પ સંપન્ન

સંસ્થા સંચાલિત મેડિકલ સેન્ટરના ઉપક્રમે 'સમકિત પર્વ શિબિર' અંતર્ગત તા. ૧૨-૦૨-૨૦૨૩ ના રવિવારના રોજ રાહત દરે હેલ્થ ચેક અપ કેમ્પ યોજાઈ ગયો. કેમ્પ અંતર્ગત CBC, Lipid Profile, SGPT, TSH વગેરે દસ જેટલા ટેસ્ટ આવરી લેવામાં આવ્યા હતા. ૪૫૦૦/- રૂપિયામાં થતાં ઉપરોક્ત ટેસ્ટ રાહત દરે માત્ર રૂા. ૩૦૦/- માં કરી આપવામાં આવ્યા હતા. વર્તમાનના ભામાશા (દાનવીર) આદ. શ્રી તરલાબેન દિનેશભાઈ બાવીસી પરિવારે (રાજકોટ) આ કેમ્પ માટે આર્થિક સૌજન્યનો લાભ લઈ વિશિષ્ટ પુણ્યાર્જન કર્યું છે, જે આપણા સૌ માટે પ્રેરણાદાયી છે. ૯૦૦ જેટલી વ્યક્તિઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પ માટે ડૉ. દિલીપભાઈ શાહ, ડૉ. સર્જનભાઈ શાહ, ગ્રીનક્રોસની ૩૫ સભ્યોની ટીમનો અભૂતપૂર્વ સહયોગ સાંપડ્યો હતો. આ ઉપરાંત સંસ્થાના ટ્રસ્ટીવર્ય આદ. ડૉ. રાજેશભાઈ સોનેજી, આદ. નીતાબેન લોઢિયા, ગૃહપતિશ્રી મેહુલભાઈ પંડ્યા તેમજ ગુરુકુળના વિદ્યાર્થીઓનો પ્રશંસનીય સહયોગ સાંપડ્યો છે; જે બદલ સર્વેને અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ.

## સંસ્થામાં 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા' ના આધારે યોજાયેલ લેખિત કસોટીનું પરિણામ

મુમુક્ષુ ભાઈ-બહેનો જૈન સિદ્ધાંતોથી સુપરિચિત થાય અને જ્ઞાનાભ્યાસ તેમજ તત્ત્વાભ્યાસનો ઉદ્યમ કરી શકે તેવા શુભ આશયથી આપણી સંસ્થા દ્વારા 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા' (અધ્યાય-૫) ના આધારે લેખિત કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રજ્ઞાવંત આદ. બા.બ્ર.સુરેશભૈયાએ ખૂબ જહેમત ઉઠાવીને સુંદર પ્રશ્નપત્ર તૈયાર કર્યું હતું. આ ઉપરાંત તેઓશ્રીએ આ વિષય પર તત્ત્વસભર, મનનીય સ્વાધ્યાય આપ્યા હતા. આ લેખિત કસોટીમાં સારી સંખ્યામાં ભાગ લઈ મુમુક્ષુ ભાઈ-બહેનોએ જ્ઞાનાર્જનનો લાભ લીધો હતો. પ્રશ્નપત્ર ટાઈપ કરાવવા, ઉત્તરવહીઓ ચેક કરવી, પરિણામ તૈયાર કરવું વગેરે પરીક્ષાને લગતી તમામ કાર્યવાહીમાં કર્મયોગી, નિઃસ્વાર્થ સેવાભાવી આદ. શ્રી ચંપકભાઈ પરમાર્થીએ ખૂબ પ્રેમપરિશ્રમ લીધો હતો; જે બદલ સંસ્થા તરફથી તેઓને અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ. ૧૦૦ ગુણની આ લેખિત કસોટી યોજવામાં આવી હતી. આ કસોટીમાં આગવું સ્થાન પ્રાપ્ત કરનારા મુમુક્ષુ ભાઈ-બહેનોના નામ નીચે પ્રમાણે છે :- (૧) શ્રી નિધિબેન જૈન (દિલ્હી)-૯૩ ગુણ (૨) બા.બ્ર.જનકદીદી (કોબા)-૮૯ ગુણ (૩) શ્રી રેખાબેન પરમાર્થી (વડોદરા), શ્રી અંજલિબેન જૈન (દિલ્હી)-૮૮ ગુણ (૪) શ્રી જિતેશભાઈ બી. પારેખ (ચેન્નઈ)-૮૭ ગુણ (૫) શ્રી શ્રુતિબેન માલદે (લંડન), શ્રી સુસ્મિતાબેન શાહ (મુંબઈ)-૮૬ ગુણ (૬) બા.બ્ર. આકાંક્ષાદીદી (કોબા)-૮૪ ગુણ (૭) શ્રી કિંતનભાઈ બી. મણિયાર (મુંબઈ)-૮૩ ગુણ (૮) શ્રી પ્રદીપભાઈ બી. શાહ (USA), શ્રી મહેન્દ્રભાઈ ખંધાર (USA)-૮૦ ગુણ (૯) શ્રી પ્રીતિબેન બદાણી (USA)-૭૭ ગુણ (૧૦) શ્રી જયેશભાઈ કે. શાહ (ભરૂચ), પૂજ્ય બહેનશ્રી (કોબા)-૭૬ ગુણ.

## શ્રી ધર્મતીર્થ ક્ષેત્રે પંચકલ્યાણક મહોત્સવ અને આચાર્ય પદારોહણ કાર્યક્રમ સાનંદ સંપન્ન

તા. ૧૬ ફેબ્રુઆરી થી ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ મહારાષ્ટ્ર પ્રાંતના સંભાજી નગર (ઔરંગાબાદ)

થી ૩૫ કિ.મી. દૂર શ્રી ધર્મતીર્થ ક્ષેત્ર પર પંચ કલ્યાણક મહોત્સવની ભવ્ય ઉજવણી થઈ. સહ્યાદ્રિ પર્વત માળાની મધ્યમાં અત્યંત સુરમ્ય શ્રી ધર્મતીર્થક્ષેત્ર પરમ પૂજ્ય આચાર્યશ્રી ગુપ્તિનંદીજીની પ્રેરણાથી સર્જાયું છે. ક્ષેત્રના નિમંત્રણને માન આપીને સંસ્થામાંથી ત્યાગી યુવાસાધકો તથા અન્ય સાધકો સાથે પંચકલ્યાણક મહોત્સવમાં સામેલ થયા હતા. પુરાણોમાં પંચકલ્યાણકનું જેવું વર્ણન છે તેવા જ વિધિવિધાન સહિત ઝાંખીઓ તથા નાટિકાઓ દ્વારા આબેહૂબ રજૂઆત દ્વારા ભવ્ય કાર્યક્રમો થયા હતા. હજારો ભક્તોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો. હજારોની જનમેદની હોવા છતાં આવાસની સુચારુ વ્યવસ્થા, વિશાળ ભોજનાલય તથા મેડિકલ સુવિધાઓ વગેરે દ્વારા ભક્તજન સુખરૂપ કાર્યક્રમને માણી શક્યા. આવા સફળ કાર્યક્રમમાં મુખ્ય આચાર્ય શ્રી ગુપ્તિનંદીજી તથા અનેક સાધુ સંઘોનું સાન્નિધ્ય તથા હજારો ગુરુભક્ત શ્રાવક તથા કાર્યકરોનું સમર્પણ તેમજ ગુરુભક્તિ મુખ્ય હતી. મહોત્સવ મધ્યે અંતિમ મોક્ષકલ્યાણકના દિવસે ૨૪ ફેબ્રુઆરી ના રોજ સોનામાં સુગંધ ભળે એવો એક મંગળ પ્રસંગ દીર્ઘદીક્ષિત યુગલ મુનિવર્ય પ્રજ્ઞાશ્રમણ શ્રી સુયશગુપ્તજી તથા પ્રજ્ઞાશ્રમણ શ્રી ચંદ્રગુપ્તજીને તેમના દીક્ષાગુરુ પ્રજ્ઞાયોગી જૈનાચાર્ય શ્રી ગુપ્તિનંદી ગુરુદેવે પંચાચારાદિ ૩૬ મૂળ ગુણોથી સંસ્કારિત કરી યુગલ મુનિને આચાર્ય પદવીથી વિભૂષિત કર્યા, જેથી સમગ્ર સભાજન સહિત દેશ-વિદેશ સ્થિત ભક્તગણમાં અત્યંત અહોભાવ સહિત હર્ષોલ્લાસ થયો હતો. આ પ્રસંગે શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબાના સાધકોને સંયમ ઉપકરણ ભેટ કરવાનો લાભ મળ્યો હતો.

## રાજકોટની ધર્મયાત્રા સાનંદ સંપન્ન

સમાધિભવન (રાજકોટ) ની વાર્ષિક તિથિ નિમિત્તે શ્રી જ્ઞાનમંદિર, રાજકોટ મુકામે તા. ૩-૪-૫ ફેબ્રુઆરી દરમિયાન ત્રિદિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આપણી સંસ્થાના પ્રતિભાશાળી સાધક બા.બ્ર.આદ.સુરેશજીના સ્વાધ્યાયનું શિબિર અંતર્ગત આયોજન કરવામાં આવ્યું હતું. બા.બ્ર.આદ.સુરેશજીએ વચનામૃત પત્રાંક-૭૫૧ ના આધારે ત્રણ પ્રકારના સમકિત, સમકિત પ્રાપ્ત કરવાના ઉપાયો, સોપાનો તથા પ્રક્રિયા અંગે તત્ત્વસભર રસપ્રદ સ્વાધ્યાય આપ્યા હતા.

૩-૪ ફેબ્રુઆરી દરમિયાન રાજકોટની લબ્ધ પ્રતિષ્ઠિત મોદી સ્કૂલમાં પણ બા.બ્ર.સુરેશજીના સ્વાધ્યાયનું આયોજન કરવામાં આવ્યું હતું. આદ.શ્રી રશ્મિકાંતભાઈ તથા આદ. શ્રી પારસભાઈ સંચાલિત મોદી સ્કૂલની ગણના ગુજરાતની પ્રતિષ્ઠિત શાળાઓમાં થાય છે. ઉચ્ચ શિક્ષણ સાથે સુસંસ્કારોની પ્રાપ્તિ કરતાં મોદી સ્કૂલના વિદ્યાર્થીઓ આજે સમાજના ઉચ્ચ ક્ષેત્રોમાં પોતાનું નામ રોશન કરી રહ્યા છે. આ શાળામાં ૮૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને લગભગ ૮૦૦ જેટલા શિક્ષકો છે.

શિક્ષકો માટે યોજાયેલ કાર્યક્રમ અંતર્ગત બા.બ્ર.સુરેશજીએ આનંદપૂર્ણ શિક્ષણ કેવી રીતે આપવું તે અંગે સુંદર સમજૂતી આપી. સાયન્સના વિદ્યાર્થીઓ સાથે યોજાયેલ કાર્યક્રમ અંતર્ગત બા.બ્ર.સુરેશજીએ 'વિજ્ઞાન શું છે?' વિષય પર સુંદર વક્તવ્ય આપ્યું હતું.

## અનુમોદના

[૧] ઈ.સ.૧૯૯૧માં બંધાયેલ કોબા આશ્રમના સ્વાધ્યાયહૉલને ૩૦ થી વધુ વર્ષ થતાં, તેના નવીનીકરણના ભાગરૂપે, ગ્રંથો રાખવાના સ્ટીલના ૪ કબાટ જર્જરિત અને અસુવિધારૂપ લાગતા, તેમની જગ્યાએ ગોદરેજના અદ્યતન કાચની પેનલવાળા, સ્ટીલના ૪ કબાટ વસાવ્યા. તેનું સંપૂર્ણ આર્થિક યોગદાન ઉત્તમ મુમુક્ષુ અને સેવાભાવી દંપતી આદ.શ્રી વીણાબેન અને આદ.શ્રી મહેન્દ્રભાઈ ખંધારે આપેલ છે તેની સંસ્થા ખૂબ ખૂબ અનુમોદના કરે છે.

[૨] નાઈરોબીવાળા આદ. સરલાબેન ધીરૂભાઈ દોશી અને તેમના સુપુત્રી આદ. ગીતાબેન રાજેશભાઈ શાહ તરફથી (૧) દરેક કર્મચારીને ૧૦૦૦ રૂપિયા (૨) ગુરુકુળના વિદ્યાર્થીઓ અને આશ્રમના મુમુક્ષુઓને ૫૦૦

ગ્રામ ચ્યવનપ્રાસની પ્રભાવના કરવામાં આવેલ છે. સંસ્થા તેમના આ શુભકાર્યની અનુમોદના કરે છે.
[૩] કોબા આશ્રમના રસોડાના ચીફ શ્રી નરપતભાઈ આચાર્યનું કોવીડમાં દુઃખદ અવસાન થયા પછી, તેમના ધર્મપત્ની સુવાબેને પાંચ દીકરીઓના યોગ્ય ઉછેર સાથે આશ્રમનું રસોડું સુપેરે સંભાળી લીધું છે.

સુવાબેનની ૧૫ વર્ષની વચલી દીકરી સુમનને ડાબા કાનના પડદામાં કાણું, રસી, દુઃખાવો વગેરે થતાં, કોબાના મુમુક્ષુ આદ. શ્રી મહેન્દ્રભાઈ ખંધારે તેમના કુટુંબીભાઈ આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ ENT સર્જન ડૉ. વિનોદભાઈ ખંધારને કન્સલ્ટ કરતા, વિનોદભાઈએ ૩ કલાકની સર્જરીથી કાનમાં નવો પડદો, અંદરના કાનના હાડકાનું કામ વગેરે કુનેહપૂર્વક સફળતાથી કરેલ છે. તેમજ જરૂરિયાતમંદ તરીકે માત્ર ૨૦% ખર્ચમાં કરી દીધું છે. તેમાં પ્રભુકૃપા અને પૂ. સાહેબજીનું યોગબળ છે.

કોબા સંસ્થા ડૉ. વિનોદભાઈની સેવાની અનુમોદના કરીને, બેન સુમનને જલ્દીથી સંપૂર્ણ સારું થઈ જાય તે માટે શુભેચ્છા પાઠવે છે.
[૪] સંસ્થામાં રહીને સેવા-સાધના કરતાં કર્મયોગી, સેવાભાવી, પ્રજ્ઞાવંત મુમુક્ષુ આદ. શ્રી કિરીટભાઈ તથા આદ. શ્રી પૂર્ણિમાબેન શાહ (નડિયાદ) તરફથી ગુરુકુળના દરેક વિદ્યાર્થીને કંપાસબોક્ષ, રાઈટિંગ બોર્ડ, પેડ, બોલપેન વગેરે સામગ્રીઓની પ્રભાવના કરવામાં આવી હતી; જે બદલ સંસ્થા તેઓની ખૂબ અનુમોદના કરે છે.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :-

| | | | |
|---|---|---|---|
| **પુસ્તક પ્રકાશન :** | (૧) | શ્રી હીનાબેન હિતેનભાઈ હરિયા, મુંબઈ | રૂા. ૧૧,૦૦૦/- |
| | (૨) | શ્રી બીનાબેન જે. સોમાણી, અમદાવાદ | રૂા. ૧૧,૦૦૦/- |
| **સાધારણ :** | (૧) | શ્રી શાંતિલાલ સી. મહેતા, મુંબઈ<br>હસ્તે : શ્રી સુવાસભાઈ શાહ | રૂા. ૨,૦૧,૦૦૦/- |
| | (૨) | શ્રી વિદ્યાસાગર ચેરીટેબલ ટ્રસ્ટ, જામનગર<br>હસ્તે : શ્રી જ્યોત્સનાબેન, રશ્મિકાન્તભાઈ, શ્રી પારસભાઈ મોદી | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| | (૩) | શ્રી રાજેન્દ્રભાઈ ભક્તા, USA | રૂા. ૩૭,૫૦૦/- |
| **જીવદયા :** | (૧) | શ્રી ઊર્મિલાબેન ધોળકિયા, USA | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| **ગુરુકુળ :** | (૧) | શ્રી હર્ષાબેન કિરીટભાઈ શાહ, અમદાવાદ<br>હસ્તે : શ્રી નીરજભાઈ શાહ<br>(મેડિકલ, પુસ્તક પ્રકાશન, ભોજનાલય, જીવદયા, વૈયાવચ્ચ, છાશકેન્દ્ર, સ્ટાફ પ્રભાવના) | રૂા. ૭૫,૦૦૦/- |
| | (૨) | શ્રી વિનોદિનીબેન સુમતિલાલ પરીખ, USA<br>હસ્તે : શ્રી રચનાબેન શાહ | રૂા. ૨૫,૦૦૦/- |
| **ભોજનાલય :** | (૧) | શ્રી કુમુદભાઈ મહેતા, મુંબઈ | રૂા. ૩૫,૦૦૦/- |
| | (૨) | શ્રી સરલાબેન શાહ, નૈરોબી (USA)<br>હસ્તે : શ્રી ગીતાબેન શાહ (સ્વામિવાત્સલ્ય) | રૂા. ૨૧,૦૦૦/- |
| | (૩) | શ્રી હસમુખભાઈ ખંધાર, મુંબઈ | રૂા. ૧૦,૦૦૦/- |

**સ્વાધ્યાયહૉલ રીનોવેશન :** (૧) શ્રી વીણાબેન મહેન્દ્રભાઈ ખંધાર, USA રૂા. ૨૦,૫૦૦/-

**ઓડીયો-વીડિયો પ્રોજેક્ટ :** (૧) શ્રી રાજેશ્રીબેન હિમાંશુભાઈ બદાણી,USA રૂા. ૩૦,૦૦૦/-
હસ્તે : શ્રી પ્રવીણભાઈ મહેતા

**મેડિકલ :** (૧) શ્રી દિનેશભાઈ બાવીસી, રાજકોટ રૂા. ૮,૩૫,૫૬૫/-
(મેડિકલ કેમ્પ, કેલેન્ડર)
(૨) શ્રી શ્યામસુંદર સિંઘવી પરિવાર, ઉદેપુર (રાજસ્થાન) રૂા. ૨૧,૦૦૦/-

**જ્ઞાનદાન :** (૧) શ્રી ઊર્મિલાબેન સંઘરાજકા, UK રૂા. ૨૧,૦૦૧/-
(૨) શ્રી ઇન્દિરાબેન અનિલકુમાર ગાંધી, મુંબઈ રૂા. ૧૧,૦૦૦/-
હસ્તે : શ્રી અતુલભાઈ તથા શ્રી રાજેશભાઈ (છાશકેન્દ્ર)

## ‘દિવ્યધ્વનિ સહાયક અનુદાતા’ દાનવીર મહાનુભાવો


સંસ્થામાં ‘દિવ્યધ્વનિ સહાયક અનુદાતા’ તરીકે યોગદાન આપનારા દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :-

(૧) શ્રી એક મુમુક્ષુ, અમદાવાદ રૂા. ૨,૧૦૦/-
(૨) શ્રી નિધિબેન દીપકભાઈ જૈન, દિલ્હી રૂા. ૨,૧૦૦/-
(૩) શ્રી મણિભાઈ કે. ચૌધરી, ગાંધીનગર રૂા. ૨,૧૦૦/-
(૪) શ્રી ભાવીબેન દીપેશભાઈ વોરા, મુંબઈ રૂા. ૨,૧૦૦/-
(૫) શ્રી સુધાબેન પ્રફુલભાઈ લાખાણી, કોબા રૂા. ૨,૧૦૦/-
(૬) શ્રી કોકિલાબેન સુરેન્દ્રભાઈ દેસાઈ, અમદાવાદ રૂા. ૨,૧૦૦/-
(૭) શ્રી ડૉ. શીતલબેન રાજેશભાઈ સોનેજી, અમદાવાદ રૂા. ૨,૧૦૦/-
(૮) શ્રી ડૉ. સોહિનીબેન મલ્હારભાઈ સોનેજી, અમદાવાદ રૂા. ૨,૧૦૦/-
(૯) શ્રી સોહમભાઈ રાજેશભાઈ સોનેજી, અમદાવાદ રૂા. ૨,૧૦૦/-
(૧૦) શ્રી પ્રિયંકાબેન સુતરિયા, ચિત્રોડા રૂા. ૨,૧૦૦/-
(૧૧) શ્રી વીણાબેન મહેન્દ્રભાઈ ખંધાર, USA રૂા. ૨,૧૦૦/-
(૧૨) શ્રી જયંતીભાઈ કે. શાહ, હિંમતનગર રૂા. ૨,૧૦૦/-
(૧૩) શ્રી ઊર્મિલાબેન નવીનભાઈ શાહ, મુંબઈ રૂા. ૨,૧૦૦/-
(૧૪) શ્રી હીનાબેન હિતેનભાઈ હરિયા, મુંબઈ રૂા. ૨,૧૦૦/-
(૧૫) શ્રી પદમકુમાર જૈન, અમદાવાદ રૂા. ૨,૧૦૦/-
(૧૬) શ્રી દીનાબેન નીતિનભાઈ પારેખ, મુંબઈ રૂા. ૨,૧૦૦/-
(૧૭) શ્રી પારૂલબેન મશર, વડોદરા રૂા. ૨,૧૦૦/-
(૧૮) શ્રી શીતલબેન મહેન્દ્રભાઈ વોરા, મુંબઈ રૂા. ૨,૧૦૦/-
(૧૯) સ્વ. શ્રી ગુણવંતીબેન મનહરભાઈ જસવાણી, મુંબઈ રૂા. ૨,૧૦૦/-
(૨૦) શ્રી મહેન્દ્રભાઈ મહેતા, પૂના રૂા. ૨,૧૦૦/-

## વૈરાગ્ય સમાચાર

**[૧]** રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સુવિખ્યાત જૈન વિદ્વાન **ડૉ. સંજીવકુમાર ગોધા**નું તા. ૧૭-૦૨-૨૦૨૩ ના રોજ ૪૭ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ અખિલ ભારતીય જૈન સમાજની મહાન વિભૂતિ હતા. તેઓશ્રીએ જૈનદર્શન વિષય પર M.Phil (ગોલ્ડમેડલ) તથા ‘ત્રણ લોક’ વિષય પર Ph.D. કર્યું હતું. દેશ-


વિદેશની અનેકવિધ સંસ્થાઓ દ્વારા તેઓશ્રીને વિવિધ એવોર્ડ, સન્માન, પુરસ્કાર, ઉપાધિથી નવાજવામાં આવ્યા છે. જેમકે પંડિતપ્રવર ટોડરમલ પુરસ્કાર, યુવા વિદ્વત્રત્ન, આદર્શ જૈન યુવા રાષ્ટ્રીય સન્માન, અધ્યાત્મ ચક્રવર્તી, અધ્યાત્મવેત્તા, આચાર્ય સમન્તભદ્ર પુરસ્કાર વગેરે. તેઓશ્રી દ્વારા લિખિત-સંપાદિત ૧૩ પુસ્તકો તથા ૩૦ કરતાં વધુ લેખો પ્રકાશિત થઇ ચૂક્યા છે. તેઓ સને ૧૯૯૮ થી માસિક સામયિક 'વીતરાગ વિજ્ઞાન' ના સહસંપાદક તથા 'જૈન પથપ્રદર્શક' ના સંપાદક તરીકે નિઃસ્વાર્થ સેવાઓ આપી છે.



આ ઉપરાંત તેઓશ્રીએ શ્રી દિગંબર જૈન પંચાયત તેરહપંથ, જયપુરના મહામંત્રી, શ્રી ટોડરમલ દિ. જૈન સિદ્ધાંત મહાવિદ્યાલયના વરિષ્ઠ અધ્યાપક, જૈન અધ્યાત્મ એકેડમી ઓફ નોર્થ અમેરિકાના ડાયરેક્ટર, અખિલ ભારતીય જૈન યુવા ફેડરેશન, રાજસ્થાનના મહામંત્રી તરીકે પ્રશંસનીય સેવાઓ આપી છે.


તેઓ આધ્યાત્મિક પ્રવક્તા તરીકે લોકપ્રિય છે. તેઓની સરળ, સુબોધ અને ઓજસ્વી શૈલી લોકોના આકર્ષણનું કારણ બની છે. તેઓ ૨૮,૦૦૦ થી પણ વધુ સ્વાધ્યાય આપીને જિનવાણીના પ્રચાર-પ્રસારમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે. દેશ-વિદેશમાં પ્રભાવક પ્રવચનો આપીને લોકોમાં ધર્મ પ્રત્યે રુચિ જગાવી છે. પારસ ચેનલ, જિનવાણી ચેનલ તથા આદિનાથ ટી.વી. ચેનલ પર તેઓશ્રીના પ્રવચનોનું પ્રસારણ થતું રહે છે. તેઓશ્રીના દેહાવસાનથી જૈનસમાજને ભારે ખોટ પડી છે. આપણી સંસ્થામાં મૌન પાળીને તેઓશ્રીને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. તેઓશ્રીનો પાવન આત્મા થોડા ભવમાં મોક્ષમાર્ગની યાત્રા પૂર્ણ કરી, પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

**[૨] પર્લી :** પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના અનન્ય ભક્ત, શ્રીમદ્ રાજચંદ્ર આત્મતત્ત્વ રિસર્ચ સેન્ટર, રાજનગર, પર્લી (મહારાષ્ટ્ર) ના પ્રણેતા, તત્ત્વજ્ઞ **પૂજ્ય પપ્પાજી (પૂ.પ્રવીણભાઈ મહેતા)** એ તા. ૧૭-૨-૨૦૨૩ ના રોજ ૯૭ વર્ષની વયે સમાધિપૂર્વક પાર્થિવ દેહનો ત્યાગ કર્યો છે. તેઓશ્રીએ વીતરાગ વિજ્ઞાનની સાચી સમજણ થકી મુમુક્ષુઓને વીતરાગ માર્ગે આગળ વધારવામાં યશસ્વી યોગદાન આપ્યું છે. આ ઉપરાંત રિસર્ચ સેન્ટર દ્વારા અનેક પ્રકારના દુઃખોથી પીડિત માનવીઓની નિઃસ્વાર્થ સેવાનું પણ ઉત્તમ કાર્ય કરવામાં આવે છે; જે અંતર્ગત શ્રમિક નારીસંઘ દ્વારા આદિવાસી મહિલાઓને રોજગાર, સાત્ત્વિક ભોજન તથા સ્વાસ્થ્ય સંરક્ષણની જોગવાઈ, શ્રી રાજ એજ્યુકેશન સેન્ટર દ્વારા ગ્રામીણ બાળકોના શિક્ષણ અર્થે આધુનિક અંગ્રેજી શાળાની સ્થાપના, શ્રી રાજ મેડિકલ સેન્ટર દ્વારા ગ્રામીણ નાગરિકોના શારીરિક રોગોનો ઉપચાર તથા શ્રી રાજ રોટી સેન્ટર દ્વારા અત્યંત ઓછા શુલ્કથી ગરીબોને રોજ એક ટંક સાત્ત્વિક ભોજનની ઉપલબ્ધિ જેવા સેવાકાર્યોનો સમાવેશ થાય છે.



પૂજ્ય પપ્પાજીએ દેશ-વિદેશમાં અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોને સત્સંગ-સત્સમાગમ દ્વારા વીતરાગમાર્ગે સત્પુરુષાર્થ કરાવ્યો. તેઓએ આત્મસિદ્ધિને વરવા માંગતા અનેક સાધકોને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ગહન વિષયોને સરળ ઉદાહરણ સહિત સમજણ આપતી તેઓની આગવી વિશિષ્ટ શૈલી હૃદયસ્પર્શી બની જતી. તેઓશ્રીએ ભક્તિમાર્ગનું રહસ્ય, નિર્વાણમાર્ગનું રહસ્ય, સમકિતનું સરનામું, આત્માના છ પદની સમજણ, શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર જેવા ગૂઢ વિષયો પર આપેલા તેઓના પ્રવચનો મુમુક્ષુ ભાઈ-બહેનોને અત્યંત લાભદાયક સિદ્ધ થયા છે. તેઓશ્રીના દેહાવસાનથી મુમુક્ષુ સમાજને-રાજપરિવારને ભારે ખોટ પડી છે. તેઓશ્રીનો પુનિત આત્મા થોડા જ ભવમાં પરમપદની પ્રાપ્તિ કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને

હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



**[૩] મુંબઈ :** આપણી સંસ્થામાં અવારનવાર પધારીને સત્સંગ-ભક્તિનો લાભ લેતાં સેવાભાવી સાધક આદ. શ્રી પારુબેન શરદભાઈ જશવાણીના પિતાશ્રી **ચંદુલાલ પોપટલાલ વોરા**નું તા. ૦૩-૦૩-૨૦૨૩ ના રોજ ૯૩ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ સ્વભાવે સરળ અને શાંતવૃત્તિના હતા. તેઓ સંસ્થામાં પૂજ્યશ્રીના સત્સંગનો અવારનવાર લાભ લેતા હતા. તેઓશ્રીએ પોતાના જીવનમાં ધર્મને વિશેષ સ્થાન આપ્યું હતું. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ પરમ શાંતિ આપે અને આગામી થોડા ભવમાં પરમપદને પ્રાપ્ત કરે તેવી સમગ્ર કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

## શ્રી સદ્ગુરુપ્રસાદ ... પાના નં. ૫ પરથી ચાલુ...

સમજવામાં છે. કોઈ બાઈ, ભાઈ પર કલંકની વાત ચડાવતાં આટલો બધો રાજીપો રાખો છો તેમાં ક્યાંક માઠું થઈ જશે. મારી સાથે તમારે વધારે વાત ન કરવી. તમારે તમારું કરવું. એવી રીતે યોગ્ય ભાષામાં અવસર દેખાય ત્યારે કહેવું. બાકી શાંત રહેવું. મનમાં મુઝાવું નહીં. ઉપાશ્રયે જવું, ન જવું, સાણંદ જવું, ન જવું તે અવસરોચિત જેમ તમને લાગે તેમ કરશો. પણ મુખ્યપણે શાંત રહેશો અને સિદ્ધ કરી દેવા સંબંધી કાંઈ પણ ચોખવટ પર ધ્યાન આપશો નહીં. એવું ધૈર્ય રાખી, આત્માર્થમાં નિર્ભય રહેજો.

વાત લાવનારને કહેવું કે મનની કલ્પિત વાતો શા માટે ચલાવો છે ? કંઈક પરમેશ્વરી ડર રાખો તો સારું. એમ યોગ્ય શબ્દોમાં કહેવું, આત્માર્થમાં પ્રયત્ન કરવું.

## સમ્યક્ તપ ... પાના નં. ૧૩ પરથી ચાલુ...

યથાર્થ છે તે તો બધુ શ્રીગુરુઓનું છે તથા દોષયુક્ત જો હોય તો તે અમારી અલ્પમતિની ઉપજ છે. કારણ કે અમારી અલ્પમતિથી જેટલો જિનાદેશ સમજમાં આવ્યો તેના આધારે જ આ સ્વાન્તઃ સુખાય લખ્યું છે, માટે સુજ્ઞજનો તેમાં દોષ દેખાય તો તેને ગ્રહણ ન કરતા સુધારીને ગ્રહણ કરે અને અમને ક્ષમાપાત્ર સમજીને માફ કરે, કારણ કે અમારો અભિપ્રાય નિર્મળ છે તથા ગૌણરૂપથી આ ગ્રંથ તે ધર્મપ્રિય જિજ્ઞાસુઓ માટે લખાયું છે કે જે અત્યંત પ્રજ્ઞાવંત આચાર્યો દ્વારા રચિત શાસ્ત્રો સમજવામાં ઓછા સમર્થ છે તેમના માટે આ વિનમ્ર પ્રયત્ન હિતકારી થાય એ અમ અંતરની શુભ પવિત્ર ભાવના છે ! અસ્તુ !

**મહાપુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો ! સર્વ અરિહંતોની જય હો, સર્વ સિદ્ધોની જય હો, સર્વ આચાર્યોની જય હો, સર્વ ઉપાધ્યાયોની જય હો, સર્વ સાધુઓની જય હો, દ્વાદશાંગી જિનવાણી માતાની જય હો, જૈનેન્દ્ર ધર્મચક્ર સર્વદા જયવંત રહો !**

ૐ **શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ** (ક્રમશઃ)

## મેરી ભાવના - એક અનુચિંતન ... પાના નં. ૯ પરથી ચાલુ...

આવો મહાપુરુષોનો દઢ નિશ્ચય તે જ તેમનો પ્રામાણિક, પ્રબુદ્ધ અને પરાક્રમયુક્ત પુરુષાર્થ છે. આવું ઉત્તમ ચારિત્ર આપણા સૌની ધર્મભાવનાને દઢ કરે છે તથા મોક્ષમાર્ગમાં નિર્ભય અને નીડર બનાવે છે.

**અંતમંગળ :**

સહજાનંદી શુદ્ધ સ્વરૂપી અવિનાશી હું આત્મ સ્વરૂપ,
દેહ વિનાશી હું અવિનાશી આનંદઘન હું આત્મા,
દેહ મરે છે હું નથી મરતો અજરઅમર પદ મ્હારું.

**શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ**





પૂજ્ય ૧૦૮ આચાર્યશ્રી ચંદ્રસાગરજી મહારાજનું સંસ્થામાં શુભાગમન





સંસ્થામાં યોજાયેલ 'હેલ્થ ચેક અપ કેમ્પ' વેળાએ



શ્રી સમાધિભવન - રાજકોટ




શ્રી મોદી સ્કૂલ - રાજકોટ



સ્વાધ્યાયહોલમાં સ્ટીલના કબાટોના અર્પણ વેળાએ



ગુરુકુળના બાળકોને પ્રભાવના

**Registered under RNI No. : GUJGUJ/2008/25883**

Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal Regd. No. : L-5-131-GAMC-309/2021-2023
issued by SSP Ahmedabad Valid upto 31-12-2023 - Publication Date 15th of every month

**ઉનાળાની ઋતુમાં ગરમીનો પ્રકોપ વધશે. પાણીના અભાવમાં કોઇ પશુ-પક્ષી મૃત્યુ ન પામે તે હેતુથી આપના ઘરના આંગણે, વરંડા કે અગાસી પર પાણીથી ભરેલા કૂંડા તથા પક્ષીઓ માટે ચણ  મૂકવા માટે કોબા પરિવાર આપને નમ્ર નિવેદન કરે છે.**



**આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા**

૧ 'દિવ્યધ્વનિ' માર્ચ - ૨૦૨૩ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ

**શ્રી હિનાબેન હિતેનભાઈ હરિયા, ઘાટકોપર (મુંબઈ)**

હસ્તે : અવની વિશાલ દેઢિયા (મુંબઈ), કૃતિકા સર્વ વાણી (લંડન-યુ.કે.), ચિ. રૂહી, ચિ. પ્રીશ
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૨ 'દિવ્યધ્વનિ' માર્ચ - ૨૦૨૩ ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/- નો આર્થિક સહયોગ

**સ્વ. કમળાબેન રતિલાલ શાહના સ્મરણાર્થે**

હસ્તે : ડૉ. સરલા શાહ, અમદાવાદ
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

**Printed & Published by** Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
**Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra** - Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat).
Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. **Editor :** Shri Mitesh A. Shah

To,